RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૧    શનિવાર તા.૧૨-૦૯-૨૦૨૬    અંક : ૬૯ વર્ષ : ૨૨    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ૧૦ વર્ષ પછી ભારતમાં સાથે દેખાશે મોદી-પુતિન-જિનપિંગ

## બ્રિક્સની ઈકોનોમી અમેરિકા કરતાં ૩ ગણી મોટી, ૨૦ દેશોના નેતાઓ પણ સામેલ થશે



નવીદિલ્હી

BRICS સમિટ આજે શનિવારથી નવી દિલ્હીમાં શરૂ થવા જઈ રહી છે. ભારતમાં યોજાનાર BRICS સમિટમાં ૧૦ વર્ષ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ એકસાથે જોવા મળશે. આ ત્રણેય નેતાઓ આ પહેલા ૨૦૧૬માં ગોવામાં યોજાયેલા BRICS સમિટમાં એકસાથે સામેલ થયા હતા.

સમિટમાં BRICSના ૧૧ સભ્ય દેશો ઉપરાંત ૧૦ ભાગીદાર દેશોના નેતાઓ પણ સામેલ થશે. BRICSની તાકાતને માત્ર સભ્ય દેશોની સંખ્યાથી જ નહીં, પરંતુ તેમની વસ્તી અને અર્થતંત્રથી પણ સમજી શકાય છે. ૧૧ સભ્ય દેશોમાં દુનિયાની લગભગ ૪૯.૫% વસ્તી રહે છે. એટલે કે દુનિયાના લગભગ દર બેમાંથી એક વ્યક્તિ BRICS દેશોમાં રહે છે. અર્થતંત્રની વાત કરીએ તો PPP એટલે કે ખરીદ શક્તિના આધારે BRICS દેશોનું કુલ અર્થતંત્ર દુનિયાનું લગભગ ૩૯% છે. આ અમેરિકાના અર્થતંત્રની સરખામણીમાં લગભગ ૩ ગણું છે.

### પશ્ચિમી દેશો માટે ઓનલાઈન પેમેન્ટ પર ભાર મુકાશે

BRICS દેશો હવે એકબીજા સાથે વેપાર કરતી વખતે ડોલરનો ઉપયોગ ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ માટે તેઓ એકબીજાની પોતાની કરન્સીમાં લેણદેણ વધારવા માંગે છે.આ સાથે અલગ-અલગ દેશોના ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમને એકબીજા સાથે જોડવા પર પણ કામ ચાલી રહ્યું છે. જોકે, હાલમાં BRICS પાસે પોતાની કોઈ એક પેમેન્ટ સિસ્ટમ કે એક સામાન્ય કરન્સી નથી.

આ વર્ષે ભારતની અધ્યક્ષતામાં યોજાનારી BRICS સમિટમાં પણ પોતાની કરન્સીમાં વેપાર અને સરળ ઓનલાઈન પેમેન્ટ પર ભાર મૂકવામાં આવશે. ભારત ઈચ્છે છે કે BRICS દેશોની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને તેમની ડિજિટલ કરન્સીને એકબીજા સાથે જોડવામાં આવે.આનાથી એક દેશમાંથી બીજા દેશમાં પૈસા મોકલવા સરળ બની શકે છે અને દર વખતે ડોલરની જરૂરિયાત ઓછી થઈ શકે છે.

### બ્રિક્સ સમિટમાં વડાપ્રધાનની વન ટુ વન બેઠક, અને કાર્યક્રમ

આજે ભારતમાં BRICS દેશોના ૧૮મા શિખર સંમેલનનું આયોજન થવા જઈ રહ્યું છે. પુતિન અને ઈરાનના પ્રમુખ પહેલાથી જ ભારતમાં આવી ચૂક્યા છે ત્યારે આજે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ ભારત આવી પહોંચશે. વડાપ્રધાન મોદી BRICS દેશોના જુદા જુદા પ્રમુખ સાથે બેઠક કરીને અનેક મહત્ત્વના કરારો કરી દુનિયાને મોટો સંદેશ આપવા જઈ રહ્યા છે. વડાપ્રધાન મોદી બપોર સુધીમાં વિવિધ નેતાઓ સાથે બેઠક કરશે જેમાં ઈથિયોપિયાના વડાપ્રધાન અબિય અહમદ અલી, મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ, અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલીદ બિન મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન તેમજ વિયેતનામના નેતા લે મિન્હ હંગ સાથે બેઠક યોજાશે. આ જ સમયે રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની ઈરાની સમકક્ષ મસૂદ પેઝેશ્કિયાન સાથે બેઠક યોજાશે.

બપોરે ૨:૦૦ વાગ્યે BRICS શિખર સંમેલનના મુખ્ય કાર્યક્રમ અંતર્ગત BRICS સભ્ય દેશોના નેતાઓનું ભારત મંડપમના લેવલ ૨ પર આગમન થશે. બપોરે ૨:૩૫ વાગ્યે સમિટ હોલમાં "Inclusive Global Governance and Strengthening Multilateralism" વિષય પર ક્લૉઝ સેશન યોજાશે.સાંજે ૪:૨૫ વાગ્યે : નેતાઓ ભારત મંડપમના હોલ ૧૪ માં 'Bharat Innovates Exhibition' નું અવલોકન કરશે. સાંજે ૫:૦૫ વાગ્યે ભારત મંડપમની બહારના લોનમાં ફેમિલી ફોટો થશે અને ૫:૧૦ વાગ્યે સંયુક્ત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.અને સાંજે ૫:૪૫ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની દ્વિપક્ષીય બેઠક ભારત મંડપમમાં થશે તેમજ રાત્રે ૭:૩૦ વાગ્યે વડાપ્રધાનની યજમાનીમાં ભારત મંડપમના લેવલ ૩ પર ગાલા ડિનરનું આયોજન કરવામાં આવશે.

# PAના ઘરે EDના દરોડા બાદ હરીશ રાવતનું CWC માંથી રાજીનામું

નવીદિલ્હી,

ED એ ૨૦૧૬ના ગ્રામ પંચાયત વિકાસ અધિકારી પરીક્ષા કૌભાંડમાં દેહરાદૂન સહિત વિવિધ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરોડામાં ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતના પીએ ચંદનસિંહ જીનાનું ઘર પણ સામેલ હતું. તપાસ દરમિયાન ED ને ૩૨ લાખની બિનહિસાબી રોકડ, આશરે ૨૦૦.૫ ગ્રામ સોનું અને ૧૨ લક્ઝરી ઘડિયાળો મળી આવી હતી. ઉપરાંત, એજન્સીએ જીના અને તેમના પરિવારના બેંક ખાતાઓમાં ૫૨.૧ લાખ પણ ફ્રીઝ કર્યા છે અને તેમનો મોબાઈલ ફોન ફોરેન્સિક તપાસ માટે જપ્ત કર્યો છે.

દરોડા બાદ હરીશ રાવતે જણાવ્યું હતું કે તેમના સહયોગી પર લાગેલા આરોપો જો સાબિત થશે તો તે શરમજનક બાબત હશે, પરંતુ તેઓ હાલ આ આરોપોને માનતા નથી. તેમણે આ કાર્યવાહીને રાજકીય ષડયંત્ર ગણાવતા આરોપ લગાવ્યો હતો કે ચૂંટણીનું વાતાવરણ ખરાબ કરવા માટે આ રમત રમાઈ રહી છે. પાર્ટીની વિશ્વસનીયતા જાળવવા માટે તેમણે રાજ્ય કારોબારી અને કોંગ્રેસ કાર્યકારી સમિતિમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે.

# પેસિફિક મહાસાગરમાં અલ નીનો મજબૂત થવાના એંધાણ

## ઈસરોના સેટેલાઈટે આપ્યા ચોંકાવનારા સંકેત, પેસિફિક મહાસાગરમાંઅલ નીનોની સ્થિતિના કારણે દરિયાઈ જૈવિક ઉત્પાદકતામાં સ્પષ્ટ ઘટાડો થયો

શ્રી હરિકોટા,

દેશ અને દુનિયામાં 'અલનીનોનું જોખમ' તોળાઈ રહ્યું છે ત્યારે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્નેગાઈઝેશન (ઈસરો)એ એક સેટેલાઈટ ઈમેજ શૅર કરીને ચોંકાવનારી વિગતો શૅર કરી દીધી છે. સેટેલાઈટ ઈમેજમાંથી એવી વિગત મળી છે, જેમાં પેસેફિક મહાસાગરમાં આવેલા પરિવર્તનને સરળતાથી નોંધી શકાય છે. પૃથ્વનીની સપાટીથી ૭૪૧ કિમી દૂર આવેલા એક સેટેલાઈટમાંથી ઈમેજ લેવામાં આવી છે, જેમાં ભારતીય સેટેલાઈટે એક અલીનોના સંકેત આપ્યા છે.

આ ભારતીય સેટેલાઈટ અલનીનોની દરેક મુવમેન્ટ પર બારિકીથી નજર રાખી રહ્યો છે. વરસાદની પેટર્નમાં બદલાવ અને ભારતીય મોન્સુન પર આની અસર મહેસુસ થાય એ પહેલા જ ISRના EOS-06 સેટેલાઈટ પેસિફિક મહાસાગરમાં થઈ રહેલા બદલાવની સંકેતો આપ્યા છે.

એટલું જ નહીં પેસિફિક મહાસાગરના વાતાવરણમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે. આ સંકેત એવું સાબિત કરે છે કે, દુનિયાના વાતાવરણમાં એક મોટો ફેરફાર થાય એવા પૂરા એંધાણ છે. આની પાછળ અલનીનોની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. એક સિસ્ટમ તૈયાર થઈ રહી છે વિજ્ઞાનીઓનું એવું માનવું છે કે આવનારા મહિનાઓમાં આ સિસ્ટમ મજબૂત બની શકે છે અને આગળ પણ વધી શકે એમ છે. આની અસર થવાની હજુ બાકી છે.

ઈસરોના આ રિપોર્ટ વિશ્વ હવામાન સંગઠનના એક રિપોર્ટ સાથે મેચ થઈ રહ્યા છે. જુન ૨૦૨૬માં વિશ્વ હવામાન સંગઠને જણાવ્યું હતું કે,અલનીનો મજબૂત થઈ શકે છે. આ શક્યતા ૮૦ ટકા સુધીની છે. આ નવું મોડલ મજબૂત અલીનીનો તરફ ઈશારો કરે છે. જુલાઈના અંત મહિના સુધીમાં સંગઠને અનુમાન કર્યું હતું કે, આ સ્થિતિ ઝડપથી મજબૂત બની રહી છે. ઑક્ટોબરમાં આની અસર જોવા મળી શકે છે. EOS-06ના ડેટા દર્શાવે છે કે, વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરમાં અલ નીનોની સ્થિતિના કારણે દરિયાઈ જૈવિક ઉત્પાદકતામાં સ્પષ્ટ ઘટાડો થયો છે.

# ગુજરાત રાજ્યમાં પ્રથમ અને દેશનો બીજો નેપિયર ઘાસમાંથી CNG LLP પ્લાન્ટ અમરેલીમાં સ્થાપશે

## ખેડૂતોને નેપિયર ઘાસની સીધી આવક અને સ્થાનિક યુવાઓને રોજગારી મળવાની આશા ઉજ્જવળ બની છે ગુજરાતના અમરેલી જિલ્લામાં ગ્રીન એનર્જી ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પહેલ થવા જઈ રહી છે



અમરેલી,

અમરેલીના ખેડૂતના દીકરાએ ખેડૂતોના ખેત ઉત્પાદનની વેદનાઓ સમજીને ખેડૂતો માટે ગ્રીન ક્રાંતિની શરૂઆત કરી છે અને નેપિયર ઘાસમાંથી CNG ગેસ બનાવવાનું ભગીરથ કાર્ય ગુજરાત રાજ્યમાં પ્રથમ અને દેશનો બીજો નેપિયર ઘાસમાંથી CNG LLP પ્લાન્ટ સ્થાપશે. અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના શેડુભાર ગામે બની રહ્યો છે ગોપીનાથ બાયો CNG લ્લ્પ પ્લાન્ટ જે ખેડૂતોને નેપિયર ઘાસની સીધી આવક અને સ્થાનિક યુવાઓને રોજગારી મળવાની આશા ઉજ્જવળ બની છે ગુજરાતના અમરેલી જિલ્લામાં ગ્રીન એનર્જી ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પહેલ થવા જઈ રહી છે.

અમરેલી તાલુકાના શેડુભાર ગામે ગોપીનાથ બાયો CNG LLP પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ ગુજરાતનો પ્રથમ અને ભારતનો બીજો એવો પ્લાન્ટ હશે, જેમાં મુખ્યત્વે નેપિયર ઘાસ સહિત વિવિધ કૃષિ અવશેષોમાંથી બાયો CNG LLP ઉત્પાદન કરવામાં આવશે.કરોડોના ખર્ચે તૈયાર થઈ રહેલો આ પ્લાન્ટ આગામી આઠ મહિનામાં કાર્યરત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્લાન્ટ શરૂ થયા બાદ ખેડૂતોને કૃષિ આધારિત આવકનું નવું સાધન મળી શકે છે. ખાસ કરીને નેપિયર ઘાસની ખેતી કરતા ખેડૂતોને પ્લાન્ટ માટે ઘાસનું સીધું વેચાણ કરવાની તક મળશે. બીજી તરફ, પ્લાન્ટના સંચાલન, કાચા માલના સંગ્રહ, કાપણી, પેકિંગ, પરિવહન સહિતની વિવિધ કામગીરીમાં સ્થાનિક યુવાઓ અને અન્ય લોકોને રોજગારીની તકો ઊભી થવાની શક્યતા છે.

આ પ્લાન્ટના સંચાલક જતીન મનસુખભાઈ ગજેરા, જેઓ મૂળ અમરેલી નજીક આવેલ શેડુભાર ગામના વતની છે. અને હાલ તેઓ અમદાવાદ ખાતે રહે છે, તેમના જણાવ્યા મુજબ તેમનો મૂળ વ્યવસાય કન્સ્ટ્રક્શનનો છે. પરંતુ પોતાના વતન અને વિસ્તારના ખેડૂતોને લાભ મળે તેમજ સ્થાનિક સ્તરે રોજગારી ઊભી થાય તે હેતુથી બાયો-CNG LLP ક્ષેત્રમાં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટની ખાસિયત એ રહેશે કે, તેમાં બાયો-વેસ્ટ અને કૃષિ અવશેષોનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં ખાસ કરીને ઘઉં અને ચણાનું પરાળ, કપાસ તથા એરંડાના સાથી અને નેપિયર ઘાસનો ઉપયોગ કરવામાં આવશે. ખેતીમાંથી નીકળતા આવા અવશેષોને યોગ્ય રીતે ઉપયોગમાં લઈ ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરવાનો પ્રયાસ કરવામાં આવશે.




**NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public Offer of its Equity Shares and has filed a red herring prospectus dated September 10, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com; JM Financial Limited at www.jmfl.com; Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india; Citigroup Global Markets India Private Limited at https://www.citigroup.com/global/about-us/globalpresence/india; HSBC Securities and Capital Markets (India) Private Limited at www.business.hsbc.co.in; J.P. Morgan India Private Limited at www.jpmipl.com; Anand Rathi Advisors Limited at www.anandrathiib.com; Avendus Capital Private Limited at www.avendus.com; Axis Capital Limited at www.axiscapital.co.in; DAM Capital Advisors Limited at www.damcapital.in; Equirus Capital Limited (*formerly known as Equirus Capital Private Limited*) at www.equirus.com; HDFC Bank Limited at www.hdfc.bank.in; ICICI Securities Limited at www.icicisecurities.com; IDBI Capital Markets & Securities Limited at www.idbicapital.com; IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*) at www.iiflcapital.com; Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com; Nuvama Wealth Management Limited at www.nuvama.com; Pantomath Capital Advisors Private Limited at www.pantomathcapital.com, 360 ONE WAM Limited at www.360.one and SBI Capital Markets Limited at www.sbicaps.com, the website of BSE at www.bseindia.com and the website of our Company at www.nseindia.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section "*Risk Factors*" beginning on page 26 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC, the SEBI and the Stock Exchange.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "U.S. QIBs" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.

# ઓગસ્ટમાં ઈ-કારના વેચાણમાં ૫૨ અને ટુ-વ્હીલરમાં ૬૭%નો વધારો

## તહેવારોમાં ઈલેક્ટ્રિક પેસેન્જર, ટુ-વ્હીલર વાહનના વેચાણમાં વૃદ્ધિ

અમદાવાદ,

દેશમાં ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ સતત વધી રહ્યું છે. તહેવારોની મોસમ પહેલા, ઈલેક્ટ્રિક પેસેન્જર વાહન અને ટુ-વ્હીલરના વેચાણમાં વાર્ષિક ધોરણે મજબૂત વૃદ્ધિ નોંધાઈ હતી. જોકે, ક્વાર્ટર-દર-ક્વાર્ટર નોંધણીમાં થોડો ઘટાડો થયો હતો.

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટા અનુસાર, ઓગસ્ટમાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોનું રિટેલ વેચાણ ૫૧.૯% વધીને ૩૦,૬૯૬ વાહનો થયું છે જે ગયા વર્ષે ૨૦,૨૧૩ વાહનો હતું. કુલ પેસેન્જર વાહનના રિટેલ વેચાણમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો હવે વધીને ૭.૬% થયો છે, જે ગયા વર્ષે ઓગસ્ટમાં ૫.૮% હતો.ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર શ્રેણીમાં વધુ ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. ગયા વર્ષે ૧૦૯,૬૨૮ યુનિટની સરખામણીમાં નોંધણી ૬૭.૧% વધીને ૧૮૩,૨૦૪ વાહનો થઈ હતી. ટુ-વ્હીલર કેટેગરીમાં ઈવી વિસ્તરણ ૧૦.૭% હતું, જે ગયા વર્ષે ૭.૭% હતું. જોકે, જુલાઈની સરખામણીમાં બંને કેટેગરીમાં થોડી મંદીનો અનુભવ થયો.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)

FIXED DEPOSIT ના
નવા આકર્ષક વ્યાજદર

વ્યાજદર ૭.૭૫ %

૩ વર્ષથી વધુ ૫ વર્ષ સુધી

સિનીયર સીટીઝન તેમજ બલ્ક ડિપોઝિટ માટે

નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં
મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો

નાના માણસની મોટી બેંક    સહકારથી સમૃદ્ધિ

# રખડતા શ્વાન મામલે ગુજરાત હાઈકોર્ટની ટકોર; દરેક વોર્ડમાં શ્વાનની 'ટેરિટરી' નક્કી કરવા AMCને નિર્દેશ

## રખડતા શ્વાનના મુદ્દે સુપ્રીમ કોર્ટના હુકમ બાદ ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલી સુઓમોટો અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી

અમદાવાદ,

જાહેર સ્થળો પર રખડતા શ્વાનના મુદ્દે સુપ્રીમ કોર્ટના હુકમ બાદ હવે ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલી સુઓમોટો અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન રખડતા શ્વાનના નિયંત્રણ અને લોકોની સુરક્ષાને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને મહત્વના નિર્દેશ આપવામાં આવ્યા હતા.



આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રખડતા શ્વાનની સમસ્યાને લઈને મહત્વપૂર્ણ સૂચનાઓ આપી હતી. કોર્ટે રખડતા શ્વાનોની હદ એટલે કે 'ટેરિટરી' નક્કી કરવા તેમજ શ્વાનને ખોરાક આપતા શ્વાન મિત્રોની પણ ઓળખ કરવા નિર્દેશ આપ્યો હતો.

હાઈકોર્ટે રખડતા શ્વાનોની સમસ્યાના ઉકેલ માટે માત્ર આડેધડ કાર્યવાહી કરવાને બદલે નક્કર અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા સૂચના આપી હતી. કોર્ટે દરેક વોર્ડમાં રખડતા શ્વાનોની ટેરીટરી નક્કી કરી તે મુજબ કામગીરી કરવા પણ નિર્દેશ આપ્યો હતો. કોર્ટે રખડતા શ્વાનોને ઓળખવા માટે 'શ્વાન મિત્રો'ની ઓળખ કરવાની જરૂરિયાત દર્શાવી હતી. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે ભિક્ષુકો અને રખડતા શ્વાનો અનેક વખત સાથે જોવા મળે છે અને તેઓ સાથે જમતા પણ હોય છે. મોર્નિંગ વોક માટે નીકળતા લોકો પણ ઘણી વખત હાથમાં બિસ્કિટ સહિતની ખાદ્ય વસ્તુઓ લઈને નીકળતા હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને રખડતા શ્વાનોની ટેરીટરી અને તેમની સંભાળ રાખતા લોકોની ઓળખ કરવી જરૂરી હોવાનું કોર્ટના અવલોકનમાંથી સામે આવ્યું હતું.

છસ્ઝ તરફથી મુખ્ય સરકારી વકીલ જી. એચ. વિર્કએ કોર્ટને કામગીરી અંગેની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રાથમિક ધોરણે વસ્ત્રાપુર વિસ્તારમાં કામગીરી શરૂ કરવામાં આવી છે. વિવિધ સોસાયટીઓમાં કેટલા શ્વાન છે તેની ગણતરી કરવામાં આવી રહી છે અને આ આંકડાના આધારે આગળની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. મુખ્ય સરકારી વકીલ જી એચ વિર્કે કોર્ટને વધુમાં જણાવ્યું હતું કે, ચાર લોકોના ગ્રુપ દ્વારા વૈજ્ઞાનિક ઢબે કામગીરી કરવામાં આવી રહી છે.

# પંદરમી ગુજરાત વિધાનસભા સત્રમાં ૭ મહત્વપૂર્ણ સરકારી વિધેયકો પસાર કરાયા

## ૩ દિવસ દરમિયાન ત્રણ બેઠકમાં ૧૮ કલાક ૩૨ મિનિટ સુધી કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર,

૧૫મી ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર એટલે કે, ત્રણ દિવસીય ચોમાસું સત્ર અત્યંત શાંતિપૂર્ણ માહોલમાં અને લોકહિતના કાર્યો સાથે સફળતાપૂર્વક અને અર્થપૂર્ણ રીતે સંપન્ન થયું છે. સત્રની સફળ સમાપ્તિ બાદ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, પક્ષ-વિપક્ષના તમામ માનનીય ધારાસભ્યો તેમજ સરકારી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રવક્તા મંત્રીશ્રીએ ત્રણ દિવસીય ચોમાસું સત્ર દરમિયાન ગૃહમાં થયેલી વિવિધ કામગીરી વિગતવાર રજૂ કરતા કહ્યું હતું કે, આ સત્ર દરમિયાન સભાગૃહની કુલ ૩ બેઠકો મળી હતી. જેમાં કુલ ૧૮ કલાક અને ૩૨ મિનિટ સુધી લોકહિતની વિવિધ કામગીરી કરવામાં આવી હતી. જેમાં, કુલ બાવન (૫૨) ધારાસભ્યશ્રીઓ દ્વારા જુદી જુદી ચર્ચાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

સૌથી મહત્વપૂર્ણ બાબત એ રહી કે, માત્ર બે જ દિવસમાં રાજ્યના વિકાસ અને પ્રજાકલ્યાણ લક્ષી કુલ ૭ સરકારી વિધેયકો વિધાનસભા ગૃહ પસાર કરવામાં આવ્યા છે, જે લોકહિતના કાર્યોમાં સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વધુમાં, નિયમ-૪૪ અન્વયે જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સભાગૃહમાં નિવેદન આપવામાં આવ્યું હતું.

આટલું જ નહીં, સત્રના છેલ્લા દિવસે નિયમ-૧૦૨ હેઠળ "જનજાતીય કલ્યાણ યોજના" પર ખાસ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત, નિયમ-૧૧૬ હેઠળ જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રી દ્વારા નિવેદન પણ આપવામા આવ્યું હતું. સત્ર દરમિયાન સ્વર્ગસ્થ થયેલા ૫ મહાનુભાવો પ્રત્યે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે રાજ્ય સરકારની તૈયારીઓ તેજ : ૩૦૧ કરોડની માતબર ફાળવણી

## કોમનવેલ્થ ગેમ્સના માધ્યમથી ગુજરાત ફરી એકવાર પોતાની સંગઠન શક્તિ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રદર્શન વિશ્વ સમક્ષ કરશે

અમદાવાદ,

ગુજરાત રાજ્ય રમતગમત ક્ષેત્રે વૈશ્વિક ફલક પર પોતાની ઓળખ વધુ મજબૂત કરવા જઈ રહ્યું છે. ગુજરાતને વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળી છે. આ ભવ્ય આંતરરાષ્ટ્રીય રમત મહોત્સવના સફળ આયોજન માટે રાજ્ય સરકારે અત્યારથી જ વ્યાપક સ્તરે કામગીરી શરૂ કરી દીધી છે. જે અંગે આજે વિધાનસભામાં રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર છેલ્લા એક વર્ષમાં આ દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. રમતોના આયોજન માટે હોસ્ટ કોલોબ્રેશન એગ્રીમેન્ટ કરવામાં



આવ્યો છે અને તે અંતર્ગત જરૂરી હોસ્ટ ફીની ચુકવણી પણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ રોજ રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરીને અમદાવાદ ૨૦૩૦ કોમનવેલ્સ ગેમ સંગઠન નામની કંપનીની રચના કરવામાં આવી છે. આ કંપની એક્ટ-૨૦૧૩ની કલમ- ૮ હેઠળ નોંધાયેલી આ સંસ્થા ૨૦૩૦ની રમતોના આયોજન અને સંચાલન માટે સંપૂર્ણ જવાબદારી સંભાળશે. આ આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે રાજ્ય સરકારે આર્થિક જોગવાઈઓમાં પણ કોઈ કસર છોડી નથી. છેલ્લા એક વર્ષમાં આ હેતુ માટે કુલ ૩૦૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત આયોજન માટે મહેસૂલી ખર્ચ ૧૦૦ કરોડ કરાયો છે. જ્યારે હોસ્ટ કોલોબ્રેશન એગ્રીમેન્ટ મુજબ હોસ્ટ ફી ૨૦૦ કરોડ જોગવાઈ તેમજ આયોજન માટે મૂડી સદરે ટોકન જોગવાઈ ૧ કરોડ જોગવાઈ કરવામાં આવી છે.

# આઝાદી પછી પ્રથમવાર 'ટુકડા ધારા-૧૯૪૭'માં કરાયા વ્યાપક સુધારા; ૭૫ વર્ષ જૂની જટીલતાનો અંત આવશે

## ગુજરાત ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વિધેયક, ૨૦૨૬ વિધાનસભામાં સર્વાનુમતે પસાર

ગાંધીનગર,

આ સુધારા વિધેયકમાં ૧૯૪૮ થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ -વિનિયમિત કરવામાં આવશે. આ વિધેયકમાં ઉમેરવામાં આવેલી નવી કલમ-૫(૪)નો ઉપયોગ કરી રાજ્ય સરકાર દ્વારા તમામ લોકલ એરીયામાં એક સમાન ક્ષેત્રફળ ૧૦ ગુંઠા (૧૦૧૨ ચો.મી) નક્કી કરેલ છે. આ સુધારાથી જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે. શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણ મુક્ત થશે અને સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ મળશે તેમ વિધાનસભા ગૃહમાં મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

મહેસૂલ વિભાગ દ્વારા ખેડૂતો અને સામાન્ય નાગરિકોના હિતમાં મહેસૂલ વિભાગ વતી મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા "ગુજરાત ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વિધેયક, ૨૦૨૬" ગુજરાત વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું તેને આજે વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર "વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત અને ઈક્રજીર્ક ર્દ્બેહક્ષ હ્વૈજૈહીજજ"ના સંકલ્પ સાથે આગળ વધી રહી છે.

આ વિધેયકથી રાજ્યના લાખો ખેડૂતો અને જમીન ધારકોને મોટી રાહત મળશે. રાજ્ય સરકારે ઉદારતા દાખવીને નિર્ણય કર્યો છે કે, વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધીમાં, જે કિસ્સાઓમાં જમીનના નિયમ કરતા નાના ટુકડા પડ્યા હોય અથવા કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તેવા તમામ જૂના ભંગને કોઈપણ પ્રકારનો દંડ વસૂલ્યા વગર નિયમબદ્ધ એટલે કે 'રેગ્યુલાઈઝ' કરવામાં આવશે.

વિધેયક લાવવા પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં મંત્રીશ્રીએ કહ્યું કે અત્યાર સુધી જંત્રીના ૧૦ ટકા પેનલ્ટી ભર્યા પછી પણ વ્યવહાર કાયદેસર થતા ન હતા અને 'ફોક' ગણાતા હતા, પરંતુ હવે આ ક્રાંતિકારી સુધારાથી હજારો 'બોનાફાઈડ' ખરીદદારોના જમીન ટાઈટલ ક્લિયર થશે અને રેવન્યુ કોર્ટમાં ચાલતા વર્ષો જૂના કેસોનો કાયમી નિકાલ માટે આ સુધારો લવાયો છે. રાજ્ય સરકાર દ્વારા આ પ્રજાલક્ષી નીતિના અમલ માટે તાત્કાલિક અસરથી વટહુકમ (Ordinance) લાવીને તેનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો અને હવે આ વિધેયક દ્વારા તેને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

# સુરતના દંપતીને ૫ દિવસ ડિજિટલ એરેસ્ટ કરી ૧૩ લાખ પડાવનાર મુખ્ય ઓપરેટર દિલ્હીથી ઝડપાયો

## આરોપીના બેંક ખાતામાંથી રૂ.૧ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા

સુરત,

છેલ્લા ઘણા સમયથી ડિજિટલ એરેસ્ટના નામે લોકો સાથે છેતરપિંડીના અનેક કિસ્સા સામે આવી રહ્યા છે. ત્યારે આવા જ એક ગંભીર કેસમાં સુરત સાયબર ક્રાઈમને મોટી સફળતા મળી છે. પોલીસે મુંબઈના ઈક્વિપમેન્ટ સપ્લાયર અફાક આલમ અંસારીને દિલ્હથી ઝડપી પાડ્યો છે. આરોપી સામે તપાસ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. મળતી માહિતી મુજબ, ગઠિયાઓએ એક દંપતીને સીબીઆઇ અને મુંબઈ પોલીસના નકલી લેટરો બતાવીને ડરાવ્યું હતું અને તેમને ૫ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટમાં રાખ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ દંપતી પાસેથી કુલ રૂ.૧૩ લાખ પડાવી લીધા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે દંપતી પાસેથી પડાવવામાં આવેલા રૂપિયા જે બેંક ખાતામાં ટ્રાન્સફર થયા હતા, તે બેંક ખાતાનો મુખ્ય ઓપરેટર અફાક આલમ અંસારી હતો. આરોપીએ માત્ર રૂ.૩ લાખના કમિશનની લાલચમાં પોતાની કંપનીનું બેંક એકાઉન્ટ સાયબર ગઠિયાઓને આપ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. એટલે કે, આરોપીએ પોતાના બેંક ખાતાનો ઉપયોગ ગઠિયાઓને છેતરપિંડીથી મેળવેલા રૂપિયા ટ્રાન્સફર કરવા માટે કરવા દીધો હતો. સાયબર ક્રાઈમની તપાસ દરમિયાન આરોપીના બેંક ખાતામાંથી રૂ.૧ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે. જેના કારણે પોલીસને શંકા છે કે આ ખાતાનો ઉપયોગ માત્ર સુરતના આ એક કેસ પૂરતો જ થયો ન હતો. તપાસમાં આરોપીનું કનેક્શન હૈદરાબાદમાં થયેલા રૂ.૨.૧૩ કરોડના ફ્રોડ સાથે પણ હોવાનું સામે આવ્યું છે. આ કારણે પોલીસ હવે આરોપીના અન્ય બેંક ટ્રાન્ઝેક્શન અને તેની સાથે જોડાયેલા લોકો અંગે પણ તપાસ કરી રહી છે. ડિજિટલ એરેસ્ટના કેસમાં ગઠિયાઓ સામાન્ય રીતે પોલીસ, સીબીઆઇ, ઈડી અથવા અન્ય સરકારી એજન્સીના અધિકારી હોવાનો ડર બતાવીને લોકોને વીડિયો કોલ પર રાખે છે. આ કેસમાં પણ CBI અને મુંબઈ પોલીસના નકલી લેટરો બતાવીને દંપતીને વિશ્વાસમાં લેવામાં આવ્યું હતું.

# અમદાવાદ : બાપુનગર ઈએસઆઈસી હોસ્પિટલમાં નોકરીના નામે ૯૫,૦૦૦ની લાંચની માગણી

અમદાવાદ,

અમદાવાદના બાપુનગરની ઈએસઆઈસી મોડેલ જનરલ હોસ્પિટલમાં કરાર આધારિત નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી લાંચ માંગવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ થયો છે. વટવા જીઆઈડીસી સ્થિત સિક્યોરશીલ્ડ સિક્યુરિટી સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ઓપરેશન મેનેજર પ્રમોદ શંકર પાંડેએ એક અરજદાર પાસેથી ૯૫,૦૦૦ રૂપિયાની લાંચ માગી હતી. આ અંગે ફરિયાદ થતા એસીબીની ટીમે સફળ ટ્રેપ ગોઠવીને આ આરોપીને રંગેહાથ ઝડપી લીધો છે.

હોસ્પિટલમાં નોકરી આપવા માટે ૩૦,૦૦૦ રૂપિયાથી લઈને ૧.૫ લાખ રૂપિયા સુધીની લાંચ ઉઘરાવવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી હતી. આ મામલે એસીબી હેલ્પલાઈન ૧૦૬૪ પર બાતમી મળી હતી. જેના આધારે એસીબીએ ગુપ્ત ઓપરેશન હાથ ધરીને ભ્રષ્ટાચારના આ રેકેટનો પર્દાફાશ કર્યો છે.

આ ગુનાહિત ષડયંત્ર અને મદદગારી બદલ અન્ય મેનેજર પંકજકુમાર મિશ્રા, રાજીવ શુકલા અને જયેશ ચૌધરી સહિત કુલ ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. એસીબીની ટીમે લાંચ પેટે લીધેલા પૂરેપૂરા ૯૫,૦૦૦ રૂપિયા ઘટનાસ્થળેથી જ રિકવર કરી લીધા છે. તપાસ દરમિયાન કંપનીની ઓફિસના ટેબલમાંથી ૨,૨૯,૦૦૦ રૂપિયા અને મેનેજરની બેગમાંથી ૧૯,૨૯,૯૦૦ રૂપિયા મળી આવ્યા હતા. એસીબીએ કુલ ૨૧,૫૭,૯૦૦ રૂપિયાની શંકાસ્પદ રોકડ રકમ જપ્ત કરી છે. આ મામલે વધુ તપાસ ચાલુ છે.

# આણંદની રાણક ગર્લ્સ હોસ્ટેલમાં રાત્રિભોજન બાદ ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગની અસર

## ૨૦થી વધુ વિદ્યાર્થિનીઓને સારવાર માટે શહેરની અલગ-અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવી

આણંદ,

વલ્લભ વિદ્યાનગરમાં આવેલી રાણક ગર્લ્સ હોસ્ટેલમાં રાત્રિભોજન બાદ મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓની તબિયત લથડતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હોવાનું સામે આવ્યું છે. ભોજન લીધા બાદ થોડા જ કલાકોમાં વિદ્યાર્થિનીઓને પેટમાં દુખાવો, ઝાડા અને ઊલટી જેવી ફરિયાદો શરૂ થઈ હતી. સ્થિતિ વણસતા હોસ્ટેલમાં દોડધામનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી પ્રમાણે વિદ્યાર્થિનીઓએ રાત્રિના ભોજનમાં પનીરની સબ્જી અને ફ્રૂટ સલાડ ખાધા હતા. ભોજન બાદ એક પછી એક વિદ્યાર્થિનીઓને પેટમાં દુખાવો, ઊલટી અને ઝાડા સહિતની તકલીફો શરૂ થઈ હતી. થોડા જ સમયમાં અસરગ્રસ્ત વિદ્યાર્થિનીઓની સંખ્યા વધતા હોસ્ટેલ સંચાલકોમાં પણ દોડધામ શરૂ થઈ હતી.

તબિયત વધુ બગડેલી જણાતાં ૨૦થી વધુ વિદ્યાર્થિનીઓને સારવાર માટે શહેરની અલગ-અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થિનીઓના વાલીઓમાં પણ ચિંતા અને રોષ જોવા મળ્યો હતો. સારવાર શરૂ કરવામાં આશરે બે કલાક જેટલો વિલંબ થયો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. જોકે આ વિલંબ અંગે સત્તાવાર તંત્ર તરફથી સ્પષ્ટતા થવી બાકી છે.

હોસ્ટેલમાં પીરસવામાં આવેલા રાત્રિભોજનમાં પનીરની સબ્જી અને ફ્રૂટ સલાડનો સમાવેશ થતો હોવાનું જણાવાયું છે. આ ખોરાક લીધા બાદ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓમાં એકસાથે બીમારીના લક્ષણો દેખાતા ખોરાક દૂષિત હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ભાદરવી પૂનમના મેળા પહેલા અંબાજી મંદિરમાં ૨૦૦૦ ઉપરાંત દીવડાની મહાઆરતી કરવામાં આવી

## યાત્રાધામ અંબાજી ખાતે મેળા પૂર્વે જ યાત્રિકોનો ભારે ઘસારો

અંબાજી,

અંબાજી ખાતે ભરનાર ભારદવી પૂનમના મેળા ને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ને આ વખતે અંબાજીમાં કોરીડોરની કામગીરીને લઈ મેળા દરમિયાન સંકડામણ અનુભવાય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે ત્યારે હાલમાં પણ અંબાજી ખાતે મેળા પૂર્વે જ યાત્રિકોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે આ શ્રાવણ માસના અંતિમ દિવસ ને લઈ અંબાજીમાં ભારે ભીડ જોવા મળી હતી.

એટલું જ નહીં નડિયાદ, ખેડા, આણંદ વિસ્તારના મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનો મેળાવડો અંબાજી ખાતે જામ્યો હતો તેમજ રાત્રિ દરમિયાન નવરાત્રી ની યાદ અપાવે તેવા ગરબાની રમઝટ પણચાચર ચોક માં જોવા મળી હતી જ્યાં વેશભૂષાધારી શ્રદ્ધાળુ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આજે રાત્રિ દરમિયાન અંબાજી મંદિર ચાચર ચોકમાં ૨૦૦૦ ઉપરાંત દિવડાની મહા આરતી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

જ્યારે નડિયાદ વિસ્તારના ભાજપા ના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ પણ આ મહાઆરતીમાં પરિવાર સાથે ઉપસ્થિત રહી માતાજીની આરતી ઉતારી હતી અને તેમને જણાવ્યું હતું કે ૧૬૨ વર્ષની થી નડિયાદનો આ સંઘ મુખી પરિવારના સભ્યો દ્વારા વારાફરતી માતાજીના આ મા શ્રાવણ માસની અમાવશે માતાજીને અન્નકૂટ ધરાવે છે અને તેઓ ખાસ આસપાસના વિસ્તારનો પણ મોટી સંખ્યામાં નડિયાદથી અંબાજી માતાજીના દર્શન આવે છે. જોકે આજે વેશભૂષા કરીને આવેલા શ્રદ્ધાળુઓએ પણ ગરબાની મોજ માણી હતી અને ભારે ખુશી વ્યક્ત કરી હતી અને પોતાને અંબાજીના દર્શન નો લહાવો મળ્યો તે બાબતે આનંદ વ્યક્ત કર્યો હતો. જો કે હાલમાં જે વરસાદ ખેંચાઈ રહ્યો છે તે માટે પણ માતાજીને વહેલી તકે મેઘ મહેર થાય તે માટે પ્રાર્થના કરી હતી. જ્યારે ગરબાના અંતે ૨૦૦૦ ઉપરાંત દિવડાને આરતી ભક્તોએ પોતાના શરીર ઉપર ગોઠવણી કરીને માતાજીની આરતી કરી હતી. ભાદરવી પૂનમમાં ભારે ભીડ ના કારણે આ આરતી થઈ શકે તેમ ન હોય તેમને મેળા પૂર્વે માતાજીની આ આરતી આજે શ્રાવણની અમાવશે માતાજીના ચાર ચોકમાં કરી હતી સાથે ખેડૂતોના હિતમાં વરસાદ વરસે તેવી પણ માં અંબા ને પ્રાર્થના કરી હતી.

# અમદાવાદમાં ગણેશોત્સવ દરમિયાન આશરે રૂ. ૨૦૦ કરોડનો કારોબાર થવાની સંભાવના

## આ વર્ષે મોંઘવારીના કારણે ગણેશ મૂર્તિના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો

અમદાવાદ,

અમદાવાદમાં આગામી સોમવારથી શરૂ થઈ રહેલા ૧૦ દિવસના ગણેશોત્સવને લઈને બજારોમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગણેશ મૂર્તિઓ ઉપરાંત મીઠાઈ, પૂજા સામગ્રી, રોશની, ફૂલ અને અન્ય તહેવારની ચીજવસ્તુઓના વેપારીઓ પણ મોટા વેપારની આશા રાખી રહ્યા છે. વેપારીઓના અંદાજ મુજબ શહેરમાં ગણેશોત્સવ દરમિયાન આશરે રૂ. ૨૦૦ કરોડનો કારોબાર થવાની સંભાવના છે. આ વર્ષે મોંઘવારીના કારણે ગણેશ મૂર્તિના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થયો છે અને કેટલાક કિસ્સામાં વધારો ૨૦ ટકા સુધી પહોંચ્યો છે. શહેરમાં ગણેશ મૂર્તિના અસ્થાયી સ્ટોલ ઊભા થઈ ગયા છે અને મૂર્તિઓનું બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. વેપારીઓના જણાવ્યા મુજબ ભાવવધારો મુખ્યત્વે સજાવટની સામગ્રી અને મજૂરીના ખર્ચમાં થયેલા વધારાને કારણે થયો છે. ઘરે સ્થાપિત થતી મોટાભાગની મૂર્તિઓ એકથી ત્રણ ફૂટ ઊંચાઈની હોય છે અને તે સંપૂર્ણપણે માટીમાંથી બનાવવામાં આવે છે. વેપારીઓના જણાવ્યા મુજબ મૂર્તિઓ મુખ્યત્વે મહારાષ્ટ્ર, ખાસ કરીને મુંબઈમાંથી આવે છે અને કેટલાક ઓર્ડર લગભગ એક વર્ષ અગાઉથી આપવામાં આવે છે. આ વર્ષે ૧.૫થી ૨ ફૂટની ગણેશ મૂર્તિઓની સૌથી વધુ માગ છે. ૧.૫ ફૂટની મૂર્તિના ભાવ રૂ. ૨૫૦૦થી રૂ. ૩૦૦૦ જ્યારે બે ફૂટની મૂર્તિના ભાવ રૂ. ૪૦૦૦થી રૂ. ૫૦૦૦ સુધી છે. ત્રણ ફૂટની મૂર્તિના ભાવ ડિઝાઈન પ્રમાણે રૂ. ૮૦૦૦થી રૂ. ૧૨૦૦૦ સુધી છે. એકંદરે મૂર્તિઓના ભાવ રૂ. ૧૫૦૦થી રૂ. ૧૨૦૦૦ સુધી છે. મૂર્તિઓ ઉપરાંત તૈયાર સજાવટની સામગ્રીની પણ માગ વધી રહી છે. તેની કિંમત રૂ. ૫૦૦થી રૂ. ૨૫૦૦૦ સુધી છે. રંગબેરંગી પડદા, ફૂલો અને લટકણ જેવી આકર્ષક સજાવટની ચીજો પણ લોકો ખરીદી રહ્યા છે.

ગણેશોત્સવ દરમિયાન પરંપરાગત 'છપ્પન ભોગ' માટેની તૈયાર પેટીઓ પણ લોકપ્રિય બની રહી છે. તેમાં વિવિધ પ્રકારની ૫૬ મીઠાઈ, લાડુ અને બરફીનો સમાવેશ થાય છે. તેની કિંમત રૂ. ૧૫૦૦ થી રૂ. ૩૦૦૦ છે અને પરંપરાગત છપ્પન ભોગ ધરાવવાની ઈચ્છા ધરાવતા પરિવારોમાં તેની માગ વધી રહી છે. ગણેશોત્સવના વેપારમાં મીઠાઈ અને ગણપતિના ભોગની ચીજવસ્તુઓથી રૂ. ૪૫થી ૫૦ કરોડ, જ્યારે પૂજા સામગ્રી, વાહનવ્યવહાર અને પંડાલ તથા રોશનીની સામગ્રીથી રૂ. ૨૫થી ૩૦ કરોડના વેપારની અપેક્ષા છે.

# ફૂડ શાખા દ્વારા ખાણીપીણીના ૪૪ સ્થળે ચેકીંગ માત્ર એક દુકાનમાંથી વાસી ફૂડ મળ્યું!

## મીઠાઈના સાત નમુના લેવાયા : ખાનગી મેળાનું ફૂડ પણ ઓકે : શ્રેયસ ટ્રેડલીંક સહિતની દુકાનોને રૂા. ૭ હજારનો દંડ



રાજકોટ:મનપાની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા ભેળસેળ સામે ચાલતા સર્વેલન્સ ચેકીંગ દરમ્યાન વધુ ૪૪ રેસ્ટોરન્ટ સહિતની પેઢીની ચકાસણી કરવામાં આવી હતી જેમાં

માત્ર એક પેઢીમાંથી આઠ કિલો અખાદ્ય અને વાસી જથ્થો મળતા તેનો નાશ કરી ત્રણ પેઢીને નોટીસ આપવામાં આવી હતી અને રૂા. ૭ હજારનો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. અલગ અલગ સ્થળેથી કુલ સાત મીઠાઈના નમુના લેવામાં આવ્યા હતા.

ફૂડ વિભાગે જાહેર કરેલી વિગતો મુજબ રૈયા રોડ, સદગુરૂ તીર્થધામ સામે આવેલ રોયલ પંજાબી એન્ડ ચાઈનીઝમાંથી મન્ચુરીયન સહિત આઠ કિલો ફૂડનો નાશ કરી રૂા.૫૦૦નો દંડ લેવાયો હતો. રૈયા રોડ, સુભાષનગર-૩ના પુજારા મેડીકલ સ્ટોરને લાયસન્સ માટે નોટીસ આપી રૂા.૫૦૦, અયોધ્યા સર્કલ પાસે શ્રેયસ ટ્રેડ લીકને યોગ્ય સ્ટોરેજ માટે નોટીસ આપી રૂા.પાંચ હજારનો વહીવટી ચાર્જ લેવામાં આવ્યો હતો.

ગાંધીગ્રામ નેમીનાથ સોસાયટી-૨માં લક્ષ્મી જાંબુમાંથી મીઠો માવો અને બરફી, રામાપીર ચોક, લાખના બંગલાવાળા રોડે જય જલારામ દુગ્ધાલય એન્ડ જાંબુમાંથી સ્વીટ દેશી માવો, વાત્સલ્ય મીઠો માવો અને પેંડાના નમુના લેવામાં આવ્યા હતા. રૈયા રોડની દિપક સોસાયટીમાં શ્રીરામ જાંબુમાંથી પણ ગીર માધવ મીઠો માવો અને લુઝ બરફીના નમુના લઈ લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવ્યા છે.

ચકાસણી:અયોધ્યા ચોક પાસેના રોયલ મેળામાં આઠ ફૂડ સ્ટોલનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. ગોંડલ રોડના રામનગરમાં મહાદેવ પેટીસ, રૈયા રોડના પ્રણામી ફરસાણ, બાલાજી નમકીન, ભગવતી ફરસાણ, તિરૂપતિનગરના હર ભોલે ફરસાણ, ખોડીયાર વિજય ડેરી, મુરલીધર ફરસાણ, રઘુવંશી ફરસાણ, પારસ સ્વીટ માર્ગ, સદગુરૂ સ્વીટ માર્ગ, ઠકકર ફરસાણ, પાણીના ઘોડા પાસે જલારામ ફરસાણ, જલગંગા ચોકના જય ગાત્રાળ પૌવા, મહાકાળી ગાંઠીયા, ઉમિયા માતા ઈડલી સંભાર, જય દ્વારકાધીશ નાસ્તાગૃહ, નીર કોલ્ડ્રીંક્સ, ભગત દાળ પકવાન, જય શકિત દાળ પકવાન, કિડવાઈનગરના જૈન સ્વીટ, તુલસીબાગ રોડના નિલકંઠ ડેરી, બાલાજી ડેરી અને હેમુ ગઢવી હોલ પાછળની નાસ્તા બજારની પેઢીઓ સહિત ૩૮ જગ્યાએ તપાસ કરવામાં આવી હતી. પરંતુ કોઈ જગ્યાએથી કંઈ અખાદ્ય મળ્યું ન હતું!

# ડ્રગ્સના દૂષણ સામેની લડાઈમાં શહેર પોલીસની સાથે જોડાવવા લોકોને અપીલ: લોકોની ઓળખ એકદમ ગુપ્ત રહેશે: પીઆઈ એન.બી.ચૌધરી

## તમારા નામ, મોબાઈલ નંબરની પોલીસને પણ નહીં ખબર પડે : 'QR કોડ'થી પેડલર-એડીકટની માહિતી આપો




રાજકોટ:શહેરને ડ્રગ્સ મુક્ત અને સુરક્ષિત બનાવવા માટે શહેર પોલીસ દ્વારા એક પ્રશંસનીય અને મહત્વપૂર્ણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત યુવાધનને નશાના રવાડે ચડતું અટકાવવા અને નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સ વિરુદ્ધ કડક પેડલર-એડિકટની માહિતી મેળવવા 'ઊઇ કોડ' બહાર પડાયો છે. જેમાં લોકો નિર્ભય બની ડ્રગ્સની બદી દૂર કરવામાં પોલીસને મદદરૂપ થઈ શકશે, કેમ કે, આ ઝુંબેશમાં જોડાનાર લોકોના નામ, મોબાઈલ નંબરની પોલીસને પણ નહી ખબર પડે તે રીતે આખી સિસ્ટમ ડેવલપ કરવામાં આવી છે.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલી, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસીયા તરફથી ડ્રગ્સ નાબૂદી માટે કાર્યવાહી કરવાની સુચનના પગલે ઉચ્ચ અધિકારીઓની રાહબરી હેઠળ એસઓજી પીઆઈ એન.બી. ચૌધરી અને તેમની ટીમ દ્વારા સતત અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

જેમાં શહેર પોલીસ દ્વારા ડ્રગ્સ વિરોધી જનજાગૃતિ અને જનભાગીદારી અભિયાનને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે. ડ્રગ્સની હેરફેર, વેચાણ કે અન્ય કોઈ પણ ગેરકાયદેસર ડ્રગ્સ પ્રવૃત્તિ અંગેની માહિતી સામાન્ય નાગરિકો પોલીસ સુધી સરળતાથી અને ઝડપથી પહોંચાડી શકે તે હેતુથી એક ખાસ ઊઇ કોડ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજકોટ શહેરના જાગૃત નાગરિકો પોતાના મોબાઈલથી આ QR કોડ સ્કેન કરીને ડ્રગ્સ સંબંધિત કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની માહિતી સીધી પોલીસને સબમિટ કરી શકશે.આ અભિયાનમાં નાગરિકોની સક્રિય ભાગીદારી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

પોલીસ પ્રશાસન દ્વારા સ્પષ્ટ ખાતરી આપવામાં આવી છે કે ડ્રગ્સ વેચાણ, સંગ્રહ કે નશાકારક પ્રવૃત્તિઓની માહિતી આપનાર કોઈપણ નાગરિકની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. નાગરિકો કોઈ પણ પ્રકારના ભય કે સંકોચ વિના ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે પોલીસને જાણ કરી શકે છે અને રાજકોટને ડ્રગ્સ મુક્ત બનાવવામાં પોતાનું યોગદાન આપી શકે છે.

વધુમાં એસઓજી પીઆઈ એન.બી.ચૌધરીએ જણાવ્યું હતું કે, પોલીસને બાતમી આપવી તે એક લોકોમાં ભય રહેલ હતો. જેથી એસઓજીની ટીમે ખાસ અલગ ટેકનોલોજીથી જ સિસ્ટમ ડેવલોપ કરી છે.જેમાં કોઈ પણ વ્યક્તિ ડ્રગ્સ અંગેની માહિતી આપશે તો તેનું નામ, મોબાઈલ નંબર, ઈમેલ આઈડી સહિતની કોઈપણ વસ્તુ અંગે પોલીસને પણ જાણ નહી થાય. તેમજ ડ્રગ્સ માત્ર વ્યક્તિના સ્વાસ્થ્યને જ નહીં પરંતુ તેના પરિવાર, આવનારી યુવા પેઢી અને સમગ્ર સમાજના ભવિષ્યને ગંભીર નુકસાન પહોંચાડે છે. તેથી ડ્રગ્સના દૂષણ સામેની આ લડાઈમાં પોલીસની સાથે જોડાઈ શહેરને વધુ સુરક્ષિત અને વ્યસનમુક્ત બનાવવા માટે નિર્ભય બની સહયોગ આપવા માટે ખાસ અપીલ કરાઈ છે.

શહેરને નશાના દૂષણમાંથી સંપૂર્ણપણે મુક્ત કરવા અને યુવાધનને બરબાદ કરી રહેલા ડ્રગ્સના નેટવર્કને નેસ્તનાબૂદ કરવાના એકમાત્ર ઉદ્દેશ્ય સાથે પોલીસ દ્વારા એસઓજીની સમાંતર એક નવી 'એન્ટી નાર્કોટિક્સ વિંગ' ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમ શહેરમાં ચાલતી ડ્રગ્સની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ પર કડક નજર રાખશે.

આ નવનિર્મિત ANW ટીમની કમાન અનુભવી પીઆઈ બી.બી. જાડેજાને સોંપવામાં આવી છે. તેમની આગેવાની હેઠળ ૮ ચુનંદા અને બાહોશ પોલીસ જવાનોની એક ખાસ ટીમ તૈયાર કરવામાં આવી છે. આ ટીમ સંપૂર્ણપણે ડ્રગ્સના કેસો પર જ કેન્દ્રિત રહેશે. તેઓ સ્થાનિક બાતમીદારોનું નેટવર્ક મજબૂત કરીને, ડ્રગ્સ સપ્લાય કરનારા મુખ્ય નેટવર્ક સુધી પહોંચવા માટે રાત-દિવસ કામ કરશે.

# વિરાણી હાઈસ્કૂલમાં ગણિત વિજ્ઞાનના રમકડાનો વર્કશોપ

## જાદુઈ વાદળ, ફન બોલ વિથ સ્ટ્રો, મેજિક વિથ થ્રેડ, બલુનની ચકરડી, પાણીમાં આગ જેવા રસપ્રદ પ્રયોગો રજૂ કર્યા



રાજકોટ:

આજના સમયમાં વિદ્યાર્થી ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો થી દૂર ભાગતો જાય છે ત્યારે વિદ્યાર્થી ગણિત વિજ્ઞાનમાં રસ લેતો થાય તે હેતુથી ગુજરાત સાયન્સ એન્ડ ટેકનોલોજી સ્પોન્સર્ડ રાજકોટની જાણીતી શ્રી એસ વી વિરાણી હાઈસ્કૂલમાં શ્રી પાયોનિયર એડયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગણિત વિજ્ઞાનના રમકડાનો એક દિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં વિરાણી હાઈસ્કૂલના ધોરણ ૯ ના ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો પ્રાર્થનાથી વર્કશોપની શરૂઆત બાદ વિદ્યાર્થીઓને વિજ્ઞાનના અવનવા પ્રયોગો દર્શાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનના એક્સપર્ટ ગૌતમભાઈ લીબડના માર્ગદર્શન હેઠળ ફન બૉલ વિથ સ્ટ્રો, મેજિક વિથ થ્રેડ, બલૂનની ચકરડી, પાણીમાં આગ લાગવી, પાણીમાં સોડિયમનો ધડાકો, જાદુઈ વાદળ, હવાનું દબાણ વગેરે પ્રયોગો કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગણિતના એક્સપર્ટ ડો જી એફ મહેતાના માર્ગદર્શન હેઠળ કાગળમાંથી ગણિતના વિવિધ મોડેલ બનાવ્યા હતા જેમાં લંબઘન, સમઘન, ત્રિકોણીય પ્રિઝમ, શંકુ વગેરેનો સમાવેશ થાય છે આ વર્કશોપમાં અતિથિ વિશેષ તરીકે લોકવિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર શ્રી રમેશભાઈ ભાયાણી ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિશીથભાઈ મહેતાએ કર્યું હતું આભારવિધિ પ્રણવભાઈ શુક્લએ કરી હતી તેમ શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાની યાદી જણાવે છે

# બસમાં ખોવાયેલું રૂ.૩૪ હજારનું Apple ટેબલેટ શોધી યાત્રીને પરત કરતી વિરપુર પોલીસ



વિરપુરઃ યાત્રાધામ વિરપુર (જલારામ) પોલીસ સ્ટેશનની ટીમે બસમાં ખોવાયેલું રૂ.૩૪,૦૦૦ની કિંમતનું Apple કંપનીનું ટેબલેટ શોધી કાઢી મૂળ માલિક યાત્રીને પરત કરી "તેરા તુજકો અર્પણ"ની સરાહનીય કામગીરી કરી હતી.

રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર ના માર્ગદર્શન અને જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયાની સૂચના હેઠળ વિરપુર પો.સ્ટે.નાઁ એસ.જી. રાઠોડના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, એક યાત્રી સોમનાથ ખાતે ફરવા આવ્યા બાદ ખાનગી બસ મારફતે પોતાના વતન ઉત્તરાખંડ જઈ રહ્યા હતા. દરમિયાન વિરપુર ખાતે બસ બદલવાની હતી. તે સમયે તેમનું Apple ટેબલેટ બસમાં ખોવાઈ ગયું હોવાનું જણાતા તેમણે વિરપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

આ અંગ PI એસ.જી. રાઠોડની સૂચના મુજબ HC ગિરિરાજભાઈ અશોકભાઈ વાઘેલા તથા AHC રામજીભાઈ મનસુખભાઈ ગરેજા દ્વારા ખાનગી બસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પોલીસ ટીમે બસને ટ્રેસ કરી ખોવાયેલું Apple ટેબલેટ શોધી કાઢ્યું હતું. બાદમાં રૂ.૩૪,૦૦૦ની કિંમતનું ટેબલેટ મૂળ માલિક યાત્રીને પરત સોંપી "તેરા તુજકો અર્પણ"ની કામગીરી કરવામાં આવી હતી.

કામગીરી કરનાર પોલીસ ટીમમાં એસ.જી. રાઠોડ,નેહાબેન નરેશભાઈ જોટાણીયા, ગિરિરાજભાઈ અશોકભાઈ વાઘેલા,ામજીભાઈ મનસુખભાઈ ગરેજા સહિત જોડાયા હતા.

# રાજકોટ શહેરમાં ભયજનક જળાશયોમાં ન્હાવા તથા ભારે ભીડ પર પ્રતિબંધ

રાજકોટઃ

રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલા ભયજનક જળાશયો જેવા કે, નદી, તળાવ, નહેર વગેરેમાં ન્હાવા તેમજ આવા સ્થળો પર ભારે ભીડ એકઠી થવા પર શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝાએ પ્રતિબંધ મુક્યો છે.

શહેર પોલીસ કમિશનરશ્રી દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં જણાવાયું છે કે, (૧) આજી નદીનો કાંઠો નવયુગપરા ઘાંચીવાડ સ્મશાનથી કેસરી હિંદ પુલ સુધી, (૨) લાલપરી તળાવ, બેડીપરા તથા ભગવતી પરા ચોકી વિસ્તાર, (૩) આજી નદીનો કાંઠો, બેડીપરા તથા માધાપર ચોકડી વિસ્તાર (૪) આજીડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ભાવનગર હાઈ-વે રોડ સાઈડ, (૫) ખોખડદળ નદી, ખોખડદળ ગામ (૬) રાંદરડા તળાવ, જુના માર્કેટીગ યાર્ડ પાસે, (૭) ત્રંબા ગામ ત્રિવેણી નદીનો સંગમ કાંઠો, (૮) કાળીપાટ ગામ ડેમ, નવા રૂડા રિંગરોડ પાસે, (૯) સરધાર ગામ દરબારગઢ પાસે આવેલો ડેમ (૧૦) ઈશ્વરીયા પાર્ક ખાતે આવેલું તળાવ, (૧૧) અટલ સરોવર, (૧૨) પરશુરામ મંદિર પાછળનું તળાવ, ન્યૂ ૧૫૦ ફુટ રિંગરોડ, (૧૩) યુનિર્વસીટી કેમ્પસ, મેલડી માતાના મંદિરની સામેનું તળાવ, (૧૪) યુનિર્વસિટી ચાર રસ્તા, પ્રશીલ પાર્કની પાછળનું તળાવ, (૧૫) વેજાગામ પાસે આવેલું તળાવ, (૧૬) રૈયા ગામનું તળાવ, (૧૭) ન્યારી ડેમ-૧, (૧૮) કોપર એલીગન્સ સરોવર, મવડી ગામ, (૧૮) લાખાણી સરોવર, સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે, (૧૯) વીરવરૂ સરોવર, રંગોલી પાર્ક પાસે, (૨૦) પવિત્રમ પ્રયાગ સરોવર, નાના મૌવા ગામ, (૨૧) પાબારુ સરોવર, મફતીયાપરા, (૨૨) જીબીયા સરોવર, કટારિયા ચોકડી પાસે, (૨૩) સમન્વય સરોવર, કણકોટ રોડ (૨૪) રોલેક્સ સરોવર, નવો ૧૫૦ ફૂટ રિંગરોડ, આ જળાશયોમાં કોઈપણ વ્યક્તિઓ, પ્રવાસીઓને ન્હાવા પર તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું ૩૧ ઓક્ટોબર સુધી અમલી રહેશે અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# જસદણ-વિંછીયાની 'મિશન મંગલમ'ની બહેનોએ કરી વિધાનસભાની મુલાકાત; મુખ્યમંત્રીએ બહેનોને બિરદાવ્યા

## મહિલાઓને માત્ર રોજગારી નહીં, સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા: ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયા





રાજકોટ:

રાજકોટ જિલ્લાના જસદણ અને વિંછીયા તાલુકાના 'મિશન મંગલમ' સ્વ-સહાય જૂથ સાથે જોડાયેલ મહિલાઓ ગત રોજ ગાંધીનગરની વિશેષ મુલાકાતે પધારી હતી. આ યાદગાર પ્રવાસ દરમિયાન બહેનોએ ગુજરાત વિધાનસભાની મુલાકાત લઈ લોકશાહીની ગૌરવવંતી કામગીરીને નજીકથી નિહાળી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આ સ્વાવલંબી બહેનોની ઉત્સાહભેર મુલાકાત લઈને વિધાનસભા પરિસરમાં તેમની સાથે સ્મૃતિચિત્ર પડાવી મહિલા સશક્તીકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સચિવાલયના નર્મદા હૉલ ખાતે એક પ્રેરણાદાયી સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ બહેનો સાથે સીધો વાર્તાલાપ કરીને તેમના સામાજિક અને આર્થિક ઉત્કર્ષને બિરદાવ્યો હતો.

'મિશન મંગલમ' અને સ્વ-સહાય જૂથની બહેનો સાથે સંવાદ સાધતાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્યની ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે પગભર બની પોતાના પરિવારનું સન્માનભેર ગુજરાન ચલાવે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને માત્ર રોજગારી આપવા પૂરતો સીમિત નથી, પરંતુ તેઓ સંપૂર્ણ આત્મનિર્ભર બને તેવો છે. સખી મંડળો આજે એવું શ્રેષ્ઠ માધ્યમ બન્યા છે, જેના થકી મહિલાઓ પોતાના બાળકોને સારું શિક્ષણ આપી શકે છે અને પારિવારિક તથા સામાજિક પ્રસંગોમાં આર્થિક રીતે મજબૂત સહયોગી બની રહ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બહેનો પોતાની રસ-રૂચિ અનુસાર સિલાઈ, ગૃહ ઉદ્યોગ કે માટીકામ જેવા રોજગારલક્ષી વ્યવસાયો પસંદ કરી શકે છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા કૌશલ્ય વર્ધન તાલીમ અને વ્યાજમુક્ત ધિરાણ પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલી 'ડ્રોન દીદી' યોજના મહિલાઓ માટે ટેકનોલોજીના ક્ષેત્રમાં વિકાસના નવા દ્વાર ખોલી રહી છે. આ દિશામાં આગામી સમયમાં વિંછીયા ખાતે વધુમાં વધુ સ્થાનિક બહેનોને આધુનિક ડ્રોન ટેકનોલોજીની વિશેષ તાલીમ આપી આત્મનિર્ભર બનાવવામાં આવશે.

મંત્રી શ્રી બાવળીયાએ કહ્યું હતું કે, સ્વ-સહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ વસ્તુઓના વેચાણ માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. સરસ મેળાઓ ઉપરાંત બસ સ્ટેન્ડ અને યાત્રાધામો ખાતે 'ગ્રામ હાટ' યોજના હેઠળ વિનામૂલ્યે દુકાનો/સ્ટોલ ફાળવવામાં આવે છે, જેથી બહેનો સીધું વેચાણ કરીને મહત્તમ નફો મેળવી શકે.

મંત્રીશ્રીએ ઉપસ્થિત તમામ બહેનોને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, આ ગાંધીનગરની મુલાકાત માત્ર એક પ્રવાસ બનીને ન રહે, પરંતુ અહીંથી મેળવેલી પ્રેરણા અને સરકારી યોજનાઓની માહિતી પોતાના ગામની અન્ય મહિલાઓ સુધી પહોંચાડે. દરેક સખી મંડળને સક્રિય બનાવી આત્મનિર્ભર ગ્રામીણ અર્થતંત્રના નિર્માણમાં મહિલાઓ સક્રિય ભાગીદાર બને તેવો અનુરોધ પણ તેમણે કર્યો હતો.

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રશસ્તી પરીખે જણાવ્યું હતું કે, ગ્રામીણ મહિલાઓ પોતાના ઘર-પરિવારની જવાબદારીઓ સંભાળવાની સાથે પોતાના કૌશલ્ય થકી આર્થિક રીતે પગભર બની શકે તે માટે ય્ન્ઝ નિરંતર કાર્યરત છે. તેમણે ગૌરવપૂર્વક ઉમેર્યું કે, રાજ્યમાં અંદાજે ૮ લાખ જેટલી 'લખપતિ દીદી' નોંધાઈ ચૂક્યા છે, જે મહિલા સંગઠન અને આત્મનિર્ભરતાની અસીમ શક્તિનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.કેટરિંગ અને કેન્ટીન જેવા વ્યવસાયો અંગે માર્ગદર્શન આપતાં તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયની માંગ મુજબ નવીનતા, આરોગ્યપ્રદ વિકલ્પો અને ઉચ્ચ ગુણવત્તા ઉમેરીને બહેનો પોતાની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. આ માટે ય્ન્ઝ દ્વારા બહેનોને જરૂરી તમામ વ્યાવસાયિક ટ્રેનિંગ પણ પૂરી પાડવામાં આવી રહી છે.

આ પ્રસંગે જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજશ્રી કુશવાહે ઉપસ્થિત સર્વે બહેનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે મહિલા સશક્તીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે બહેનોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સખી મંડળની બહેનો દ્વારા સફળતાપૂર્વક સંચાલિત 'મંગલમ કેન્ટીન' અને સ્વ-રોજગારી ક્ષેત્રે નવી ક્રાંતિ સર્જનારી 'ડ્રોન દીદી' મહિલાઓની પ્રેરણાદાયી પ્રગતિ રજૂ કરતી શોર્ટ ફિલ્મ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત સર્વેએ ઉત્સાહભેર બિરદાવી હતી.

# દૈનિક પાણી વિતરણ ટકાવવા તત્કાલ સૌની યોજનામાંથી પાણી શરૂ કરાવો

રાજકોટ:રાજકોટ મહાનગરમાં ચાલુ વર્ષે પુરતો વરસાદ પડયો નથી ત્યારે રાજય સરકાર પીવાના પાણીના હેતુ માટેના આજી-૧ અને ન્યારી-૧માં સૌની યોજનાનું પાણી અગ્રતાના ધોરણે ફાળવે તેવી માંગણી ગત મહિને પહોંચાડવામાં આવી હતી. આ બાદ ગત તા.૨૭ ઓગષ્ટના રોજ રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી તથા જળસંપતિ રાજય મંત્રી ઈશ્વરભાઈ પટેલને પત્ર લખીને અગ્રતાના ધોરણે પાણી છોડવા મેયર ડો.નેહલ શુકલએ માંગણી કરી છે.



આ પત્રમાં તેઓએ રાજકોટના બંને આધારસ્તંભ આજી-૧ અને ન્યારી-૧ ડેમની પાણીના જથ્થાની વર્તમાન સ્થિતિ રજુ કરી છે. દરરોજ ૨૦ મીનીટ પાણી વિતરણ માટે જરૂરી ૪૬૫ એમએલડી રો-વોટર પૈકી ૧૩૫ નર્મદા પાઈપલાઈન યોજનામાંથી અને ૩૩૦ એમએલડી સ્થાનિક ડેમોમાંથી મેળવવામાં આવે છે.

આજીમાં ૪૪૬ અને ન્યારીમાં ૪૧૯ એમસીએફટી પાણી ઉપલબ્ધ છે. જે એક મહિનાના અંતે ખુબ નહીંવત માત્રામાં બચે તેવું લાગે છે. તેની સીધી અસર શહેરની પાણી વિતરણ વ્યવસ્થા પર થવા પામે તેવી રહેલી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરને પાણી પુરતુ જળાશયો પૈકી આજી-૧ ડેમમાં તબકકાવાર ૨૧૦૦ એમસીએફટી અને ન્યારી-૧ ડેમમાં તબકકાવાર ૧૯૦૦ એમસીએફટી જળજથ્થો સૌની યોજના મારફત તાત્કાલીક ઉપલબ્ધ કરાવવા અનુરોધ કર્યો છે.


ભાદર-૧ ડેમમાં પણ વરસાદી પાણીની પુરતી આવક થઈ નથી. આમ રાજકોટના ત્રણેય જળાશયોમાં વરસાદી પાણીનો સંગ્રહ નહીંવત હોય મેયરે રાજકોટના લોકો માટેની ચિંતા સરકાર સુધી પહોંચાડી આ પત્રની નકલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પણ મોકલાવી છે.


Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# બૅંક કર્મચારીઓની લડત: સમસ્યાથી સમાધાન

સમગ્ર દેશમાં આજે બેન્ક કર્મચારીઓની હડતાલ ચાલી રહી છે. લાખોની સંખ્યામાં કર્મચારીઓ આ આંદોલનમાં જોડાયા છે. આપણા રાજ્યના હજારો કર્મચારીઓ પણ તેમાં સહભાગી થયા છે. તેમની મુખ્ય ઈચ્છા સપ્તાહમાં પાંચ દિવસ જ ફરજ બજાવવાની છે. બીજા કેટલાક પ્રશ્નો પણ લાંબા સમયથી ઉકેલાયા નથી. તેના કારણે નાણાંની લેવડ દેવડ અટકી છે. સામાન્ય ખાતેદારોને હાલાકી પડી રહી છે. જેને કારણે વ્યાપાર ઉદ્યોગો ના આર્થિક વ્યવહારો અટક્યા છે. જેને કારણે વ્યક્તિગત તો ઠીક દેશનેને પણ આર્થિક નુકસાન છે લોકો પરેશાન થઈ રહ્યા છે. હડતાલ એ અંતિમ ઉપાય નથી સમાધાન દ્વારા સમસ્યા ઉપલી શકે લોકોની મુશ્કેલી દૂર થઈ શકે છે.આજના આંદોલન પછી શનિ અને રવિની રજા આવશે. એટલે ત્રણ દિવસ સુધી શાખાઓમાં કામ થશે નહીં. વેપારીને માલના નાણાં ચૂકવવામાં મુશ્કેલી થશે. નોકરિયાતને પગાર ઉપાડવામાં તકલીફ પડશે. ગામડામાં એટીએમમાં રોકડ ખૂટવાની શક્યતા છે. તહેવારો નજીક આવી રહ્યા છે. આ સમયે સેવા બંધ રહેવી તે દુ:ખદ છે. ઓનલાઈન વ્યવહારથી બધું કામ થતું નથી .કર્મચારીઓનું કહેવું છે કે કામનો બોજો દિવસે દિવસે વધતો જાય છે. નવા ખાતા ખૂલે છે. સરકારી સહાયની યોજનાઓનું કામ આવે છે. લોનની ફાઈલો વધે છે. ગ્રાહકોના ફોન અને ફરિયાદો વધે છે. સામે સ્ટાફ ઘટતો જાય છે. એક વ્યક્તિને અનેક ટેબલ સંભાળવા પડે છે. સાંજે મોડે સુધી રોકાવું પડે છે. મન પર દબાણ રહે છે. તેથી બે દિવસની રજાથી નવી ઊર્જા મળશે.બેન્કની નોકરીને લોકો સુખી નોકરી કહે છે. વેતન સારું છે. ભથ્થા મળે છે. ભવિષ્યની સલામતી છે. તેમ છતાં કામના દિવસો ઘટાડવાની વાત આવે છે. એટલે સમાજમાં સવાલ ઊઠે છે. સુખ હોવા છતાં અજંપો કેમ. વાત એમ છે કે પૈસાથી શાંતિ ખરીદી શકાતી નથી. માણસને કુટુંબ માટે સમય જોઈએ છે. તબિયત માટે આરામ જોઈએ છે. મનને શાંતિ જોઈએ છે.બીજી મહત્વની વસ્તુ એ છે કે બેંકોમાં હવે તમામ વ્યવહારો ઓનલાઇન થાય છે કોર બેન્કિંગની વ્યવસ્થા છે એ.આઇ. આવ્યું છે ત્યારે કામનું ટેન્શન ઘટ્યું હોવાનું લોકો માને છે આજથી ૫૦ વર્ષ પહેલાં બેંક કર્મચારીઓ જેમ જહેમત ઉઠાવતા હતા તેટલી મહેનત આજના કર્મચારીઓને નથી આજે યુપીઆઈ અને ડિજિટલ ઇન્ડિયા ને કારણે સગવડતા વધી છે તે પણ એક હકીકત છે. મહેનત ઘટી છે.



# ૨૦ – શિક્ષણર્ષિ હરભાઈ ત્રિવેદી: એક યુગદ્રષ્ટા વ્યક્તિત્વનું શબ્દચિત્ર

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

'આકૃતિ ગુણાન કથયતિ' હરભાઈનું પ્રભાવશાળી બાહ્ય વ્યક્તિત્વ તેમના ઉમદા આંતરિક ગુણોનું જ આબેહૂબ પ્રતિબિંબ હતું.

પ્રભાવશાળી દેહ અને મુખમુદ્રા: છ ફૂટની ઊંચાઈ ધરાવતા હરભાઈનું શરીર સુગઠિત અને આકર્ષક હતું. તેમની તેજસ્વી આંખો અને ચહેરા પરના કાયમી ગાંભીર્ય પાછળ એક સહજ સ્મિત અને પ્રસન્નતા છુપાયેલી રહેતી.

સાદો અને સુઘડ પોશાક: તેઓ સદા શ્વેત ખાદીના વસ્ત્રો (ધોતિયું, કફની, ગાંધીટોપી), દેશી ચંપલ, સાદું ઘડિયાળ અને ખિસ્સામાં એક મોટી ફાઉન્ટન પેન ધારણ કરતા, જે તેમના પડછંદ દેહને વધુ શોભાવતું.

વિચારોની નિર્મળતા: તેમના પોશાકમાં જેવી સ્વચ્છતા અને શ્વેતતા હતી, તેવી જ પવિત્રતા તેમના વિચારો, વાણી, વર્તન અને હૃદયની ઉદારતામાં પણ જોવા મળતી હતી.

હરભાઈ જેટલું આકર્ષક હાસ્ય ધરાવતા, તેટલી જ તેમની વાણી શ્રવણમનોહર અને વેધક હતી. તેઓ ઊભા હોય, બેઠા હોય કે ચાલતા હોય દરેક સ્થિતિમાં સ્થિર, ટટાર અને ચપળ રહેતા અને અન્યને પણ પ્રેરણા પૂરી પાડતા. તેમના દરેક કાર્યમાં ચોકસાઈ અને સજ્જતા સ્પષ્ટ દેખાઈ આવતી. તેમની સાદગીમાં સૌંદર્ય હતું અને ગંભીરતામાં ગરિમા. ધૈર્ય, સાહસ, સરળતા, શાંતિ, ક્ષમતા અને ક્ષમા જેવા અનેક ગુણયુગ્મો તેમના વ્યક્તિત્વના મુખ્ય પાસાં હતાં. ટૂંકમાં, હરભાઈ એટલે હરભાઈ, તેમની સરખામણી અન્ય કોઈ સાથે થઈ શકે તેમ નહોતી. તેમની વાતચીતની શૈલી અને સહજ વ્યવહારમાં ઉચ્ચ સંસ્કારિતાના દર્શન થતાં. શિક્ષક વિશેની તેમની માન્યતા બહુ સ્પષ્ટ હતી: "શિક્ષકે બાળકને ભણાવતા પહેલાં સંસ્કાર આપવાના હોય છે. શુષ્ક ભાષા બોલતો, અસ્વચ્છ, હાસ્યાસ્પદ પોશાક પહેરતો, વ્યસની કે વિદ્યાર્થીઓને ધિક્કારતો શિક્ષક ક્યારેય આદર્શ ન બની શકે."

હરભાઈ સ્વયં એક જન્મજાત આદર્શ અને સુઘડ શિક્ષક હતા. પોતાના સહેજ પણ અનુચિત વર્તનની કુમળા બાળકો પર ખોટી છાપ ન પડે, તેની તેઓ સદાય ચિંતા કરતા. ઈશ્વરે હરભાઈને અખંડ તન-મનનું સ્વાસ્થ્ય બક્ષ્યું હતું. બાલ્યાવસ્થાથી મૃત્યુ પર્યંત તેઓ સદાય સ્વસ્થ અને ઉત્સાહી રહ્યા. વારસામાં મળેલી ઊંચાઈ અને શારીરિક સક્ષમતાને તેમણે સખત પરિશ્રમ, વ્યાયામ અને સાત્વિક આહાર દ્વારા દિનપ્રતિદિન વિકસાવી હતી. 'મજબૂત શરીર, મજબૂત મન'નું સૂત્ર તેમના જીવનમાં ચરિતાર્થ થતું હતું. તેઓ જેટલા શારીરિક રીતે સશક્ત હતા, તેનાથી વિશેષ નિર્ભીક મનોબળ ધરાવતા હતા. તેઓ ક્યારેય નિરાશ થતા નહીં કે ક્રોધ વશ થતા નહીં. ગમે તેવી જટિલ સમસ્યાઓ વચ્ચે પણ તેઓ હસતા મુખે અંધકારમાં પ્રકાશનું કિરણ શોધી લેતા. તેઓ માનવસહજ નબળાઈઓ અને ગ્રંથિઓથી તદ્દન અલિપ્ત હતા. તેમનું માનવું હતું કે લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિની ગુલામી એ સરમુખત્યારોની ગુલામી કરતાં પણ વધુ કરુણ છે. એક મોટી સંસ્થાના વડા હોવા છતાં તેમણે ક્યારેય સત્તાનો ગર્વ કર્યો નહીં. કસૂરવારને સખત ઠપકો આપતી વખતે પણ તેમણે ક્યારેય પોતાની સમતુલા ગુમાવી નહોતી. જીવનના માઠા પ્રસંગોમાં પણ તેમની આંખમાં આંસુ નહોતા આવ્યા કે નહોતી તેમની વાણી થડકી. તેમના મનની મક્કમતા અને હૃદયની કોમળતા માટે "વજ્રાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ" શબ્દો તદ્દન યથાર્થ ઠરે છે.

હરભાઈ પ્રત્યેક વ્યક્તિ સાથે તુરંત આત્મીયતા સાધી શકતા અને આજના આધુનિક મેનેજમેન્ટના છ મુખ્ય સૂત્રોને તેમણે પોતાના સમયમાં જ સંસ્થાઓના સંચાલનમાં સહજતાથી અમલમાં મૂક્યા હતા.

સંબંધો અને વ્યવસ્થાપન: તેઓ પ્રશંસા, શ્રવણ, પ્રત્યાયન, સુસજ્જતા, ઉત્સાહ અને પરિવર્તનના આગ્રહી હતા તેમજ બાળકોથી લઈને વૃદ્ધો સુધીની દરેક વયની વ્યક્તિ સાથે સરળતાથી ભળી જતા.

હકારાત્મક અને આધ્યાત્મિક અભિગમ: તેઓ સકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતા હતા. ધાર્મિક રૂઢિચુસ્ત ન હોવા છતાં, તેઓ પ્રાર્થના અને ધ્યાનની શક્તિમાં અતૂટ શ્રદ્ધા રાખતા.

જીવન મંત્ર: તેમના મતે, "માનવીનું મન જ સર્વોપરી છે, મન એ જ દેવતા અને મન એ જ આત્મા છે."

ગૃહજીવનની ગરિમા: હરભાઈને એક સફળ શિક્ષણશાસ્ત્રી બનાવવામાં તેમના સરળ, સાદગીપ્રિય અને નીતિપરાયણ પત્ની સંતોકબેનનો મોટો ફાળો હતો. ઓછું ભણેલા હોવા છતાં તેઓ હરભાઈના વિચારોને પૂર્ણપણે સમજતાં અને સંસ્થાના બાળકોને પોતાના નાના ઘરમાં પણ માતાની જેમ સ્નેહથી પોષતાં. શાળામાં બાળકોના વિકાસની ચિંતા કરતા હરભાઈ અને ઘરમાં ગુરુપત્ની જેવું ભવ્ય વ્યક્તિત્વ ધરાવતા સંતોકબેન આ બંનેના પારસ્પરિક પ્રેમને કારણે જ તેમનું ગૃહજીવન સ્નેહ, શાંતિ અને શિસ્તના સૂરથી ગુંજતું હતું.

પરિશ્રમ, પુરુષાર્થ અને ક્રાંતિકારી માનસ: હરભાઈનું જીવન પ્રચંડ પુરુષાર્થ અને પરિશ્રમની ઈમારત પર ચણાયેલું હતું. પ્રારબ્ધ જેવા શબ્દોને તેમના જીવનમાં કોઈ સ્થાન નહોતું. તેમણે કોઈ પરંપરાગત શિક્ષકની તાલીમ લીધી નહોતી, જે એક રીતે આશીર્વાદરૂપ સાબિત થઈ; પરિણામે તેઓ ચીલાચાલુ શિક્ષક બનવાને બદલે એક સર્જક અને સ્વતંત્ર વિચારક બન્યા. તેઓ ક્યારેય પુસ્તકિયા જ્ઞાન પર આધાર રાખતા નહીં અને વ્યવહારમાં ચકાસ્યા વિના કશું સ્વીકારતા નહીં. દક્ષિણામૂર્તિ અને 'ઘરશાળા' સંસ્થાના પાયા નાખવામાં તેમજ ભાવનગર યુનિવર્સિટીનો નકશો તૈયાર કરી તેના વાઇસ-ચાન્સેલર તરીકે સફળ સંચાલન કરવામાં તેમનો અગાધ પુરુષાર્થ અને આત્મવિશ્વાસ કારણભૂત હતો.

બાલ્યાવસ્થાથી જ તેમનું માનસ ક્રાંતિકારી હતું. બાળપણમાં શાળાના દમનનો વિરોધ કરનાર હરભાઈએ શિક્ષક બનીને ક્યારેય કોઈ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેઓ વડીલો અને અધિકારીઓ પ્રત્યે આદર રાખતા, પરંતુ અન્યાય કે ખોટી બાબતો સામે વિવેકપૂર્ણ વિરોધ નોંધાવતા ક્યારેય અચકાતા નહીં. તત્કાલીન ગાંધીવાદી વિચારસરણી વચ્ચે પણ તેમણે શિક્ષણમાં ઉદ્યોગોના અતિરેક અને પદ્ધતિઓનો બૌદ્ધિક વિરોધ કર્યો હતો. રૂઢિચુસ્ત સમાજ સામે લડીને પણ તેમણે શિક્ષણમાં જાતીય વિજ્ઞાન અને માનસશાસ્ત્રના મહત્વને સ્વીકાર્યું હતું.

અમલદારશાહીનો વિરોધ: હરભાઈ શિક્ષણ અને વ્યવસ્થામાં સમાનતા અને લોકશાહીના ચુસ્ત હિમાયતી હતા. તેઓ આચાર્યના અમલદારી વલણના કટ્ટર વિરોધી હતા. તેમનું વડપણ એક ખુલ્લી કિતાબ જેવું હતું. તેમની કોઈ બંધ કચેરી કે કારકૂન નહોતા; પ્રાર્થના-ખંડના એક ખૂણામાં તેમનું ટેબલ રહેતું, જ્યાંથી તેઓ સૌને જોઈ શકતા અને કોઈપણ વ્યક્તિ રોકટોક વિના તેમને મળી શકતી. શિક્ષકો કે માબાપો બાળકો પર શિસ્ત લાદવા ભયનું વાતાવરણ ઊભું કરે તે તેમને કદપી મંજૂર નહોતું. તેઓ કહેતા:

"અમલદારો જુલ્મગાર છે અને અમલદારશાહીનો આયુષ્ય ટૂંકું હોય છે, જ્યારે પ્રેમ અને સહકારથી થયેલું કામ ચિરંજીવી પરિણામો આપે છે."

સુનિયોજિત દિનચર્યા: મહાન પુરુષોની મોટાઈ તેમની દિનચર્યામાં છુપાયેલી હોય છે. હરભાઈના જ્યેષ્ઠ પુત્રી શ્રીમતી જશીબહેનના સ્મરણો મુજબ, હરભાઈ પોતાની નિશ્ચિત દિનચર્યાનું કડક પાલન કરતા.

પ્રાત:કાળ: તેઓ દરરોજ સવારે છ વાગ્યે ઊઠી જતા. ઘરના તમામ બાળકોને હસતાં-રમાડતાં નવડાવતા, પથારીઓ જાતે વાળતા અને સંતોકબેનને ઘરકામ તથા સફાઈમાં મદદ કરતા. પોતાના કપડાં તેઓ જાતે જ ધોવાનો આગ્રહ રાખતા.

શાળા સમય: સવારે સાડા આઠ વાગ્યે તેઓ શાળાએ જતા અને દસ વાગ્યે પરત આવી સ્નાન-ભોજન પતાવતા. ફરી અગિયાર વાગ્યે શાળાએ પહોંચી, ૧૧:૧૦ ની પ્રારંભિક પ્રાર્થનાસભામાં અચૂક હાજર થઈ જતા.

સાંજનો ક્રમ: શાળા છૂટ્યા પછી પાંચથી છ દરમિયાન તેઓ શિક્ષકો સાથે રોજબરોજની ચર્ચા કરતા. સાંજે ઘરે પરત ફરતી વખતે બાળકોને રસ્તામાં

આભાર - નિહારીકા રવિયા આવતા વૃક્ષો, વનસ્પતિ અને પક્ષીઓ બતાવીને સહજતાથી વિજ્ઞાન શીખવતા.

રાત્રિનો ક્રમ: રાત્રે સાડા સાત વાગ્યે પરિવાર સાથે સમૂહભોજન (વાળુ) કરતી વખતે દરેક સભ્ય દિવસભરની વાતો મુક્તપણે શૅર કરતો. ત્યારબાદ રાત્રે નવ-દસ વાગ્યા સુધી તેઓ મિત્રો, વાલીઓ અને શિક્ષકોને મળીને તેમની સમસ્યાઓ ઉકેલતા.

આમ, હરભાઈ ત્રિવેદી એક પ્રચંડ પુરુષાર્થી, ક્રાંતિકારી શિક્ષણશાસ્ત્રી અને નિર્મળ માનવતાવાદી સંસ્કારમૂર્તિ તરીકે ઇતિહાસમાં અમર રહેશે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે તમારા સ્વાસ્થ્ય જીવનને જોઈએ તો, આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ દરમિયાન તમે ઉર્જાથી ભરેલા રહેશો અને તમારા દરેક કામને કાર્યક્ષમતા સાથે પૂર્ણ કરવાનો દરેક સંભવ પ્રયાસ પણ કરશો. આવા સમયે તમારે પોતાને નકામી વાતો પર ધ્યાન આપતા રોકવા પડશે. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું, તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. કારણ કે સંભવ છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક મદદની અપેક્ષા રાખે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયું તમારા પારિવારિક જીવન માટે, સામાન્ય કરતાં વધુ અનુકૂળ રહેશે. કારણ કે અઠવાડિયાની શરૂઆત, પારિવારિક જીવન માટે ઘણી બહેતર રહેશે અને આ દરમિયાન પારિવારિક સભ્યો વચ્ચે બહેતર તાલમેલ જોવા મળશે. આના પરિણામ સ્વરૂપ તમે દરેક ઘરેલું કાર્યમાં, મનથી ભાગ લઈ શકશો અને પારિવારિક સહયોગના કારણે સફળતા પ્રાપ્ત કરશો. આ અઠવાડિયે સંભવ છે કે કાર્યક્ષેત્રનું કોઈ કાર્ય પૂરું કરવામાં તમને પરેશાની આવે, પરંતુ તમારા વરિષ્ઠો દેવદૂતો જેવું વર્તન કરતા, તમને દરેક સમસ્યામાંથી મુક્તિ અપાવી શકે છે. આના માટે તમારે તેમને શરૂઆતમાં જ તમારી દરેક પરેશાની વિશે અવગત કરાવતા, તેમનો સહયોગ લેવાની જરૂર પડશે.

**વૃષભ - (બ, વ, ઉ)**ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે ઘરેલું કે પરિવારના ઈલાજ સાથે જોડાયેલા ખર્ચાઓમાં સારો એવો વધારો જોવા મળશે. આ કારણે તમને પણ આર્થિક સંકટનો આભાસ થતા, માનસિક તણાવ અને બેચેનીનો સામનો કરવો પડી શકે છે. તેથી પોતાને શાંત રાખવાનો પ્રયાસ કરો, અન્યથા બીજાની ખરાબ સેહત સાથે-સાથે, તમારે પોતાની ખરાબ સેહત પર પણ પોતાનું ધન ખર્ચ કરવું પડશે. આ અઠવાડિયે તમારી પાસે ધન તો હશે, પરંતુ કોઈ વસ્તુની ખરીદીના કારણે તમારા માટે તે પર્યાપ્ત નહીં હોય. જેના ચાલતા સંભવ છે કે તમે કોઈ બૅંક કે અન્ય કોઈ સંસ્થામાંથી લોન કે દેવું લેવાનો પ્લાન કરી શકો છો. જો કે સંભવ હોય તો અત્યારે એવું કરવાથી બચો અને ખરીદીને પછીના સમય માટે ટાળી દો. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારા આર્થિક જીવનમાં ચાલી રહેલી તંગી, પરિવારમાં તમને બીજાની સામે શર્મિંદા કરી શકે છે. કારણ કે સંભવ છે કે ઘરનો કોઈ સભ્ય તમારી પાસે કોઈ વસ્તુ કે ધનની માંગ કરે, જેને તમે પૂરી કરવામાં અસફળ રહો. આ અઠવાડિયે તમને એ સમજવાની ખૂબ જરૂર છે કે જો તમે તમારી મહેનતનું પૂરું પરિણામ મેળવવા માંગો છો તો, પોતાના મનને સકારાત્મક રાખવાનો પ્રયાસ કરો. કેમ કે આ અઠવાડિયું તમારા કરિયર માટે, સામાન્ય કરતાં વધુ મહત્વપૂર્ણ થવાનું છે, જેના પરિણામ સ્વરૂપ આ દરમિયાન તમને કેટલાય નવા અવસરો મળવાની સંભાવના છે. આ અઠવાડિયે ઉચ્ચ શિક્ષણ ગ્રહણ કરી રહેલા વિદ્યાર્થીઓએ, બેવજહ પોતાના મનમાં શંકા પેદા કરવાથી બચવું પડશે.

**મિથુન-(ક,છ,ઘ) :-**ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે જો તમે માંસાહાર કરો છો તો, આ અઠવાડિયે તમને નબળાઈની સમસ્યામાંથી મુક્તિ મળી શકશે. જો કે આના માટે બહેતર એ પણ રહેશે કે બહારથી જમવાનું મંગાવવાની જગ્યાએ, ઘરે જ બનાવેલું ભોજન ખાઓ અને ભોજનને હજમ કરાવવા માટે, દરરોજ લગભગ 30 મિનિટ સુધી ચાલો. તમારે આ વાત સમજવી પડશે કે, જો તમે તમારી સર્જનાત્મક પ્રતિભાને સાચી રીતે ઈસ્તેમાલ કરો તો, તે ઘણી ફાયદાકારક સાબિત થશે અને તમે તેની જ મદદથી પોતાની આર્થિક સ્થિતિને બહેતર કરી શકશો. જેનાથી આવનારા સમયમાં તમને સારો લાભ મળી શકશે. કેટલાક લોકો માટે, પરિવારમાં કોઈ નવા મહેમાનનું આવવું જશ્ન અને ઉલ્લાસની પળો લઈને આવશે. આનાથી ઘરમાં નવી-નવી વાનગીઓ બનશે અને સાથે જ તમને લાંબા સમય પછી, પૂરા પરિવાર સાથે બેસવાનો અને સમય વિતાવવાનો અવસર પણ મળશે. જો તમે આ વાત સાથે સહમત છો કે સમય જ પૈસો છે તો, તમારે પોતાની ક્ષમતાઓને શીર્ષ પર પહોંચાડવા માટે આ અઠવાડિયે વિના વિલંબે, બધા જરૂરી પગલાં ભરવા પડશે.

**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે કાનૂની મામલાઓની વજહથી, આ અઠવાડિયે તમને શારીરિક અને માનસિક બંને જ રૂપે તણાવ મુમકિન છે. કેમ કે તમને દરેક સમયે આ વાત પરેશાન કરતી રહેશે, જેનાથી તમે સાચી ઊંઘ લેવામાં પણ અસમર્થ હશો. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે નિશ્ચિત તોર પર, તમારી વિપરીત નાણાકીય સ્થિતિમાં સુધારો થવાના યોગ બનશે. પરંતુ આ દરમિયાન તમે એ ખર્ચ પણ કરી શકશો, જેને કરવામાં તમે ભૂતકાળમાં અસમર્થ હતા. આનાથી તમારા ખર્ચાઓમાં પણ વધારો થવાની આશંકા રહેશે. આવા સમયે ધન પ્રત્યે જરા પણ બેદરકારી તમારા માટે, નુકસાનદેહ સિદ્ધ થઈ શકે છે. પારિવારિક તાલમેલમાં આવી રહેલી દરેક પ્રકારની પરેશાની, આ અઠવાડિયે તમે દૂર કરવામાં સફળ રહેશો. જેનાથી કેટલીય એવી સ્થિતિઓ ઉત્પન્ન થશે કે, પારિવારિક લોકોની મધ્ય ભાઈચારો વધશે. અત: આ સમયે તમારા માટે આવશ્યક હશે કે તમે સ્વયં પણ ઘરેલું કાર્યોમાં ભાગ લેતા, ઘરની મહિલાઓની મદદ કરો. આ અઠવાડિયે ઘર-પરિવારમાં ચાલી રહેલો કોઈ મસલો, તમારા કરિયરને બાધિત કરી શકે છે.

**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારું મન પોતાના મિત્રો અને નજીકના લોકો સાથે, કોઈ સુંદર સ્થળની યાત્રા પર જવાનું કરી શકે છે. પરંતુ તમારે આ દરમિયાન કોઈ પણ યાત્રા પર વધારે ખાવાથી બચવું પડશે, અન્યથા તમારું પેટ ખરાબ થઈ શકે છે. તમારે આ વાત સમજવી પડશે કે, જો તમે તમારી સર્જનાત્મક પ્રતિભાને સાચી રીતે ઈસ્તેમાલ કરો તો, તે ઘણી ફાયદાકારક સાબિત થશે અને તમે તેની જ મદદથી પોતાની આર્થિક સ્થિતિને બહેતર કરી શકશો. જેનાથી આવનારા સમયમાં તમને સારો લાભ મળી શકશે. આ અઠવાડિયે પોતાની સુખ-સુવિધાઓ કરતાં વધારે, પોતાના પરિવારના સભ્યોની જરૂરિયાતો પર જ ધ્યાન આપવું, તમારી અસલ પ્રાથમિકતા હોવી જોઈએ. કારણ કે આનાથી જ તમને પરિવારમાં ચાલી રહેલી કેટલીય એ પરિસ્થિતિઓ વિશે ખબર પડશે, જેનાથી તમે હજી સુધી અંજાણ હતા. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે કારોબારીઓને આ અઠવાડિયે ભૂતકાળના કોઈ જૂના રોકાણની વજહથી, કોઈ મોટું નુકસાન થઈ શકે છે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે તમને આ વાતનો અહેસાસ થશે કે તમારું સ્વાસ્થ્ય જો સારું છે તો, તમે જીવનના દરેક પક્ષનો આનંદ ઉઠાવી શકો છો. આ દરમિયાન આ રાશિના મોટાભાગના જાતકો, આ વાત પર અમલ કરતા, પોતાની ખરાબ આદતોમાં સુધારો કરવાનો પ્રયાસ કરશે. સંભાવના છે કે આ સમય તમારી જિંદગીમાં, પગાર વધારાના કેટલાય યોગ લઈને આવે. જેના કારણે જો તમારા જીવનમાં અપ્રત્યાશિત રૂપે ખર્ચાઓની વૃદ્ધિ પણ થશે, તો પણ આની અસર તમારી આર્થિક સ્થિતિ પર નહીં પડે. જો કે તમે પોતાને આર્થિક રૂપે વધુ મજબૂત કરવા માટે, તમારા ધનના બેવજહ ખર્ચ પર નિયંત્રણ લગાવતા, તેના સંચય તરફ પોતાના પ્રયાસોને રફ્તાર આપી શકો છો. આ અઠવાડિયે તમારામાં, મુખ્ય રૂપે ધૈર્યની ઘણી કમી જોવા મળશે. તેથી સંયમ રાખો, ખાસ કરીને પરિવારથી જોડાયેલા મુદ્દાઓને લઈને તમારે વિશેષ ધ્યાન રાખવાની જરૂર પડશે. કારણ કે તમારી તલ્ખી આસપાસના લોકો, ઘરના લોકો કે તમારા મિત્રોને દુ:ખી કરી શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે કરિયરથી સંબંધિત કોઈ પણ જરૂરી વાતો કે યોજના દરેક સાથે શેર કરવાથી તમારે પરહેજ કરવાની જરૂર પડશે.

**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયાની શરૂઆત તમારા સ્વાસ્થ્ય જીવનના લિહાજથી, અનુકૂળ કહી શકાય નહીં. જો કે અઠવાડિયાના અંતમાં તેમાં સુધારો થતો દેખાશે. તેથી બહેતર એ જ રહેશે કે સેહતને લઈને, સૌથી વધુ અઠવાડિયાની શરૂઆતમાં જ વધારે સતર્કતા રાખો. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે તમારા આર્થિક નિર્ણયોમાં સુધારો, આ અઠવાડિયે તમારા જીવનમાં સકારાત્મક પ્રભાવ નાખી શકે છે અને આનાથી તમને ભૂતકાળના દરેક નુકસાનમાંથી ઉભરવામાં પણ મદદ મળશે. જેનાથી એક વાર ફરીથી વસ્તુઓ, પુન: પાટા પર આવતી પ્રતીત થશે. એક ખુશનુમા અને બળિયા અઠવાડિયા માટે, તમારું ઘર મહેમાનોથી ભરાઈ શકે છે. આની સાથે જ આ દરમિયાન પરિવાર સાથે સામાજિક પ્રવૃત્તિઓ પણ, ઘરના સભ્યોને ખુશ રાખવામાં તમારી મદદ કરશે. આ રાશિવાળા જાતકોને આ અઠવાડિયે, પોતાના માટે ઘણો સમય તો મળશે. પરંતુ તમે તેનો ઉપયોગ કરવાને બદલે તેને બરબાદ કરી શકો છો. તેથી તમે આ સમયનો ઉપયોગ કરી, પોતાના કેટલાક શોખ પૂરા કરી શકો છો.

**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારા જીવનમાં કેટલાય એવા મોટા બદલાવ આવી શકે છે, જેના માટે તમે તૈયાર નહોતા. આ કારણે તમારો જિંદગી તરફનો નજરો કંઈક ઉદાસ દેખાશે અને તમે ન ચાહતા પણ પોતાને, નકામી નકારાત્મકતાથી ઘેરાયેલા અનુભવશો. આ અઠવાડિયાની શરૂઆત ભલે તમારા માટે આર્થિક મુદ્દાઓને લઈને સારી હોય, પરંતુ અઠવાડિયાના અંતમાં કોઈ વજહથી તમારું ધન ખર્ચ થઈ શકે છે. જેનાથી તમે પરેશાન થશો. આવા સમયે શરૂઆતથી લઈને અંત સુધી, સાચી રણનીતિ અનુસાર જ પોતાનું ધન ખર્ચ કરો. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે કાર્યસ્થળ પર આ અઠવાડિયે તમારી વિરુદ્ધ, કેટલીય મજબૂત તાકાતો ષડયંત્ર કરી રહી છે. તેથી એવા પગલાં ભરવાથી તમારે અત્યારે બચવું જોઈએ, જેના ચાલતા તેમનો અને તમારો સામનો થાય. કારણ કે આનાથી તમે પોતાને અત્યંત તણાવ ગ્રસ્ત કરી શકો છો, જેનો નકારાત્મક અસર પારિવારિક જીવન પર પણ પડશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારા જીવનમાં કેટલાય એવા મોટા બદલાવ આવી શકે છે, જેના માટે તમે તૈયાર નહોતા. આ કારણે તમારો જિંદગી તરફનો નજરો કંઈક ઉદાસ દેખાશે અને તમે ન ચાહતા પણ પોતાને, નકારાત્મકતાથી ઘેરાયેલા અનુભવશો. એ જોવામાં આવ્યું છે કે તમે જીવનમાં પૈસાની અહેમિયતને નથી સમજતા, પરંતુ આ અઠવાડિયે તમને પૈસાની અહેમિયત સારી રીતે સમજાઈ શકે છે. કારણ કે આ દરમિયાન તમને પૈસાની ખૂબ આવશ્યકતા હશે, પરંતુ તમારી પાસે પર્યાપ્ત ધન નહીં હોય. સાથે જ આ મામલામાં તમે કોઈ નજીકના વ્યક્તિથી પણ, આર્થિક સહયોગની અપેક્ષા નહીં રાખી શકો. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે પોતાની સુખ-સુવિધાઓ કરતાં વધારે, પોતાના પરિવારના સભ્યોની જરૂરિયાતો પર જ ધ્યાન આપવું, તમારી અસલ પ્રાથમિકતા હોવી જોઈએ. કારણ કે આનાથી જ તમને પરિવારમાં ચાલી રહેલી કેટલીય એ પરિસ્થિતિઓ વિશે ખબર પડશે, જેનાથી તમે હજી સુધી અંજાણ હતા. જે ભૂતકાળના અધૂરા પડેલા કાર્યોને લઈને તમારા વરિષ્ઠ અધિકારીઓથી તમને પહેલા ડાંટ પડી હતી, તેમને તમે આ અઠવાડિયે પણ પૂરા કરવામાં અસફળ થઈ શકો છો. જેનાથી તમારા માનસિક તણાવમાં વૃદ્ધિ તો થશે જ સાથે જ, આશંકા છે કે આ કાર્ય તમારી પાસેથી લઈને કોઈ બીજા સહકર્મીને આપી દેવામાં આવે.

**મકર - (ખ, જ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે જો તમે કોઈ મોટી બીમારીથી પીડિત હતા તો, આ અઠવાડિયે ડોક્ટરની મહેનત અને તમારા ઘરવાળાઓની સાચી દેખભાળ, તમારી સેહતમાં સુધારો લઈને આવશે. આ કારણે તમે પોતાની આ બીમારીથી હંમેશા-હંમેશા માટે મુક્તિ પામી શકશો. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ રાશિના જાતકો માટે આર્થિક લિહાજથી આ અઠવાડિયું, ઘણું સારું જવાની ઉમ્મીદ છે. કારણ કે, ગ્રહોની દશા અને દિશા આ સમયે તમારા માટે ઘણી અનુકૂળ સ્થિતિમાં નજર આવી રહી છે. આવા સમયે તમે પ્રોપર્ટી કે જમીનથી જોડાયેલા કોઈ કોર્ટ-કચેરીના મામલામાં પણ, સફળતા અર્જિત કરી શકો છો. તમારી માતાજીને આ અઠવાડિયે, પોતાની કોઈ જૂની વ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓમાંથી મુક્તિ મળી શકશે. જે કારણે તમારા મનમાં તેમની સાથે, વધારેમાં વધારે સમય વ્યતિત કરવાની ઈચ્છા જાગૃત થઈ શકે છે. માતા-પિતાનું બહેતર સ્વાસ્થ્ય જોઈ, તમે તમારા પરિવાર સાથે કોઈ ધાર્મિક સ્થળની યાત્રા કે કોઈ પિકનિક પર જવાનો પ્લાન કરી શકો છો. જો કે આ દરમિયાન પણ, તેમની સેહતને લઈને થોડા સજાગ રહો. આ અઠવાડિયે તમારે તમારા વ્યાવસાયિક ક્ષેત્રમાં નિર્ણય લેવાના મામલામાં વધારે સાવધાની રાખવી પડશે કારણ કે આ સમય વળી કરિયરમાં તમને સારા પરિણામ આપશે, પરંતુ બધું સારું-સારું થતું જોઈને, તમે થોડું અંદરથી ઈમોશનલ અનુભવી શકો છો.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-**ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે એક્સરસાઈઝ કે યોગને પોતાના જીવનનો હિસ્સો, આ દરમિયાન તમે બનાવી શકો છો. કેમ કે આ સમયે કેટલાય ગ્રહ-નક્ષત્રોની અનુકૂળ ચાલ, તમને તમારા સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવા માટે પ્રોત્સાહન આપશે. તેથી આનો ઉત્તમ વ ઉચિત લાભ ઉઠાવો. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમે ઉર્જાથી લબરેજ રહેશો અને મુમકિન છે કે, તમને અચાનકથી કોઈ એવો અનદેખ્યો મુનાફો પણ મળે જેની તમે અત્યારે ઉમ્મીદ નહોતી કરી. આવા સમયે આ મુનાફાનો એક નાનો સરખો હિસ્સો, સામાજિક કાર્યોમાં પણ જરૂર ઈસ્તેમાલ કરો. તમારું કોઈ પણ કારણવશ, મોડી રાત સુધી ઘરથી બહાર રહેવું કે પોતાની સુખ-સુવિધાઓ પર જરૂરિયાત કરતાં વધારે ધન ખર્ચ કરવું, આ અઠવાડિયે તમારા માતા-પિતાને નારાજ કરી શકે છે. તેથી શરૂઆતથી જ આ વાતનું ધ્યાન રાખતા, એવું કંઈ ન કરો જેના કારણે તમારે તેમનાથી ડાંટ કે ફટકાર ખાવી પડે. કારણ કે આનાથી તમારો મૂડ તો ખરાબ થશે જ, સાથે જ પારિવારિક વાતાવરણમાં પણ અશાંતિનો માહોલ ઉત્પન્ન થતો દેખાશે. આ અઠવાડિયે નોકરી પેશાથી જોડાયેલા આ રાશિના જાતકો, પોતાની પ્રતિભાનો પૂર્ણ ઈસ્તેમાલ કાર્યક્ષેત્રમાં નહીં કરી શકે. જેનાથી તમને કરિયરમાં આગળ વધવામાં, પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે આર્થિક જીવનમાં આવી રહેલી કેટલીય દિક્કતો, તમારા સ્વાસ્થ્ય જીવનમાં પણ પરેશાનીનું સબબ બની શકે છે. કેમ કે આ દરમિયાન તમારા મનમાં છલકાઈ રહેલી તણાવની સ્થિતિઓના કારણે તમે ભરપૂર આહાર લેવામાં અસમર્થ હશો, જેનાથી સેહતમાં ગિરાવટ આવશે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે કાર્યક્ષેત્ર પર આ અઠવાડિયે તમારા કોઈ સહકર્મીની વજહથી, તમારી છબી ખરાબ થશે. આનાથી તમારા પગાર વધારા પર બ્રેક તો લાગશે જ, સાથે જ તમારે આર્થિક હાનિથી પણ દો-ચાર થવું પડશે. ઘર-પરિવારમાં જો વડીલો-વૃદ્ધો છે તો, આ અઠવાડિયે તેમની બેજા માંગો અને તેમનું જરૂરિયાત કરતાં વધારે તમારી પાસે અપેક્ષા રાખવું, તમને પરેશાન કરી શકે છે. જેના કારણે તમારું ખાનગી જીવન તો તણાવપૂર્ણ રહેશે જ, સાથે જ આનો નકારાત્મક પ્રભાવ તમારા કાર્યક્ષેત્રને પણ બાધિત કરી શકે છે. કાર્યક્ષેત્ર પર આ અઠવાડિયે તમારો બીજા સાથે મતભેદ ઉત્પન્ન થશે, જે ધીરે-ધીરે વધુ વધી શકે છે. આનાથી તમારી છબી અને પદ-પ્રતિષ્ઠામાં ગિરાવટ આવશે, જેનો સીધો નકારાત્મક પ્રભાવ તમારા કરિયર પર દેખાશે. શિક્ષણના ક્ષેત્રમાં આ રાશિના જાતકોને, આ પૂરા જ અઠવાડિયે મનચાહ્યા પરિણામ પામવા માટે પોતાનાથી મોટાઓ અને શિક્ષકોની મદદ લેવી પડશે.

# નામાંકિત વ્યક્તિઓમાં ૧૯૮૦ના દાયકાના લુકનો ટ્રેન્ડ



સોશિયલ મીડિયા પર દરરોજ કંઈને કંઈ ટ્રેન્ડ થતું રહે છે. ખાસ કરીને એઆઈ આવ્યા બાદ દરરોજ ફોટોઝના નવા નવા અંદાજ શૅર થતા રહે છે. પણ છેલ્લા બેથી ત્રણ દિવસથી ૧૯૮૦ના દાયકાના ફોટોનો ટ્રેડ ચાલી રહ્યો છે જેમાં ખેલાડીઓ, નેતાથી લઈને અભિનેતા સુધના લોકોએ પોતાના એ સમયના લૂકના ફોટો શૅર કર્યા છેઆ ફોટો એઆઈ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે, ચોક્કસ પ્રોમ્પ્ટની મદદથી આ ફોટો તૈયાર કરાયા છે અને પછી સોશિયલ મીડિયા પર શૅર કરવામાં આવ્યા છે. આ કારણે સોશિયલ મીડિયા પર નોસ્ટેલ્જિયા માહોલ તૈયાર થઈ ગયો છે. આ ટ્રેન્ડ વાયરલ થઈ રહ્યો છે. કોંગ્રેસના સાંસદ શશી શરૂરે પણ પોતાનો રેટ્રો લૂક શૅર કર્યો છે. આ ટ્રેંન્ડમાં લોકો પોતાની નવી તસવીરને એ જમાનાની તસવીરમાં બદલી રહ્યા છે. એ સમયના કપડાં, ફેશન, સ્ટાઈલ, લૂક, આઉટફિટ્સ અને મેકઅપથી લઈને હેર સ્ટાઈલ સુધીની વસ્તુઓ બદલી રહ્યા છે. એઆઈથી બનાવવામાં આવેલી આ તસવીરો સોશિયલ મીડિયા પર ફરે છે પણ એક વર્ગ એવો પણ છે જેણે આ યુગને જીવી લીધો છે.કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ, કિરણ રિજીજૂ, જ્યોતિરાદિત્ય સિંધિયા, આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમા, રાજસ્થાનના ડે.સીમ દીયા કુમારી, સાંસદ રાઘવ ચઢ્ઢા અને પરિણિતી ચોપરા, તમન્ના ભાટિયા, દીપિકા પાદુકોણ, કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, વિરાટ કોહલીએ બેક ટુ ૮૦ના કેપ્શન અંતર્ગત આવી તસવીર શૅર કરી છે. ફોટામાં ફક્ત વિન્ટેજ ફિલ્ટર લાગુ કરવાને બદલે, આ ટ્રેન્ડ હેરસ્ટાઈલ, કપડાં અને એસેસરીઝથી લઈને બેકગ્રાઉન્ડ, લાઈટિંગ અને કેમેરા ઈફેક્ટ્સ સુધીની દરેક વસ્તુમાં ફેરફાર કરવા માટે **AI** નો ઉપયોગ કરે છે.

# માત્ર નકશો બદલવાથી વાસ્તવિક ભૂસ્થિતિ નહીં બદલાય

**જમ્મુ અને કાશ્મીર તેમજ લડાખના કેન્દ્રશાસિત પ્રદેશો સહિત અરુણાચલ પ્રદેશ ભારતનો સાર્વભૌમ અને અવિભાજ્ય ભાગ છે,ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર સ્પષ્ટ કરી દીધું છે કે ક્ષેત્રીય અખંડિતતાના મુદ્દે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં અને સત્તાવાર ભારતીય નકશો જ આખરી ગણાશે.**

**[ દેશ અને દુનિયા ]**

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા તાજેતરમાં પસાર કરવામાં આવેલા "કરેક્ટ ધ મેપ" પ્રસ્તાવ અને તે અંતર્ગત રજૂ થયેલા નવા વિશ્વના નકશાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂ-રાજકીય ચર્ચા જાગી છે.

વિશ્વના આ નવા નકશામાં ભારતીય સ્થળોના ચિત્રણ અને તેને લઈને ઉપસ્થિત થયેલા વિવાદ તેમજ ભારત સરકારના રજૂ કરેલ સત્તાવાર સ્ટેન્ડ મહત્વપૂર્ણ રહ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં આફ્રિકન દેશ ટોગો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવ અંતર્ગત 'ઈક્વલ અર્થ' પ્રોજેક્શન આધારિત વિશ્વનો નવો નકશો લાવવામાં આવ્યો છે. જેથી તમામ ખંડોનું કદ વાસ્તવિક પ્રમાણમાં દેખાય. પરંતુ આ નકશામાં ભારતની આંતરરાષ્ટ્રીય સીમાઓના ચિત્રણમાં ગંભીર ભૂલો જોવા મળી છે.

ભારત દેશ સંબંધી કરવામાં આવેલ ચિત્રણ જોઈએ તો આ નવા નકશામાં અરુણાચલ પ્રદેશને ભારત અને ચીન વચ્ચેના વિવાદિત "દાવા રેખાઓ" વચ્ચેના વિસ્તાર તરીકે દર્શાવવામાં આવ્યો છે.અક્સાઈ ચીન (લડાખ): લડાખનો અવિભાજ્ય ભાગ એવા અક્સાઈ ચીન વિસ્તારને પણ પશ્ચિમ અને પૂર્વમાં અલગ અલગ દાવો દર્શાવતી રેખાઓ વચ્ચે અલગ પ્રદેશ તરીકે ચિત્રિત કરવામાં આવ્યો છે. જ્યારે જમ્મુ-કાશ્મીરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની લાઈન ઓફ કન્ટ્રોલને તૂટક રેખાઓ દ્વારા દર્શાવીને તેને વિવાદિત ક્ષેત્ર તરીકે નોટ કરવામાં આવ્યું છે. આ સિવાય ચીન દ્વારા પણ સમયાંતરે તેના "સ્ટાન્ડર્ડ મેપ"માં અરુણાચલ પ્રદેશને 'ઝેંગનાન' કહીને અને અક્સાઈ ચીનને પોતાના પ્રદેશ તરીકે દર્શાવવાના એકતરફી પ્રયાસો કરવામાં આવે છે.

ભારતના વિદેશ મંત્રાલયે આ બાબતે ભારતનું વલણ સ્પષ્ટ અને દ્રઢ રાખ્યું છે. ભારતે દ્વચ્છ માં 'ઈક્વલ અર્થ' પ્રસ્તાવના મૂળ સિદ્ધાંત (જેમાં ભૂગોળના કદનું સચોટ નિરૂપણ થાય છે) ની બાજુમાં મતદાન કર્યું હતું. પરંતુ ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે 'આ પ્રસ્તાવને કારણે કોઈ પણ ચોક્કસ રાજકીય નકશા કે નકશાની સીમાઓને સત્તાવાર માન્યતા મળતી નથી.'

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું કે:

"જમ્મુ અને કાશ્મીર તેમજ લડાખના કેન્દ્રશાસિત પ્રદેશો સહિત અરુણાચલ પ્રદેશ ભારતનો સાર્વભૌમ અને અવિભાજ્ય ભાગ છે. ભારતની આંતરરાષ્ટ્રીય સીમાઓ ભારતના સત્તાવાર નકશા મુજબ જ દર્શાવવી આવશ્યક છે. કોઈપણ પ્રકારનું ખોટું કે ગેરમાર્ગે દોરનારું ચિત્રણ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે." ચીને પોતાના નકશાઓમાં અગાઉ કરેલા એકતરફી દાવાઓ અને નામો બદલવાની પ્રવૃત્તિઓ સામે પણ ભારતે ડિપ્લોમેટિક ચેનલો દ્વારા સખત વિરોધ નોંધાવ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે માત્ર નકશા બદલવાથી કે નવા નામો રાખવાથી જમીની વાસ્તવિકતા બદલાતી નથી. સંયુક્ત રાષ્ટ્રનો નવો નકશો ભલે ભૌગોલિક કદની દ્રષ્ટિએ 'સમાન સમતલ' નો દાવો કરતો હોય, પરંતુ તેમાં ભારતના સંવેદનશીલ સરહદી વિસ્તારોને વિવાદિત દર્શાવવા એ ભારતના સાર્વભૌમત્વ પર સવાલ ઉઠાવવા સમાન છે. ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર સ્પષ્ટ કરી દીધું છે કે ક્ષેત્રીય અખંડિતતાના મુદ્દે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં અને સત્તાવાર ભારતીય નકશો જ આખરી ગણાશે.

# પંજાબી ઈન્ફ્લુએન્સરની હત્યાએ સર્જ્યા રહસ્યના અનેક તાણાવાણા : ડીએનએ ખોલશે મૃત્યુનું અસલી રહસ્ય

**પંજાબી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મનજીત કૌરનું અપહરણ અને ત્યાર બાદ કરવામાં આવેલી તેણીની હત્યા પોલીસ માટે કોયડારૂપ બની ગઈ છે.પોલીસે આ ઘટનામાં કથિત આરોપીની ધરપકડ કરી છે,પરંતુ હત્યાને કઈ રીતે અને ક્યાં કારણોસર અંજામ અપાયો તે રહસ્ય હજુ અકબંધ છે.**



**[ ક્રાઈમ સ્ટોરી ]**

પંજાબી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરની હત્યાના આરોપીની પોલીસે ધરપકડ કરી છે. આરોપીઓએ પૂછપરછ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. ૩ અને ૪ જુલાઈની રાત્રે, આરોપીએ ઈન્ફ્લુએન્સર મનજીત કૌર પર હુમલો કર્યો, તેણીને જંગલમાં એક ઝાડ સાથે બાંધી દીધી અને તેણીને આગ લગાવી દીધી. ૨૬ ઓગસ્ટના રોજ સારવાર દરમિયાન મનજીતનું મૃત્યુ થયું.

પંજાબ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મનજીત કૌરના અપહરણ અને હત્યાની તપાસ જેમ જેમ આગળ વધે છે, તેમ તેમ ઘટનાના સ્તરો વધુને વધુ ભયાનક બનતા જાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મનજીતનું મૃત્યુ મોરિંડામાં નહીં, પરંતુ ચંદીગઢના સેક્ટર ૩૪માં થયું હતું.

એવો આરોપ છે કે હત્યા પછી, મૃતદેહને મોરિંડા લઈ જવામાં આવ્યો હતો અને પોલીસને ગેરમાર્ગે દોરવા માટે તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. જોકે, પોલીસ હાલમાં ટેકનિકલ અને વૈજ્ઞાનિક પુરાવા સાથે આ દાવાની ચકાસણી કરી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીઓએ પહેલા મનજીતને કોઈ શામક પદાર્થ સાથે ભેળવીને બેભાન બનાવ્યો હતો. પછી તેઓએ તેના પર પેટ્રોલ છાંટીને તેને આગ લગાવી દીધી. પોલીસ સૂત્રોનો દાવો છે કે ધરપકડ કરાયેલા કપૂરથલાના રહેવાસી પરમિન્દર સિંહ ઉર્ફે પિંડાએ પૂછપરછ દરમિયાન આ માહિતી આપી હતી. પોલીસ ટેકનિકલ અને વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે તેના નિવેદનોની ચકાસણી કરવાનું કામ કરી રહી છે.

પિંડાએ પૂછપરછ દરમિયાન ખુલાસો કર્યો હતો કે મનજીત અને મુખ્ય આરોપી રિંકુ વચ્ચે પહેલાથી જ વિવાદ હતો. વિવાદ બાદ, બંને સેક્ટર ૩૪ પહોંચ્યા, જ્યાં ઝઘડો થયો. ત્યારબાદ મનજીતને કારમાં બેસાડીને સેક્ટર ૩૪ના એક પાર્ક પાછળ લઈ જવામાં આવ્યો. એવો આરોપ છે કે ત્યાં તેના પર હુમલો કરવામાં આવ્યો અને પછી તેને આગ લગાવી દેવામાં આવી.

પોલીસ સમક્ષ હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું આ તે જગ્યા છે જ્યાં મનજીતએ અંતિમ શ્વાસ લીધા હતા? આ વાતની પુષ્ટિ કરવા માટે, પોલીસ સેક્ટર ૩૪ અને આસપાસના વિસ્તારોના મોબાઈલ ડમ્પ ડેટા, કોલ ડિટેલ્સ, ટાવર લોકેશન અને સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે. તપાસ ટીમ એ પણ તપાસ કરી રહી છે કે ઘટના સમયે કોણ હાજર હતું અને ઘટના પછી આરોપીએ કયો રસ્તો અપનાવ્યો હતો.

તપાસમાં બીજી એક મહત્વપૂર્ણ કડી બહાર આવી છે. મનજીતને આરોપીએ સીધો નહીં, પરંતુ તેની ગર્લફ્રેન્ડ શુભીએ મીટિંગના બહાને એક એપ દ્વારા ફોન કર્યો હતો. પોલીસ હવે તપાસ કરી રહી છે કે શુભીનો સંપર્ક કોણે કર્યો, તેણીને કઈ સૂચનાઓ આપવામાં આવી હતી, અને શું તે આખા કાવતરામાં સામેલ હતી કે પછી તેનો ઉપયોગ પ્યાદા તરીકે કરવામાં આવ્યો હતો.શુભી અને રિંકુ બંને ભાગી ગયા છે. પોલીસને શંકા છે કે હત્યાના કાવતરામાં છથી વધુ લોકો સામેલ હોઈ શકે છે. કેટલાકે મનજીતને બોલાવવામાં, કેટલાકે તેને કાબૂમાં રાખવામાં અને કેટલાકે ઘટના પછી મૃતદેહનો નિકાલ કરવામાં અથવા આરોપીને ભાગવામાં મદદ કરવામાં ભૂમિકા ભજવી હશે.મનજીત લગભગ ત્રણ મહિનાની ગર્ભવતી હતી. હવે, ગર્ભમાં રહેલું બાળક પણ તપાસમાં એક મહત્વપૂર્ણ કડી બની ગયું છે. પોલીસે પિંડાના ડીએનએ નમૂનાને પરીક્ષણ માટે મોકલ્યા છે, જે ગર્ભના ડીએનએ સાથે મેચ કરવામાં આવશે. તપાસ હેઠળના અન્ય શંકાસ્પદોના ડીએનએ નમૂના પણ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

પોલીસ બાળકના પિતાની તપાસ કરી રહી છે અને શું મનજીતની ગર્ભાવસ્થા કે બાળકના પિતા સાથે સંબંધિત વિવાદ હત્યાનો હેતુ હતો. તેઓ એ પણ તપાસ કરી રહ્યા છે કે મનજીતની ગર્ભાવસ્થા વિશે કોને ખબર હતી અને શું કોઈને તેના પર કોઈ વાંધો હતો.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મનજીતના અપહરણમાં એક સ્વિફ્ટ કારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અને તે જ વાહન હતું જે તેને ચંદીગઢથી મોહાલી લઈ જતું હતું. પોલીસ સ્વિફ્ટની શોધ કરી રહી છે અને ઘટના દરમિયાન તેમાં કોણ હતું તે શોધવાનો પ્રયાસ કરી રહી છે. દરમિયાન, પિંડાને ફોર્ચ્યુનર કાર સાથે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તે સ્થાનો વચ્ચે સ્થાન બદલતી વખતે વાહનનો ઉપયોગ કરી રહ્યો હતો. ફોર્ચ્યુનર જપ્ત કરવામાં આવી છે.

# રિસાયેલી પત્નીને મનાવવા પતિ મોબાઈલ ટાવર ઉપર ચડી ગયો



**[ અવનવુ ]**

નાંદેડઃ ઝઘડા પછી નારાજ થઈને પિયર જતી રહેલી પતિને મનાવી પાછી ઘરે લાવવાના પ્રયાસ રૂપે પતિ ૨૦૦ ફૂટ ઊંચા મોબાઈલ ટાવર પર ચીઢી ગયો હોવાની ઘટના નાંદેડ જિલ્લામાં બની હતી.પોલીસના જણાવ્યા મુજબ મુખેડ તાલુકાના બેટમોગરા ખાતે રહેતા શાદુલ શેખ (૪૦)ને બોલવા-સાંભળવાની તકલીફ હતી. તેની પત્ની પણ આ જ સમસ્યાથી પીડાતી હતી. થોડા દિવસ પહેલાં દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. ઉગ્ર બોલાચાલી પછી પત્ની પિયર રહેવા જતી રહી હતી.

કહેવાય છે કે પત્નીને પાછી ઘરે લાવવા સોમવારની સવારે આઠ વાગ્યાની આસપાસ ૨૦૦ ફૂટ ઊંચા મોબાઈલ ટાવર પર ચઢી ગયો હતો. શેખને જોઈ મોટી સંખ્યામાં રાહદારીઓનું ટોળું જમા થયું હતું. પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો પણ પહોંચી ગયા હતા.શેખ સાસરિયાં સુધી સંદેશો પહોંચાડવા માગતો હતો કે તેની પત્નીને સમજાવીને ફરી ઘરે મોકલાવી દે. પત્ની ઘટનાસ્થળે પહોંચી ત્યારે શેખ ટાવર પરથી નીચે ઊતર્યો હતો.

# ગણેશજીની મૂર્તિમાં આ વર્ષે વન ટોન કલરનો ટ્રેન્ડ



**આ વર્ષે ગણેશ ભક્તોમાં વન ટોન એટલે કે એક જ કલરની મૂર્તિઓનો ક્રેઝ ખૂબ જ વધી ગયો છે. લોકો હવે દર વર્ષે કંઈક નવું અને અલગ ઈચ્છે છે. શ્રદ્ધાળુઓની આ પસંદગીને ધ્યાનમાં રાખીને આ વખતે બજારમાં ખાસ પ્રકારની કલર વેરાયટી લાવવામાં આવી છે. જેમાં રેડ (લાલ), પર્પલ (જાંબલી), પિંક (ગુલાબી) અને બ્લેક (કાળો) જેવા અનોખા કલર શેડ્સ ધરાવતી મૂર્તિઓ તૈયાર કરવામાં આવી છે.**


## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઇ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઇ | ન | સા | ળ | ઐ |

**શબ્દ શોધો:** પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ૐ એ પરમાત્મા વાચક છે

**ૐકાર એક અક્ષર છે અને તેમાંથી ભૂત,ભવિષ્ય અને વર્તમાન સર્વ પદાર્થ ઉત્પન્ન થાય છે, માટે સર્વ ૐકારરૂપ છે.ત્રણેય કાળ જેને બાધ કરી શકતા નથી તે ૐકાર બ્રહ્મસ્વરૂપ કહેવાય છે.**



**[ ધર્મ દર્શન ]**

**નમઃ શિવાય સાંબાય સગણાય સસૂનવે**
**પ્રધાનપુરુષેશાય સર્ગસ્થિત્યંતહેવે**

જગતની ઉત્પતિ,સ્થિતિ અને નાશ કરનાર એવા અંબિકાના પતિ, ગણ અને પુત્રયુક્ત શંકરને પ્રણામ.

ૐ તત્ અને સત્ આ ત્રણેય પરમાત્મા વાચક છે. ( પરમાત્માનું સ્વરૂપ છે ) ૐકાર એટલે પ્રણવ. પ્રણવના અર્થનું જ્ઞાન એટલે શિવ સ્વરૂપનું જ્ઞાન. ઓમકારના સ્વરૂપમાં ત્રણ ગુણથી રહિત, સર્વ વસ્તુને જાણનાર, સર્વને ઉત્પન્ન કરનાર એવા શિવ રહેલા છે. સર્વ અર્થને સાધનાર એક માત્ર ૐકાર જ છે. ભગવાન શિવ ૐ થકી જ આ સમસ્ત જગતને ઉત્પન્ન કરે છે.શિવ મહાપુરાણમાં ૐ કહેતા પ્રણવનું મહત્વ કહેવામાં આવ્યું છે.

માતા સતિએ દક્ષાયણીનો દેહ ત્યાગીને ફરી પાર્વતી રૂપે દેહ ધારણ કર્યો ત્યારે ભગવાન શિવે માતા પાર્વતીને દીક્ષા આપ્યા બાદ માતાજીએ પ્રણવના અર્થ વિશે ભગવાનને પૂછ્યું હતું.શિવ મહાપુરાણની કૈલાસ સંહિતામાં દેવી પાર્વતી અને ભગવાન શિવના સંવાદરૂપે પ્રણવના અર્થનું વર્ણન કરવામાં આવ્યું છે.ભગવાન શિવ પાર્વતીજીને કહે છે - હે દેવી, ૐકાર એક અક્ષર છે અને તેમાંથી ભૂત,ભવિષ્ય અને વર્તમાન સર્વ પદાર્થ ઉત્પન્ન થાય છે, માટે સર્વ ૐકારરૂપ છે.ત્રણેય કાળ જેને બાધ કરી શકતા નથી તે ૐકાર બ્રહ્મસ્વરૂપ કહેવાય છે.આત્મા છે તે બ્રહ્મ છે અને શિવને પ્રણવ સમજવા.કારણ કે, વાચ્ય અને વાચકમાં ભેદ નથી હોતો, માટે ઋષિઓ એક અક્ષરદેવ અને બ્રહ્મ મને જાણે છે. હે પરમેશ્વરી,મુમુક્ષુઓ વાચ્ય અને વાચકને એક સ્વરૂપ જાણે છે.

બ્રહ્માથી માંડીને સ્થવર પર્યંત સર્વ પ્રાણીના પ્રાણ એજ પ્રણવ છે, એટલા માટે તેને પ્રણવ કહે છે.પ્રણવમાં અકાર, ઉકાર અને મકાર આ ત્રણ માત્રા, તે પછી અર્ધમાત્રા અને અર્ધામાત્રા બિંદુ રૂપે પાર્વતી અને એક માત્રા નાદની,આમ મળીને કુલ પાંચ માત્રાઓ થઈ.

જે વ્યક્તિ પ્રણવની સાધના કરે છે તે બ્રહ્મ એવા શિવની સાધના જ છે.આ સર્વ જગત ઈશ્વર કહેતા ૐકાર સ્વરૂપે વ્યાપ્ત છે.તેનાથી અન્ય કંઈ નથી.

# રાજકોટ મનપા દ્વારા માટીના ગણપતિજીની મૂર્તિઓનું વિતરણ શરૂ : ૧૬ કેન્દ્રો પરથી મૂર્તિઓનું વિતરણ

## હવે રજીસ્ટ્રેશન વગર પણ મળશે ગણેશજીની મૂર્તિઃ ૨૫૦થી વધુ શાળાઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાગતિના ભાગરૂપે રાજકોટ શહેરમાં માટીના ગણપતિજીની મૂર્તિઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં સૌપ્રથમ વખત આયોજિત આ પર્યાવરણમૈત્રી અભિયાનને નાગરિકો, સામાજિક સંસ્થાંઓ તેમજ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સાથે સંકળાયેલી ૨૫૦થી વધુ શાળાઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે.

આ અભિયાન અંતર્ગત કુલ ૧૦,૦૦૦ માટીની ગણપતિજીની મૂર્તિઓનું વિતરણ કરવામાં આવશે. પર્યાવરણને અનુકૂળ ગણેશોત્સવની ઉજવણી થાય અને ગણેશજીની મૂર્તિના વિસર્જનથી જળપ્રદૂષણ ન થાય તે હેતુથી આ વિશેષ પહેલ હાથ ધરવામાં આવી છે.

૧૬ કેન્દ્રો પરથી આજે-કાલે મૂર્તિ વિતરણ ઓનલાઈન નોંધણી કરાવનાર નાગરિકોને શુક્રવાર, તા. ૧૧ અને શનિવાર, તા. ૧૨ના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ કલાક સુધી તથા બપોરે ૩ થી સાંજે ૬ કલાક સુધી ફાળવવામાં આવેલા નિર્ધારિત કેન્દ્ર પરથી માટીની ગણપતિજીની મૂર્તિ આપવામાં આવશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવતી વખતે મળેલી પહોંચ સાથે લાવવી ફરજિયાત રહેશે. દરેક નાગરિકે પોતાની પહોંચમાં દર્શાવેલા નિર્ધારિત કેન્દ્ર પરથી જ મૂર્તિ મેળવવાની રહેશે.

આ ઉપરાંત, જે નાગરિકો ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકયા નથી તેઓ પણ શહેરમાં નિયુક્ત કરવામાં આવેલા ૧૬ કેન્દ્રો ખાતેથી 'નહીં નફો, નહીં નુકશાન'ના ધોરણે રૂ. ૫૦૦/-માં ગણપતિજીની માટીની મૂર્તિ મેળવી શકશે.



નાગરિકોને સરળતાથી મૂર્તિ મળી રહે તે માટે શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૬ વિતરણ કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે.

જેમાં મહાત્મા ગાંધી સ્કૂલ - નાના મવા મેઈન રોડ, ન્યુ એરા સ્કૂલ - સોજીત્રાનગર મેઈન રોડ, શુભમ ગ્લોબલ સ્કૂલ - અનંતીકા પાર્ક, ભૂષણ સ્કૂલ - કુવાડવા રોડ, સેટેલાઈટ સ્કૂલ - મોરબી રોડ, ગોલ્ડન ઓક સ્કૂલ - સ્વાતી પાર્ક, ઉદયમ સ્કૂલ - પુનીતનગર, સર્વોદય સ્કૂલ - કેમ્પસ, જિનિયસ સ્કૂલ - કાલાવડ રોડ અને ન્યુ રીંગ રોડ, પુષ્પાર્થ સ્કૂલ - ગાંધીગ્રામ, કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ - દેવનગર, પી.વી. મોદી સ્કૂલ - ઈન્દ્રપ્રસ્થનગર, રોજરી સ્કૂલ - રૈયા રોડ, તપોવન - પુનીતનગર, આત્મય કોલેજ - કાલાવડ રોડ, શહેરના અન્ય નિયુક્ત વિસ્તારમાં આવેલ વિતરણ કેન્દ્ર છે.

ગણેશોત્સવ દરમિયાન પર્યાવરણની જાળવણી, માટીની મૂર્તિઓના ઉપયોગ તથા મૂર્તિ વિસર્જનથી થતા જળપ્રદૂષણને અટકાવવા અંગે નાગરિકોમાં જાગળતિ લાવવાના હેતુથી કિસાનપરા ચોક, સોરઠિયાવાડી ચોક અને બાલક હનુમાન મંદિર, પેડક રોડ ખાતે વિશેષ જનજાગળતિ સ્ટોલ કાર્યરત રહેશે.

આ સ્ટોલના માધ્યકમથી નાગરિકોને પર્યાવરણમૈત્રી ગણેશોત્સવની ઉજવણી, માટીની ગણપતિજીની મૂર્તિના લાભ તથા વિસર્જન સમયે પર્યાવરણની સુરક્ષા અંગે જરૂરી માર્ગદર્શન અને સામાજિક સંદેશ આપવામાં આવશે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુંટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણીયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ ડી.વી. મહેતા, પ્રમુખ અવધેશભાઈ કાનગડ, સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ અજયભાઈ પટેલ, મહામંત્રી ઉર્વેશભાઈ પટેલ તથા ભાવેશભાઈ વેકરિયા, પરિમલભાઈ પરડવાના માર્ગદર્શન હેઠળ મંડળના આગેવાનો, ઝોન પ્રમુખો, કારોબારી સભ્યો તથા સભ્ય શાળાઓ દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.

# રાજકોટમાં આ વર્ષે 'ત્રિકોણબાગ કા રાજા' રાજવી સ્વરૂપમાં બિરાજશે

## ૧૦ દિવસ સુધી મહાઆરતી, સત્સંગ, સંગીત, લોકડાયરો, નાટક, ડાન્સ ટેલેન્ટ શો સહિતના કાર્યક્રમો

રાજકોટ,

રાજકોટ શહેરના ત્રિકોણ બાગ ખાતે દર વર્ષે શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર રૂપે યોજાતા જાહેર ગણેશ મહોત્સવમાં આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'ત્રિકોણ બાગ કા રાજા' તરીકે જાણીતા ગણેશ મહોત્સવનું આ ૨૮મું વર્ષ છે. આ વર્ષે ગણેશજીની ભવ્ય રાજાશાહી સ્વરૂપની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે.

ત્રિકોણ બાગ કા રાજા ગણેશ મહોત્સવની પરંપરા વર્ષોથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ભક્તોમાં વિશેષ આસ્થા ધરાવે છે. મહોત્સવ દરમિયાન પૂજા-આરતી સાથે વિવિધ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે ગણેશજીની મૂર્તિને વિશિષ્ટ રાજાશાહી સ્વરૂપ આપવામાં આવ્યું છે. સોનાના કારગરીથી શોભિત મુકુટ, ગળામાં હાર તથા શરીર પર અલંકારો સાથે ભગવાન ગણેશજીનું ભવ્ય સ્વરૂપ દર્શાવવામાં આવશે.

ચાર ભુજામાં વિવિધ આયુધો ધારણ કરાવતી મૂર્તિમાં શક્તિ, રક્ષણ અને ધર્મવિજયનો સંદેશ રજૂ કરવામાં આવ્યો છે.

ત્રિકોણ બાગ કા રાજાની વિશેષતા એ છે કે અહીં ધાર્મિક કાર્યક્રમોની સાથે સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પણ મહત્વ આપવામાં આવે છે. મહોત્સવ દરમિયાન ભક્તિ સંગીત, આરતી, ડાયરો, નાટિકા, બાળકો માટે ટેલેન્ટ શો, મહિલાઓ માટે આરતી-શણગાર સ્પર્ધા, રક્તદાન શિબિર તથા ફ્રી મેડિકલ કેમ્પ જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. તેમ આયોજકોએ જણાવ્યું હતું.

મહોત્સવ સાથે જોડાયેલી સામાજિક સેવાની પરંપરાને આગળ વધારતાં આ વર્ષે જાહેર જનતા માટે રક્તદાન શિબિર તથા ફ્રી મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્ટર્લિંગ હોસ્પિટલના સહયોગથી આરોગ્ય નિદાન કેમ્પ તથા એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ રહેશે.

આ સમગ્ર આયોજન માટે ત્રિકોણ બાગ કા રાજા સમિતિ તથા સ્થાપક શ્રી જિમીભાઈ અડવાણીના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી હોવાનું જણાવાયું છે.

# રાજકોટ શહેર લારી-ગલ્લાધારકો માટે નવી વ્યવસ્થાા માટે હોકર્સ-વેપારીઓ અને નાગરિકોને સુચનો આપવા આહવાન

## ટ્રાફિક સ્વચ્છતા અને જાહેર વ્યવસ્થાનું પણ રહેશે ધ્યાનઃ ૧૪ સપ્ટેમ્બર સુધી સુચનો સ્વીકારવામાં આવશે

રાજકોટ,

રાજકોટ શહેરમાં રસ્તાર પર લારી-ગલ્લા અને હોકિંગનો વ્યવસાય કરતા નાના વેપારીઓને વ્યવસ્થિંત રીતે રોજગાર માટે સ્થળ અને જરૂરી સુવિધાઓ મળી રહે તે દિશામાં રાજકોટ મહાનગર પાલિકાએ મહત્વની કવાયત હાથ ધરી છે. મનપા દ્વારા હોકર્સ માટે ડ્રાફ્ટ પોલિસી તૈયાર કરી તેના પર હોકર્સ, નાના વેપારીઓ તેમજ નાગરિકો પાસેથી તા. ૧૪ સપ્ટ્રેમ્બર સુધી સૂચનો મંગાવવામાં આવ્યાપ છે.ડ્રાફ્ટ પોલિસીનો મુખ્યદ ઉદ્દેશ હોકર્સના રોજગારના હિતનું રક્ષણ કરવાની સાથે શહેરમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય, સ્વચ્છતા જળવાઈ રહે અને જાહેર વ્યવસ્થા સુચારુ રહે તે રીતે હોકિંગ માટે વ્યવસ્થિત માળખું ઊભું કરવાનો છે. ડ્રાફ્ટ પોલિસી રાજકોટ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ પર પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મેયર ડૉ. નેહલ શુક્લએ જણાવ્યું છે કે નાના વેપારીઓ અને હોકર્સ શહેરની આર્થિક વ્યવસ્થાનો મહત્વનો હિસ્સો છે. તેમના હિતનું રક્ષણ થાય અને સાથે શહેરની સ્વચ્છતા, ટ્રાફિક તથા વ્યવસ્થાનું સુચારુ સંચાલન થાય તે દિશામાં આ પોલિસી મહત્વ.નું પગલું સાબિત થશે.માર્કેટ સમિતિના ચેરમેન મોહિતસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હોકર્સને વ્યવસ્થિત સ્થળ, જરૂરી સુવિધાઓ અને પારદર્શક વ્યવસ્થા મળી રહે તે માટે પોલિસી તૈયાર કરાઈ છે. હોકર્સ અને વેપારીઓ તરફથી મળનારા રચનાત્મ્ક સૂચનોને ધ્યાનમાં રાખીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.હોકર્સ તથા નાગરિકો પોતાના નામ અને મોબાઈલ નંબર સાથે તા. ૧૪ સપ્ટેમ્બર સુધી માર્કેટ સમિતિના ચેરમેન મોહિતસિંહ જાડેજાને મો. ૯૫૫૮૯ ૨૯૫૯૧ તેમજ વાઈસ ચેરમેન જાનકીબેન કાટોળિયાને મો. ૯૧૭૩૨૪૯૯૫૦ / ૯૯૨૫૭૦૪૫૪૫ પર પોતાના સૂચનો આપી શકશે

# રવિવારે ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન

## વિજેતાઓને સ્મૃતિચિન્હ અને ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર

રાજકોટ,ભારત વિકાસ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા આગામી તા.૧૩ ના રવિવારે રાજકોટ ખાતે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રે પ્રાંતની વિવિધ શાખાઓમાં યોજાયેલી સમૂહગાન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ટીમો આ પ્રાંત કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

સ્પર્ધાનો ઉદ્દઘાટન સમારોહ રવિવારે સવારે ૯.૩૦ કલાકે સેવા ભારતી ભવન, અમૂલ સર્કલ, ૮૦ ફૂટ રોડ, રાજકોટ ખાતે યોજાશે. ઉદ્દઘાટન પ્રસંગે રામકષ્ણ આશ્રમના વ્યવસ્થાપક સ્વામી મેઘજાનંદજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે

જ્યારે પુરસ્કાર વિતરણ સમારોહ બપોરે ૩ કલાકે યોજાશે. આ સ્પર્ધામાં સમગ્ર સૌરાષ્ટ્ર પ્રાંતમાંથી આશરે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. સૌરાષ્ટ્ર પ્રાંતની આશરે ૨૩ શાખાઓમાં યોજાયેલી શાખા કક્ષાની સમૂહગાન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ટીમો હિન્દી અને સંસ્કત ભાષામાં રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત દેશભક્તિપૂર્ણ ગીતોની રજૂઆત કરશે.

ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં માત્ર સંગીતની સ્પર્ધા પૂરતી મર્યાદિત નથી. પરંતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા, અનુશાસન, ટીમવર્ક, સંસ્કાર અને દેશપ્રેમની ભાવના વિકસાવતું એક વિશિષ્ટ સંસ્કારલક્ષી અભિયાન છે. સમૂહમાં એકસાથે ગાન કરવાથી વિદ્યાર્થીઓમાં પરસ્પર સહયોગ, એકતા અને સામૂહિક જવાબદારીની ભાવના વિકસે છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શ્રી મનેશભાઈ માદેકા - ચેરમેન રોલેકસ બેરિંગ, શ્રી ઉદયભાઈ કાનગડ- ધારાસભ્ય, જગદીશભાઈ કોટડીયા- ચેરમેન ફાલ્કન ગ્રુપ, દિનેશભાઈ પાઠક - ચેરમેન રાજકોટ નાગરિક સહકારી બેંક તથા હરિસિંહ સુચારીયા - ચેરમેન સેન્ડી હોમ એપ્લાયન્સ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

સમગ્ર કાર્યક્રમ ભારત વિકાસ પરિષદના રિજિયોનલ સેક્રેટરી વિનોદભાઈ લાઠીયા, સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ પ્રફુલ ગોસ્વામી, મહાસચિવ, હરિભાઈ પરમાર, ટ્રેઝરર જેઠસુરભાઈ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહ્યો છે.

પ્રાંત સમુગાન સ્પર્ધાના સંયોજક જયંતભાઈ દુધાત્રા તથા સહ-સંયોજકો રમેશભાઈ લાઠીયા અને વિશાલભાઈ બાલાસરા તેમજ રાજકોટ મહાનગર બીવીપી કાર્યકર્તાઓ કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય કામગીરી કરી રહ્યા છે.

આ કાર્યક્રમના યજમાન રણછોડનગર શાખા- અધ્યક્ષ શૈલેષભાઈ રામાણી તથા સચિવ સુરેશભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર વ્યવાસ્થા કરવામાં આવી રહી છે.

આ સમગ્ર રાષ્ટ્રીય સમૂહગાન સ્પાર્ધાને સફળ બનાવવા ભારત વિકાસ પરિષદ-સૌરાષ્ટ્ર પ્રાંતની કારોબારી સમિતિના સભ્યોર તેમજ રાજકોટ મહાનગરની આનંદનગર, નટરાજનગર, રણછોડનગર, શ્રધ્ધાપાર્ક, રામકષ્ણનગર અને મવડીનગર શાખાના હોદેદારો તથા કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા ભારત વિકાસ પરિષદ - સૌરાષ્ટ પ્રાંતના હોદેદારો સવશ્રી પ્રફુલભાઇ ગોસ્વામી, કરશનભાઈ મેતા, જયંતભાઇ દુધાત્રા, બકુલભાઇ દુધાત્રા, ધર્મેશભાઇ ઝાલાવડીયા, પ્રવિણભાઇ ગરસર, રમેશભાઈ દત્તા, સુરેશભાઇ વ્યાયસ, દિવ્યુશભાઇ સતાસીયા, ભરતભાઇ લીંબાસીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ સરગમ લેડીઝ કલબ દ્વારા ડી.એચ. કોલેજમાં ગોપી રાસોત્સવનું આયોજન

## પારિવારીક માહોલમાં બહેનો રાસે રમશે, ફોર્મ વિતરણ ચાલુ, દરરોજ ઈનામોની વણઝાર

રાજકોટ.

રાજકોટ સરગમ લેડિઝ કલબે ફરી આ વખતે ધૂમધમાકા સાથે ગોપી રાસોત્સવના આયોજનની જાહેરાત કરી છે. બહેનોના ગરબા માટે ફેવરિટ એવા યાજ્ઞિક રોડ ઉપર આવેલી ધર્મેન્દ્ર કોલેજ ( ડી.એચ.) ના મેદાનમાં નવ દિવસ માટે મોટી સંખ્યામાં બહેનો ઝૂમી ઉઠશે. બધે મોંઘવારીની અસર હોવા છૂતા( માત્ર ટોકન ફીમાં જ સિઝન પાસ આપવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

આ અંગે વિશેષ જાહેરાત કરતાં સરગમ લેડીઝ કલબના ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા જણાવ્યુ છે કે, તા. ૧૧/૧૦/૬ થી ૨૦/૧૦/૨૬ સુધી ડી.એચ.ના મેદાનમાં સુંદર વ્યાસ્થા વચ્ચે ગોપી રાસોત્સવ યોજાશે. આ વખતે પણ સિઝન પાસ માટે ટોકન ફી રાખવામા આવી છે. સરગમ પરિવારના લેડિઝ સભ્ય હોય તેના માત્ર ૧૧ દિવસના ફક્ત ૪૦૦રૂપિયા અને સભ્ય ન હોય તેવા બહેનોના ફક્તા ૧૧ દિવસના સીઝન પાસના ૫૦૦ રૂપિયા ફી રાખવામા આવી છે. આ રાસોત્સવમાં સરગમ કલબના સભ્ય ન હોય તેવા રાજકોટના કોઈ પણ બહેનો ૧૫ વર્ષથી ઉપરના જોડાઈ શકે છે.

તેમણે જણાવ્યુ છે કે, આ ગોપી રાસોત્સવના ફોર્મનું વિતરણ શરૂ થઈ ગયું છે. આ ફોર્મ આમ્રપાલી




લાઈબ્રેરી આમ્રપાલી મેઈન રોડ પોલીસ ચોકી ઉપર, મહિલા કોલેજ લાઈબ્રેરીમહિલા કોલેજ ચોક પોલીસ ચોકી ઉપર, એવરેસ્ટ લાઈબ્રેરી ( શાષી મેદાન પાસે એવરેસ્ટ બિલ્ડીંગ ૧૦૧), કેનાલ રોડ સેન્ટર દેના બેંક ની બાજુમાં કેનાલ મેઈન રોડ, સરગમ ભવન (જામટાવર રોડ જી.ટી. શેઠ હોસ્પિટલ પાસે) અને સરગમ ક્લબબ ઓફીસ જાગનાથ મંદિર ચોક (યાજ્ઞિક રોડ) ખાતેથી મળી શકશે અને ફોર્મ તથા ફી ત્યાં જ જમા કરાવવાના રહેશે. આ રાસોત્સવમાં રોજેરોજ ૨૦ પ્રિન્સેસ અને વેલડ્રેસ ઈનામો આપવામાં આવશે.

ડી.એચ. કોલેજના મેદાનમાં આ રાસોત્સવ માટે સુંદર બેઠક વ્યવસ્થા રાખવામા આવશે અને જડબેસલાક સિક્યુરીટી પણ ગોઠવવામાં આવશે. આ વખતે મન્સુર ત્રિવેદી પ્રસ્તુત મ્યૂઝિકલ મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રા ધૂમ મચાવશે. આ સંગીત સાથે મુંબઈના સિંગર હેમંત પંડ્યા ઉપરાંત પ્રિયા જોષી, અને નિલેષ પંડ્યા (રાજકોટ) માતાજીનાં ગરબા રજૂ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માત્ર બહેનો માટે જ યોજાતા ગોપી રાસ બહેનોમાં ઘણા લોકપ્રિય છે અને દર વખતે મોટી સંખ્યામાં બહેનો રમવા માટે આવે છે. આ રાસોત્સવ નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો આવે છે.

આ રાસોત્સવ ને સફળ બનાવા સરગમ મૌલેશભાઈ પટેલ, સ્મિતભાઈ પટેલ, પ્રભુદાસભાઈ પારેખ, નાથાભાઈ કાલરીયા, જગદીશભાઈ ડોબરિયા, જીતુભાઈ બેનાણી, ખોડીદાસભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી, રાકેશભાઈ પોપટ, ગિરધરભાઈ દોંગા, કિરીટભાઈ આદ્રોજા, જીતુભાઈ ચંદારાણા, સુરેશભાઈ નંદવાણા, યોગેશભાઈ પુજારા, બિપીનભાઈ હદવાણી, પ્રફુલભાઈ હદવાણી, દીલેશભાઈ પાબારી, સુરેશભાઈ વેકરીયા, મનીષભાઈ માડેકા, એમ.જે. સોલંકી, રાજદીપસિહ જાડેજા (રાજાભાઈ વાવડી), શૈલેશભાઈ માંકડિયા, નિખીલભાઈ પટેલ, નીરજભાઈ આર્ય, હેતલભાઈ રાજયગુરુ, રમેશભાઈ જીવાણી, શૈલેષભાઈ પાબારી આ તમામ મહાનુભાવો નો ગોપીરાસમાં સહયોગ મળેલ છે.

આ રાસોત્સવને સફળ બનાવવા માટે સરગમ પરિવારના માર્ગદર્શક અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ પટેલ, ભરતભાઈ સોલંકી, જયસુખભાઈ ડાભી, રાજેન્દ્રભાઈ શેઠ, સુરેશભાઈ દેત્રોજા, કૌશિકભાઈ વ્યાસ, અનવરભાઈ ઠેબા, મનમોહન પનારા ઉપરાંત લેડિઝ કલબના ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલીયા, જસુમતિબેન વસાણી, સુધાબેન ભાયા, અલકાબેન કામદાર, છાયાબેન દવે, ગીતાબેન હીરાણી, કાશ્મીરાબેન નથવાણી, હેલીબેન ત્રિવેદી, જ્યોતિબેન રાજયગુરુ, જયશ્રીબેન સેજપાલ, જ્યોતિબેન ટીલવા, ડો. અલકાબેન ધામેલિયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# લોધિકા તાલુકામાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાતા માલધારીઓના પશુઓને વીડીમાં ચરાવવા મંજૂરી આપવા આવેદન




લોધિકા,

લોધિકા તાલુકામાં હાલ સર્જાયેલી દુષ્કા ળ જેવી પરિસ્થિતિને કારણે માલધારીઓ અને પશુપાલકોને પશુઓ માટે ઘાસચારાની ગંભીર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી-લોધિકા તાલુકા દ્વારા મામલતદારશ્રી, લોધિકાને આવેદનપત્ર આપી ચીભડા વિડીમાં માલધારીઓના પશુઓને ચરાવવા માટે મંજૂરી આપવા તેમજ તાલુકામાં પૂરતા પ્રમાણમાં ઘાસચારાની વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ લોધિકા તાલુકાના અનેક પરિવારો પશુપાલન પર નિર્ભર છે. વરસાદની અછત અને દુષ્કાવળ જેવી સ્થિતિના કારણે કુદરતી ઘાસચારો તથા પશુઓ માટેના ખોરાકની ઉપલબ્ધતા ઘટી છે. પરિણામે પશુપાલકોને પોતાના પશુધનના નિભાવ માટે મુશ્કેલી પડી રહી છે.

ચીભડા વિડીમાં ઉપલબ્ધ ઘાસચારાનો ઉપયોગ માલધારીઓના પશુઓ માટે થઈ શકે તેમ હોવાથી સ્થાનિક પશુપાલકોને ત્યાં પશુ ચરાવવાની મંજૂરી આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. સાથે જ તાલુકાના જરૂરિયાતમંદ માલધારીઓને સરકારી ધોરણે પૂરતા ક્ક્માણમાં ઘાસચારો ઉપલબ્ધ કરાવવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક આયોજન કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં મુખ્યત્વે ચીભડા વિડીમાં લોધિકા તાલુકાના માલધારીઓને પશુઓ ચરાવવા મંજૂરી આપવી, માલધારીઓના પશુઓ માટે પૂરતો ઘાસચારો ઉપલબ્ધ કરાવવો, જરૂરિયાતવાળા વિસ્તારોમાં ઘાસ વિતરણની વ્યવસ્થા કરવી અને પશુપાલકોને તાત્કાલિક રાહત મળે તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવી સહિતની રજૂઆતો કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટી-લોધિકા તાલુકાએ તંત્રને પશુપાલકોની હાલની પરિતિને ગંભીરતાથી ધ્યાને લઈ માનવતાના ધોરણે તાત્કાલિક નિર્ણય લેવા અપીલ કરી છે. સાથે જ માંગણીઓ અંગે ઝડપથી યોગ્યે કાર્યવાહી નહીં થાય તો માલધારીઓ અને પશુપાલકોના હિતમાં આગળની રજૂઆત કરવામાં આવી છે.

આવેદનપત્ર આમ આદમી પાર્ટીના લોધિકા તાલુકા પ્રમુખ દિનેશભાઈ દાફડા,લોધિકા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા હિતેશભાઈ મારકણા, લોધિકા તાલુકા સદસ્ય રાજેશ પટેલ,ભાવેશભાઈ વસોયા તથા અન્ય આગેવાનો, કાર્યકરો દ્વારા લોધિકા મામલતદારશ્રીને આપવામાં આવ્યું હતું.

# ભારત-રશિયા વચ્ચે વેપાર ૧૦૦ અબજ યુએસ ડોલર સુધી વધારવા સહમતિ

## દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક ,સંરક્ષણ, ઉર્જા અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા થઈ ચર્ચા

નવીદિલ્હી,

દિલ્હીમાં ૧૮મા બ્રિક્સ સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. બેઠક દરમિયાન અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. બંને નેતાઓ લગભગ ૪૫ મિનિટ સુધી મળ્યા હતા. નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત મંડપમ ખાતે મળ્યા. બંને નેતાઓએ સંરક્ષણ, ઉર્જા, વેપાર, પરમાણુ ઉર્જા, અવકાશ અને રોજગાર સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. પુતિને મોદીને ૨૪મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે રશિયા આવવાનું આમંત્રણ આપ્યું, જેનો વડાપ્રધાને સ્વીકાર કર્યો. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વ્યાપક વાટાઘાટો કરી. આ વાટાઘાટો ૨૦૩૦ સુધીમાં વાર્ષિક દ્વિપક્ષીય વેપાર ૧૦૦ અબજ યુએસ ડોલર સુધી વધારવા અને સંરક્ષણ, ઉર્જા અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા પર કેન્દ્રિત થવાની અપેક્ષા છે.



વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચે પરસ્પર અનુકૂળતા મુજબ રાજદ્વારી ચેનલો દ્વારા તારીખ નક્કી કરવામાં આવશે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે બંને દેશો હવે આગામી વાર્ષિક શિખર સંમેલનની તૈયારી માટે રાજદ્વારી ચર્ચાઓ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર યુક્રેન સંઘર્ષ પર ભારતના વલણને સ્પષ્ટ કર્યું. મોદીએ કહ્યું કે સંઘર્ષો ફક્ત વાતચીત અને રાજદ્વારી દ્વારા જ ઉકેલી શકાય છે. તેમણે શાંતિ પ્રયાસોમાં ભારતની સહાયની ઓફર કરી અને જણાવ્યું કે ભારત યુક્રેન સંઘર્ષનો અંત લાવવાના પ્રયાસોમાં સહયોગ કરવા તૈયાર છે. વાટાઘાટોમાં પશ્ચિમ એશિયા અને કાળા સમુદ્ર ક્ષેત્રમાં સંઘર્ષોની દરિયાઈ વેપાર અને ભારતીય ખલાસીઓની સલામતી પર થતી અસરની પણ ચર્ચા કરવામાં આવી.

વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિને ભારતમાં પ્રથમ વખત યોજાયેલા ઈનોપ્રોમ ઈન્ડિયા પ્રદર્શનની પણ મુલાકાત લીધી. બંને પક્ષોએ સહભાગીઓ સાથે વાતચીત કરી. નેતાઓએ નોંધ્યું કે આવા કાર્યક્રમો ભારત અને રશિયા વચ્ચે વેપાર અને ઔદ્યોગિક સંબંધોને વધુ વિસ્તૃત કરવામાં મદદ કરી શકે છે.

## સ્થિર અને વિશ્વસનીય વ્યવસાયિક વાતાવરણ બનાવો; ભારતે બ્રિક્સ બિઝનેસ ફોરમમાં વેપાર યોજનાની રૂપરેખા આપી

નવીદિલ્હી,

બ્રિક્સ બિઝનેસ ફોરમને સંબોધતા, વિદેશ મંત્રી એસ. જયશંકરે ભૂ-રાજકીય ઉથલપાથલનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે બ્રિક્સ દેશોએ વેપાર અને રોકાણ માટે પારદર્શક વ્યવસ્થા સુનિશ્ચિત કરીને આર્થિક પડકારોનો સામનો કરવા માટે કામ કરવું જોઈએ. એસ. જયશંકરે શુક્રવારે કહ્યું કે બ્રિક્સ તેના સભ્યપદ, કાર્યસૂચિ અને સહયોગની પદ્ધતિઓના સંદર્ભમાં સતત વિકાસ કરી રહ્યું છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે વિશ્વ મોટા રાજકીય અને આર્થિક પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, જેમાં અસ્થિરતા, અનિશ્ચિતતા અને જટિલતા મુખ્ય પરિબળો બની ગયા છે. તેમણે કહ્યું કે આપણે એવા સમયે મળી રહ્યા છીએ જ્યારે વૈશ્વિક રાજકીય અને આર્થિક વ્યવસ્થા ઉથલપાથલમાં છે. અસ્થિરતા, અનિશ્ચિતતા અને જટિલતા આપણી આસપાસની દુનિયાના મુખ્ય ચિહ્નો બની ગયા છે.

એસ. જયશંકરે આ પ્રસંગે જણાવ્યું હતું કે બ્રિક્સ દેશો માટે, આર્થિક પ્રવૃત્તિ અને આર્થિક સુરક્ષામાં વધારો એટલે આત્મનિર્ભરતા મજબૂત કરવી. અમારું લક્ષ્ય વૈશ્વિક અર્થતંત્રમાં જોડાયેલા અને સ્પર્ધાત્મક રહીને આર્થિક આંચકાઓનો સામનો કરવાની આપણી ક્ષમતામાં વધારો કરવાનો છે. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિઓમાં સાચા બજાર સિદ્ધાંતો, વિશ્વસનીય સમર્થન, વિવિધ વેપાર સંબંધો, પારદર્શક વેપાર અને રોકાણ અને અનુમાનિત વ્યવસાયિક વાતાવરણ સાથે સુસંગત વ્યવસાયિક પ્રથાઓની જરૂર છે.

## બિહારમાં પુલના નિર્માણ દરમિયાન બીમ લોન્ચર ધરાશાયી થતાં આઠ લોકો ઘાયલ

વૈશાલી,

રાજ્યના વૈશાલી જિલ્લામાં પુલના નિર્માણ સ્થળ પર કોંક્રીટનો સ્લેબ અને બીમ લોન્ચર ધરાશાયી થતાં ઓછામાં ઓછા આઠ કામદારો ઘાયલ થયા હતા. આ ઘટના લાલગંજ વિસ્તારમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના NH-139W ફોર-લેન હાઈવે પ્રોજેક્ટ પર બની હતી, જેનું નિર્માણ 'ભારતમાલા' યોજના હેઠળ કરવામાં આવી રહ્યું છે.

બે ઘાયલોની હાલત ગંભીર

અધિકારીઓના જણાવ્યા અનુસાર, પુલના નિર્માણ માટે વપરાતું લોન્ચર અચાનક ધરાશાયી થયું હતું, જેના કારણે ઘણા કામદારો ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલિક લાલગંજ રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં છ કામદારોની સારવાર કરવામાં આવી હતી. અન્ય બે કામદારોને ગંભીર ઈજાઓને કારણે વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. "ઘાયલોને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પીડિતોને સામાન્ય ઈજાઓ થઈ છે," જિલ્લા મેજિસ્ટ્રેટ વર્ષા સિંહે જણાવ્યું હતું. તેમણે કહ્યું, "અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે." આ અકસ્માતને કારણે નિર્માણ સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી, ત્યારબાદ અધિકારીઓ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ધરાશાયી થવાનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે, જ્યારે નિર્માણ સ્થળ પર સુરક્ષા પ્રોટોકોલના પાલન અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

## BRICS સમિટને લગતા નિયંત્રણો વચ્ચે દિલ્હી મેટ્રો રવિવારે વિદ્યાર્થીઓ માટે વહેલી ટ્રેન સેવા શરૂ કરશે

નવી દિલ્હી,

DMRC એ શુક્રવારે જણાવ્યું હતું કે BRICS સમિટને કારણે ટ્રાફિક નિયંત્રણો વચ્ચે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ અને મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે રવિવારે તમામ કોરિડોર પર દિલ્હી મેટ્રો ટ્રેન સેવાઓ સવારે ૬ વાગ્યે શરૂ થશે. સામાન્ય રીતે, રવિવારે પિંક, મેજેન્ટા અને ગ્રે લાઈન પર મેટ્રો સેવાઓ સવારે ૭ વાગ્યે શરૂ થાય છે.



"BRICS સમિટને કારણે ટ્રાફિક નિયંત્રણો વચ્ચે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાની સરળ અને સમયસર અવરજવર માટે, રવિવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ તમામ લાઈન પર મેટ્રો ટ્રેન સેવાઓ સવારે ૦૬:૦૦ વાગ્યે શરૂ થશે. વિદ્યાર્થીઓ અને મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તે મુજબ તેમની મુસાફરીનું આયોજન કરે," તેમ DMRC એ 'X' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

DMRC એ જણાવ્યું હતું કે દિલ્હી મેટ્રો કાર્યરત રહેશે, જોકે સુરક્ષાના કારણોસર જરૂર પડ્યે કેટલાક સ્ટેશનો અથવા પ્રવેશ અને બહાર નીકળવાના ગેટ પર કામચલાઉ નિયંત્રણો લાદવામાં આવી શકે છે.

જોકે, DTC અને શહેરની બસો પણ ચાલશે, પરંતુ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પસાર થતા રૂટને ડાયવર્ટ (માર્ગ બદલવો), ટૂંકાવવા અથવા નિયંત્રિત કરવામાં આવી શકે છે. વધુમાં, ઓટો, ટેક્સી અને એપ-આધારિત કેબ સેવાઓ પણ ચાલુ રહેશે, જોકે નિયંત્રિત અથવા પ્રતિબંધિત વિસ્તારોમાં તેમની અવરજવર અને પિક-અપ તથા ડ્રોપ-ઓફની વ્યવસ્થાઓ પર અસર પડી શકે છે.

UPSC, NDA, CDS ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે સલાહકારી સૂચના

UPSC, NDA, CDS અને અન્ય પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ અગાઉથી જ તેમના પરીક્ષા કેન્દ્રો અને રૂટ તપાસી લે, તેમના એડમિટ કાર્ડ અને ઓળખપત્ર સાથે રાખે અને પૂરતા વહેલા નીકળે.

## અમેરિકી દૂત સર્જિયો ગોરે મણિપુરની મુલાકાત લીધી; રાજ્યપાલ અને મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી

ઈમ્ફાલ,

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે શુક્રવારે ઈમ્ફાલમાં મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લા અને મુખ્યમંત્રી યુમનામ ખેમચંદ સિંહ સાથે મુલાકાત કરી હતી.

દિવસની શરૂઆતમાં, ગોરે ઐતિહાસિક કાંગલા કિલ્લાની મુલાકાત લીધી હતી, જે ભૂતકાળના મણિપુર રાજ્યનું પ્રાચીન રાજકીય અને સાંસ્કૃતિક કેન્દ્ર હતું. તેમણે મહિલાઓ દ્વારા સંચાલિત પ્રખ્યાત 'ખ્વાઈરામબંદ એમા કેઈથેલ' બજારની પણ મુલાકાત લીધી હતી.

મણિપુર સરકારના સૂત્રોએ દ્બ્દ્ધફને જણાવ્યું હતું કે અમેરિકન રાજદૂત રાજધાની શહેરમાં રાત્રિ રોકાણ કરશે.

રાજ્યસભાના સાંસદ, ભૂતપૂર્વ વિદેશ સચિવ અને અમેરિકામાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત હર્ષ વર્ધન શ્રિંગલાના વ્યક્તિગત આમંત્રણને પગલે ગોરે ગુરુવારે દાર્જિલિંગની મુલાકાત લીધી હતી.

ગોરે લખ્યું, "જ્યારે હું પહેલીવાર ભારત આવ્યો, ત્યારે મારું ઉષ્માભર્યું સ્વાગત કરનારા પ્રથમ લોકોમાંના એક જરદ્બજિરદ્દજરૈહિપ્ષ્દ્ધંદ્બ હતા. તેમણે મને દાર્જિલિંગમાં તેમના ઘરે અને મતવિસ્તારની મુલાકાત લેવાનું આમંત્રણ પણ આપ્યું હતું. આજે આખરે મને દેશના સૌથી સુંદર વિસ્તારોમાંના એકમાં તેમની સાથે દિવસ વિતાવવાની તક મળી. જો તમે ક્યારેય ત્યાં ગયા ન હોવ, તો તેને તમારી યાદીમાં સામેલ કરો - ત્યાંના લોકો પ્રેમાળ છે, ઈતિહાસ અદ્ભુત છે, કુદરતી દ્રશ્યો મનોહર છે અને ભોજન અવિસ્મરણીય છે.

## યુએસ અપીલ કોર્ટે મેઈલ-ઈન વોટિંગને મર્યાદિત કરવાના ટ્રમ્પના આદેશ પર સ્ટેને માન્ય રાખ્યો

### રાજ્યોએ મધ્યવર્તી ચૂંટણીઓ માટે મતપત્રો મેઈલ કરવાનું શરૂ કરી દીધું

વોશિંગ્ટન,

યુએસ અપીલ કોર્ટે મેઈલ-ઈન વોટિંગને મર્યાદિત કરવાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર સ્ટેને માન્ય રાખ્યો. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે યુએસ સુપ્રીમ કોર્ટ પણ આ જ મુદ્દા પર વિચાર કરી રહી છે. દરમિયાન, રાજ્યોએ મધ્યવર્તી ચૂંટણીઓ માટે મતપત્રો મેઈલ કરવાનું શરૂ કરી દીધું છે.ત્રણ ન્યાયાધીશોની બેન્ચે ગયા અઠવાડિયે યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટના ન્યાયાધીશ ઈન્દિરા તલવાની દ્વારા લાદવામાં આવેલા પ્રારંભિક સ્ટેને હટાવવાનો ઈનકાર કર્યો હતો, જેણે યુએસ પોસ્ટલ સર્વિસને ટ્રમ્પના આદેશનો અમલ કરવાથી અટકાવ્યો હતો.

પોસ્ટલ સર્વિસે જણાવ્યું હતું કે તે એવા રાજ્યોમાં મતપત્રો પહોંચાડશે નહીં જેમણે અગાઉ તેમના પરબિડીયાઓની ડિઝાઈન માટે ફેડરલ સરકારની મંજૂરી મેળવી નથી. વધુમાં, રાજ્યોએ મતદાતા યાદીઓ ઓનલાઈન પોર્ટલ પર સબમિટ કરવાની પણ જરૂર રહેશે. જો કે, આ પોર્ટલ હજુ સુધી શરૂ કરવામાં આવ્યું નથી.

ચૂંટણી અધિકારીઓ કહે છે કે આ જરૂરિયાતો પૂરી કરવી અશક્ય છે. આનું કારણ એ છે કે અલાબામા, ઉત્તર કેરોલિના અને વિસ્કોન્સિનમાં મેઈલ મતપત્રો મોકલવાનું શરૂ થઈ ગયું છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા નિયુક્ત કરાયેલા ત્રણ ન્યાયાધીશો અરજદારોની દલીલ સાથે સહમત થયા. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ પાસે રાજ્યોની ચૂંટણી નીતિઓને નિયંત્રિત કરવાનો અધિકાર નથી.

ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે અપીલકર્તાઓ એવો મજબૂત આધાર બતાવવામાં નિષ્ફળ ગયા કે જિલ્લા અદાલતે અંતિમ નિયમ સંભવિત રીતે ગેરકાયદેસર હોવાનું નક્કી કરવામાં ભૂલ કરી હતી. અહીં, અંતિમ નિયમ ટ્રમ્પના આદેશને લાગુ કરવા માટે પોસ્ટલ સર્વિસ દ્વારા જારી કરાયેલા નિયમનો ઉલ્લેખ કરે છે.

## એસટી/એસસી વિભાગના બે ઓડિટર લાખો રૂપિયાની શંકાસ્પદ રોકડ સાથે પકડાયા

ભુવનેશ્વર,

એક મોટી કાર્યવાહીમાં, ઓડિશા વિજિલન્સ વિભાગે એસટી/એસસી વિભાગના બે ઓડિટરોને ૧૪ લાખ રૂપિયાથી વધુની શંકાસ્પદ રોકડ સાથે ધરપકડ કરી છે. વિજિલન્સ વિભાગના જણાવ્યા અનુસાર, બે ઓડિટર આ રોકડના સ્રોત અંગે સંતોષકારક જવાબો આપી શક્યા નથી. ત્યારબાદ તેમના હોટલના રૂમમાં તપાસ હાથ ધરવામાં આવી હતી, જ્યાં રોકડ રકમ પણ મળી આવી હતી. અહેવાલો અનુસાર, વિશ્વસનીય માહિતીના આધારે ગુરુવારે મોડી રાત્રે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોપી અધિકારીઓની ઓળખ પ્રશાંત કુમાર પ્રધાન અને પ્રજ્ઞાપ્રકાશ પાત્રા તરીકે કરવામાં આવી છે.

અહેવાલો અનુસાર, બે ઓડિટર બારીપાડામાં જિલ્લા કલ્યાણ કાર્યાલયમાં ઓડિટ પૂર્ણ કર્યા પછી રોક્સી લેન પર આવેલી મહાપાત્ર હોટેલ તરફ જઈ રહ્યા હતા. તેઓ જિલ્લા કલ્યાણ કાર્યાલયની સત્તાવાર સ્કોર્પિયોમાં હોટેલ તરફ જઈ રહ્યા હતા. ઓડિશા તકેદારી વિભાગની એક ટીમે તેમને રસ્તામાં રોક્યા અને શોધખોળ અને પૂછપરછ હાથ ધરી. શોધખોળ દરમિયાન, તેમને ?૫૫૧,૫૧૦ રોકડા મળી આવ્યા. તકેદારી વિભાગના જણાવ્યા અનુસાર, આ રકમ ગેરકાયદેસર રીતે મેળવેલી રોકડ હોવાની શંકા છે. આ રકમ ૫ર પરબિડીયાઓમાં અને ૨૦ ખુલ્લા બંડલમાં હતી. તકેદારી વિભાગના જણાવ્યા અનુસાર, બંને ઓડિટર જપ્ત કરાયેલા ભંડોળ માટે સંતોષકારક સમજૂતી આપી શક્યા ન હતા.

## પુતિનની મુલાકાત પછી રોકાણ વાટાઘાટો વધી: સીતારમણ-મન્તુરોવની બેઠકમાં સર્વસંમતિ સધાઈ

### ભારત અને રશિયા દ્વિપક્ષીય રોકાણ સંધિ પર ચાલી રહેલી વાટાઘાટોને આગળ વધારવા સંમત

નવીદિલ્હી,

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે નવી દિલ્હીમાં રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન ડેનિસ મન્ટુરોવ સાથે મુલાકાત કરી. આ બેઠક બ્રિક્સ સમિટ દરમિયાન થઈ હતી. બંને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે આર્થિક સહયોગને વધુ મજબૂત અને આગળ વધારવાના માર્ગો પર ચર્ચા કરી હતી. નાણા મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું કે બેઠકમાં બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ વધારવાના પગલાં પર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકનું સૌથી મહત્વપૂર્ણ પરિણામ ભારત અને રશિયા વચ્ચે દ્વિપક્ષીય રોકાણ સંધિ પર વાટાઘાટો આગળ વધારવાનો કરાર હતો. ઉદ્દેશ્ય એક એવું માળખું બનાવવાનો છે જે બંને પક્ષોને લાભ આપે જેથી બંને દેશો વચ્ચે રોકાણ વધે અને આર્થિક પ્રવૃત્તિને મજબૂત બનાવવામાં આવે.

રોકાણ સંધિ વાટાઘાટો આગળ વધશેઃ ભારત અને રશિયા દ્વિપક્ષીય રોકાણ સંધિ પર ચાલી રહેલી વાટાઘાટોને આગળ વધારવા સંમત થયા છે.

રોકાણ વધારવા પર ભારઃ પ્રસ્તાવિત મિકેનિઝમનો હેતુ બંને દેશો વચ્ચે રોકાણ પ્રવાહ અને આર્થિક જોડાણને પ્રોત્સાહન આપવાનો છે.

નાણાકીય સેવાઓમાં સહયોગઃ બેઠકમાં નાણાકીય સેવાઓ ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સહયોગને વધુ મજબૂત બનાવવાની શક્યતાઓ પર પણ ચર્ચા કરવામાં આવી.

ઈરાનના રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન ભારત પહોંચ્યા, પીએમ મોદી સાથે મુલાકાત કરશે, કયા મુદ્દાઓ પર ચર્ચા થશે?

ભારત અને રશિયા વચ્ચે આર્થિક સંબંધો મહત્વપૂર્ણ રહ્યા છે. પરિણામે, રોકાણ અને નાણાકીય ક્ષેત્રોમાં સહયોગ બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોનો એક મહત્વપૂર્ણ ભાગ છે. દ્વિપક્ષીય રોકાણ સંધિ પર વાટાઘાટો આગળ વધવાથી બંને દેશો વચ્ચે રોકાણ અને આર્થિક સહયોગ માટે પરસ્પર સ્વીકાર્ય માળખું સ્થાપિત થશે.

## "ભાજપ દા નારા, નશા મુકાના સારા" : પંજાબમાં ડ્રગ્સના દુરૂપયોગ સામે ભાજપનું રાજ્યવ્યાપી અભિયાન

### ભારતીય જનતા પાર્ટી ૧૮ સપ્ટેમ્બરથી ચાર "ડ્રગ-મુક્ત પંજાબ યાત્રાઓ" શરૂ કરશે

ચંડીગઢ,

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ પંજાબમાં ડ્રગ્સના દુરૂપયોગ સામે રાજ્યવ્યાપી એક મોટા અભિયાનની જાહેરાત કરી છે. પાર્ટી ૧૮ સપ્ટેમ્બરથી ચાર "ડ્રગ-મુક્ત પંજાબ યાત્રાઓ" શરૂ કરશે. આ યાત્રાઓ રાજ્યના તમામ ૧૧૭ વિધાનસભા મતવિસ્તારોમાં લોકોને એકત્ર કરશે અને ડ્રગ્સના દુરૂપયોગ સામેની લડાઈને વ્યાપક જન આંદોલનમાં પરિવર્તિત કરશે.

પંજાબ ભાજપે આ ઝુંબેશનું સૂત્ર "ભાજપ દા નારા, નશા મુકાના સારા" રાખ્યું છે. આ જાહેરાત પંજાબ ભાજપ પ્રદેશ પ્રમુખ કેવલ સિંહ ધિલ્લોન દ્વારા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મનપ્રીત સિંહ બાદલ, ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ સુનીલ જાખડ, ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય અશ્વની શર્મા, રાજ્ય મહાસચિવ અને યાત્રા પ્રભારી રાજેશ બાઘા અને રાજ્ય મીડિયા વડા વિનીત જોશી પણ હાજર હતા.

ધિલ્લોને કહ્યું કે આ યાત્રા આજે પંજાબ સામે ત્રણ મુખ્ય પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરશેઃ માદક દ્રવ્યોનું વ્યસન વધવું, કાયદો અને વ્યવસ્થા બગડવી અને વહીવટના દરેક સ્તરે ભ્રષ્ટાચાર, તાલુકા અને પોલીસ સ્ટેશનથી લઈને મુખ્યમંત્રી કાર્યાલય સુધી. તેમણે જણાવ્યું કે આ યાત્રા ફક્ત માદક દ્રવ્યોના દુરૂપયોગ સામે જાગૃતિ અભિયાન નથી, પરંતુ પંજાબીયત, આપણી સંસ્કૃતિ, મૂલ્યો, હિંમત અને ગુરુઓની ભૂમિની ભવ્ય ઓળખ માટે માદક દ્રવ્યોના ગંભીર ખતરાનો સામનો કરવાનો પ્રયાસ છે.

ભાજપ નેતાના મતે, માદક દ્રવ્યોનું સંકટ પરિવારોને તોડી રહ્યું છે, ખાસ કરીને માતાઓ અને બહેનોને ભારે દુઃખ પહોંચાડી રહ્યું છે. પંજાબના યુવાનો, જે પરંપરાગત રીતે સશસ્ત્ર દળો, રમતગમત અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાન માટે જાણીતા છે, તેમને માદક દ્રવ્યોના વ્યસનમાં ધકેલી દેવામાં આવી રહ્યા છે. આ ગુના, હિંસા અને ગેંગ સંબંધિત પ્રવૃત્તિઓને વેગ આપે છે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડે છે.

ધિલ્લોને જણાવ્યું હતું કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન ૧૮મી સપ્ટેમ્બરે એકતા સ્થળ, માધોપુર, સુજાનપુર, જિલ્લા પઠાણકોટથી પ્રથમ યાત્રાને ફ્લેગ ઓફ કરશે. તે સુજાનપુર, પઠાણકોટ, ભોઆ, દીનાનગર, ગુરદાસપુર, કાદિયાન, શ્રી હરગોબિંદપુર, બટાલા, ફતેહગઢ ચુરિયા, ડેરા બાબા નાનક, અજનલા, રાજા સાંસી, અટારી, અમૃતસર પશ્ચિમ, અમૃતસર મધ્ય, અમૃતસર દક્ષિણ, અમૃતસર, ઉત્તર બાબા, તરજીત, બાબા, ઉત્તર, તરજીત, બાબા, દક્ષિણ, તરજીત, બટાલા વિધાનસભા ક્ષેત્રોમાંથી પસાર થશે. તરણ, ખડૂર સાહિબ, ખેમકરણ, પટ્ટી, ફિરોઝપુર સિટી, ગુરુ હરસહાય, ફિરોઝપુર ગ્રામીણ, ઝીરા, સુલતાનપુર લોધી, ભોલાથ, નાકોદર, શાહકોટ અને જાલંધર કેન્ટમાં સમાપન કરતા પહેલા.

## હુથીઓએ યમનના ૨,૬૦૦ ચોરસ કિલોમીટર પર કબજો કર્યો; બાબ અલ-મંડેબ બંધ થઈ શકે છે

સનાઆ,

: યમનના હુથી બળવાખોરોએ છેલ્લા કેટલાક દિવસોમાં સાઉદી સમર્થિત દળો સામે ઝડપી પ્રગતિ કરી છે. તેમણે બંદર શહેર મોખા પર કબજો કર્યો છે, દરિયાકાંઠાના વિસ્તારોમાં આગળ વધી રહ્યા છે અને પશ્ચિમ યમનના ૨,૬૦૦ ચોરસ કિલોમીટર પર નિયંત્રણ મેળવ્યું છે. હુથીઓ લાલ સમુદ્રના કિનારાના વિસ્તાર પર નિયંત્રણ ધરાવે છે. તેઓ ગમે ત્યારે બાબ અલ-મંડેબ બંધ કરી શકે છે, જે સાઉદી અરેબિયાની પરિસ્થિતિને વધુ જટિલ બનાવશે. ઈરાન દ્વારા પૂરા પાડવામાં આવેલા શસ્ત્રોએ હુથીઓ માટે આ મોટી "વિજય"માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે.



હુથીઓએ યેમેનના દળો પર હુમલો કર્યો, પશ્ચિમી તાઈઝ અને દક્ષિણ અલ-હુદાયદાહ પ્રાંતોને નિશાન બનાવ્યા, અને ઘણા જિલ્લાઓમાં આગળ વધ્યા. તાજેતરના વર્ષોની લડાઈમાં પ્રાદેશિક લાભમાં આ સૌથી મોટો ફેરફાર છે. સરકાર અને રાષ્ટ્રીય પ્રતિકાર દળો (તારિક સાલેહના સૈનિકો) મુખ્ય સ્થાનો છોડીને અદન તરફ પીછેહઠ કરી રહ્યા છે. યમનની સેના પાસેથી હૌતીઓએ જે સ્થળો કબજે કર્યા છે તેમાં હેયસ, અલ-ખૌખા, અલ-વાજિયા, મોખા અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ખાલિદ ઈબ્ને અલ-વલીદ લશ્કરી શિબિરનો સમાવેશ થાય છે. યમનના સરકારી સૂત્રોએ અહેવાલ આપ્યો છે કે હુતી લડવૈયાઓ હવે બાબ અલ-મંડેબ સ્ટ્રેટના મુખ પર સ્થિત પેરીમ ટાપુ પર પહોંચી ગયા છે.

આ યુદ્ધક્ષેત્રની પ્રગતિ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ શિપિંગ માર્ગોમાંથી એક, બાબ અલ-મંડેબ પર હુતી બળવાખોરોના નિયંત્રણને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે. હુતીઓ હવે બાબ અલ-મંડેબ સ્ટ્રેટને બંધ કરી શકે છે કારણ કે તેઓએ યમનના સમગ્ર લાલ સમુદ્ર કિનારા પર કબજો કરી લીધો છે.હુતી હુમલો સાઉદીઃ સાઉદી અરેબિયા પાકિસ્તાન પર આધાર રાખતું હતું, પરંતુ હુતીઓએ તેમની ભાડૂતી સેનાને તેમનું સ્થાન બતાવ્યું!

રોઈટર્સે યમનની સરકાર, ઈરાની અને પ્રાદેશિક સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે ઈરાને ગયા અઠવાડિયે હુતીઓને સાઉદી અરેબિયા પર હુમલાઓ વધુ તીવ્ર બનાવવા સૂચના આપી હતી અને વધારાના ભંડોળ, શસ્ત્રો અને વરિષ્ઠ અધિકારીઓનું વચન આપ્યું હતું.

# પ્લાસ્ટિકના ધંધાના નામે બેડી યાર્ડના વેપારી સાથે રૂા.૧.૬૩ કરોડની ઠગાઈ




રાજકોટ : રણછોડનગર શેરી નં.૧૦માં રહેતા અને બેડી માર્કેટ યાર્ડમાં કામનાથ ટ્રેડિંગ નામની પોતાની જ પેઢીમાં મહેતાજી તરીકે કામ કરતા જીગરભાઇ સોરઠીયા (ઉ.વ.૩૨) સાથે પ્લાસ્ટિકના ધંધામાં ભાગીદારી કરી આરોપી રાકેશ પુખરાજ માંડોત (રહે. ગોવર્ધન સ્કાયલાઇન, પાલ વિસ્તાર, સુરત)એ રૂા.૧.૬૩ કરોડની છેતરપિંડી કર્યાની કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે.

ફરિયાદમાં જીગરભાઇએ જણાવ્યું છે કે, આરોપી વેદાંત ઇક્કોપ્લાસ્ટ નામની પેઢી ધરાવે છે. જેમાં પ્લાસ્ટિકના રો-મટિરિયલનો વેપાર કરે છે. આરોપી સાથે દોઢેક વર્ષ પહેલા પરિચય થતાં વેપાર શરૂ કર્યો હતો. ઓગસ્ટ ૨૦૨૫માં આરોપીએ કોલ કરી તેની પેઢીનાં જીએસટીમાં પ્રોબ્લમ હોવાનું કહી તેનો નિવેડો ન આવે ત્યાં સુધી પેઢીના નામના બિલ નહીં બનાવવા કહ્યું હતું.

એટલું જ નહીં આ સમય દરમિયાન તમામ વહીવટ તેની પત્ની રિંકલબેન જૈન અને માતા વિમળાબેનના ખાતામાં કરવાનું કહ્યું હતું. જેથી આરોપીની માતાના ખાતામાં પ્લાસ્ટિકના રો-મટિરિયલની ખરીદી માટે રૂા.૧.૩૭ કરોડ જમા કરાવ્યા હતા. જેમાંથી આરોપીએ રૂા.૩૯.૪૨ લાખનો હિસાબ જ આપ્યો હતો. આરોપીની પત્નીના ખાતામાં રૂા.૪૪.૧૬ લાખ જમા કરાવ્યા હતા. જેમાંથી આરોપીએ રૂા.૨૪ લાખનો હિસાબ આપ્યો હતો.

આ ઉપરાંત આરોપીના બેંક ખાતામાં રૂા.૧૩.૨૦ લાખ જમા કરાવ્યા હતા. આંગડીયા મારફત રૂા.૩૪ લાખ મોકલ્યા હતા. જેની સામે આરોપીએ રૂા.૨.૫૦ લાખનો જ હિસાબ આપ્યો હતો. આ રીતે આરોપીને કુલ રૂા.૨.૨૯ કરોડ આપ્યા હતા. જેમાંથી માત્ર રૂા.૬૫.૯૨ લાખનો જ હિસાબ આપ્યો હતો. અવારનવાર હિસાબની માગણી કરાતા આરોપી શેરબજારમાં રૂપિયા હારી ગયાનું બહાનું બતાવી થોડા દિવસમાં રકમ આપી દેવાનું કહેતો હતો.પરંતુ આજ સુધી રકમ પરત નહીં આપતા ક્રાઇમ બ્રાંચમાં અરજી કરી હતી. તે વખતે આરોપીએ થોડા દિવસોમાં રકમ આપી દેવાની વાત કર્યા બાદ રકમ નહીં આપતા આખરે ફરિયાદ નોંધાવી હતી.

# ગોંડલના ખાનગી મેળામાં હત્યાના પાંચ આરોપી બે દિવસ રિમાન્ડ પર




ગોંડલ : ગોંડલમાં ખાનગી આઈકોનિક મેળામાં છબીના સ્ટોલ ધારક સાથે માથાકૂટ કરી હત્યા નીપજાવાયાના બનાવમાં પોલીસે મુખ્ય આરોપી સહિત પાંચને પકડી બનાવના સ્થળે રિકન્ટ્રક્શન કરાવી અદાલતમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મંજૂર પર લીધા છે. આ પ્રકરણમાં કુલ દસ શખ્સોની સંડોવણી ખૂલી છે, જેમા પાંચ સગીરોનો સમાવેશ થાય છે.

ગોંડલમાં બુધવારની રાતે આઈકોનીક મેળામાં ફોટોફ્રેમ તથા છબીઓનો સ્ટોલ લગાવી વેપાર કરી રહેલા યુપીનાં રમાશંકર ઉર્ફે દિપક બરમનની છરીનાં ઘા મારી કરપીણ હત્યા કરાયાની ઘટનામાં પીઆઈ.જી.એસ. ગઢવીએ બનાવની રાત્રે જ મુખ્ય આરોપી રાહુલ ડોડીયા તથા મદદગારી કરનારા તેના સાગરીતો સમીર સુમરા, અલ્ફાક શેખ, નવાજ દોઢીયા અને અસફાક જુનેજાને ઝડપી લઇ આકરી સરભરા કરી હતી. બાદમાં આ શખ્સોને પાંચ દિવસના રિમાન્ડની માગણી સાથે અદાલત સમક્ષ રજુ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપીઓની પૂછપરછમાં હત્યાની ઘટનામાં અન્ય પાંચ સગીર સામેલ હોવાનુ પણ બહાર આવતા પોલીસે ચાર સગીરને સકંજામાં લીધા છે, જ્યારે એક નાસી છુટયો હોવાથી તેની શોધખોળ શરુ કરી છે.

આ ઘટના બાદ મેળામાં સુરક્ષા અને પ્રાથમિક સુવિધાઓનો મોટો અભાવ સામે આવતા ગોંડલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલાએ રાજકોટ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરીને મેજિસ્ટ્રેટ તપાસની માંગ કરી છે. તેણે જણાવ્યા મુજબ, ઘટના બન્યા બાદ ગંભીર રીતે ઘવાયેલા દીપકને એક સ્થાનિક નાગરિકે પોતાના એક્ટિવા મોટરસાયકલ પર બેસાડીને હોસ્પિટલ પહોંચાડવો પડયો હતો. જો મેળામાં મંજૂરીની શરતો મુજબ સ્ટેન્ડબાય એમ્બ્યુલન્સ હોત તો સમયસર સારવાર મળવાથી કદાચ તેનો જીવ બચી શક્યો હોત. મેળામાં મોટી દૂર્ઘટના કે અકસ્માત સમયે પ્રાથમિક સારવાર માટે સરકારી કે ખાનગી એમ્બ્યુલન્સ અથવા મેડિકલ કોઈ જ ટીમ હાજર નહોતી. મેળા જેવા સંવેદનશીલ સ્થળે અસમાજિક તત્ત્વો છરી જેવા ધારદાર હથિયારો સાથે મુક્તપણે પ્રવેશી શક્યા તે દર્શાવે છે કે ખાનગી મેળાના પ્રવેશદ્વાર પર કોઈ મેટલ ડિટેક્ટર કે યોગ્ય સિક્યોરિટી ચકાસણી કરવામાં આવતી નહોતી.

# બહેનપણીના ઘરમાં ચોરી કરનાર મહિલાની ધરપકડ

## ચા પીવાનાં બહાને આવી મોકો જોઈ ૬.૫૦ લાખના દાગીના ચોર્યા'તા, પોલીસે મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ:રાજકોટ શહેરમાં મિત્રતાના પવિત્ર સંબંધને કલંકિત કરતી ઘટના સામે આવી છે. આજી ડેમ ચોક નજીક પીઠડ આઈ સોસાયટીમાં રહેતી પરિણીતાના ઘરે ચા પીવાના બહાને પહોંચેલી નાનપણની બહેનપણીએ મોકો જોઈ કબાટમાંથી ?૬.૫૦ લાખના દાગીના ચોરી લીધા હતા. આ મામલે ફરિયાદ નોંધાતા આજીડેમ પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી મહિલાને ઝડપી પાડી હતી. પોલીસ પૂછપરછમાં આરોપી મહિલાએ અન્ય બે બહેનપણીઓના ઘરે પણ હાથફેરો કર્યો હોવાનો ઘટસ્ફોટ થતાં પોલીસે કુલ ત્રણ ચોરીનો ભેદ ઉકેલી ?૧૫.૩૨ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

પોલીસ ફરિયાદ અનુસાર, પીઠડ આઈ સોસાયટીમાં રહેતા ભાવનાબેન ભીમજીભાઈ ચૌહાણના ઘરે ગત ૧૭ ઓગસ્ટે તેમની નાનપણની બહેનપણી કાજલ દિપકભાઈ વાઘેલા (ઉં.વ. ૨૯) આવી હતી. ભાવનાબેને તેને બેઠક રૂમમાં બેસાડી હતી. કાજલે ચા પીવાની ઈચ્છા વ્યક્ત કરતાં ઘરમાં દૂધ ન હોવાથી ભાવનાબેન નજીકની દુકાને દૂધ લેવા ગયા હતા. તેઓ પરત આવ્યા ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. દરવાજો ખખડાવતાં કાજલે "હું કપડાં બદલાવું છું, થોડી વાર લાગશે" તેવો બહાનો બનાવ્યો હતો. જેથી ભાવનાબેન રસોડામાં ચા બનાવવા ચાલ્યા ગયા હતા. થોડીવાર બાદ કાજલ બહાર આવી, બંનેએ સાથે ચા પીધી અને ભાવનાબેનના પતિ ઘરે આવતાં કાજલ પોતાના ઘરે જવાનું કહી નીકળી ગઈ હતી.ગત ૩૦ ઓગસ્ટના રોજ ભાવનાબેનની ભત્રીજીની સગાઈનો પ્રસંગ હોવાથી તેમણે પહેરવા માટે સોનાનો હાર લેવા કબાટ ખોલ્યો હતો. જોકે, કબાટમાં સોનાનો હાર ગાયબ જણાતાં સમગ્ર ઘરમાં શોધખોળ હાથ ધરાઈ હતી, પરંતુ ક્યાંય પત્તો લાગ્યો નહોતો. દરમિયાન ભાવનાબેને અંગત તપાસ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે કાજલે આ અગાઉ કાથરોટા ગામે રહેતી તેમની અન્ય બહેનપણી વૈશાલી મકવાણાના ઘરેથી તેમજ અન્ય એક બહેનપણી મનીષા સારદીયાના ફઈના ઘરેથી પણ આવી જ રીતે સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી. આથી પોતાની સાથે થયેલી છેતરપિંડી અંગે ભાવનાબેને આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આજીડેમ પોલીસ મથકના સ્ટાફે ત્વરિત કાર્યવાહી કરી આરોપી કાજલ વાઘેલાને રાઉન્ડઅપ કરી કડક પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની પૂછપરછ સામે કાજલ ભાંગી પડી હતી અને તેણે ભાવનાબેનના ઘરેથી ?૬.૫૦ લાખના દાગીના ચોર્યા હોવાની કબૂલાત કરી હતી. વધુ તપાસમાં તેણે પોતાની અન્ય બે બહેનપણીઓના ઘરે પણ ચોરીને અંજામ આપ્યો હોવાનું સ્વીકાર્યું હતું. પોલીસે આજીડેમ વિસ્તારમાં નોંધાયેલા ત્રણેય અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી આરોપી કાજલ પાસેથી એક સોનાનો હાર, ત્રણ સોનાના ઢાળિયા, ચાંદીના સાંકળા અને સોનાની સરવાળી બુટ્ટી સહિત કુલ ?૧૫,૩૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# ૫૦ ઈ-મેમો વાળા ૪૮ વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ

રાજકોટ:રાજકોટ RTO કચેરીમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૫૦થી વધુ ઈ મેમો ફટકારવામાં આવ્યો હોય તેવા ૨૫૦ વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા શહેર ટ્રાફિક પોલીસે તેનું લિસ્ટ RTO કચેરીને આપ્યું છે. જોકે તેમાંથી RTO કચેરી ૬ માસમાં માત્ર ૫૦ વાહન ચાલકોના જ લાયસન્સ સસ્પેન્ડ કરી શક્યું છે.

રોંગ સાઈડ ડ્રાઈવિંગ, સીટબેલ્ટ કે હેલ્મેટ પહેર્યા વિના વાહન ચલાવવું, ઓવર સ્પીડ સહિતના કેસોમાં વાહન ચાલકોને ઈ મેમો મળ્યા હોવાનું સામે આવ્યું છે. જેથી તેમના લાયસન્સ ૩ માસ માટે સસ્પેન્ડ કરાયા છે.

રાજકોટ RTO ના આસિસ્ટન્ટ રિજિયોનલ ટ્રાન્સપોર્ટ ઑફિસર આર.એમ. રાવલિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ સિટી ટ્રાફિક શાખા દ્વારા જેટલા-જેટલા વાહન ચાલકોને વારંવાર ગુનાહિત પ્રવૃત્તિ કરતા હોય મોટર વ્હિકલને લગતી અથવા તો વધુ મેમો આવેલા હોય એ તમામનું લિસ્ટ અમને સોંપેલું છે. લગભગ આવા ૨૫૦ જેટલા નામો અમને સોંપ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા આ તમામના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટેનો પત્ર લખવામાં આવ્યો હતો.

આ વાહનચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટેની પ્રક્રિયા ચાલુ છે. લાયસન્સ સસ્પેન્ડ કરવાની પ્રોસેસમાં સૌ પ્રથમ જે - તે વાહન ચાલકોને નોટિસ બજાવી અને એમને લેખિત અથવા તો મૌખિક ખુલાસા માટે રજૂઆતનો એક મોકો આપીએ છીએ. જે બાદ એ રજૂઆત માટે આવે છે. ત્યારબાદ અમારા દ્વારા લાયસન્સ સસ્પેન્ડ કરવાનો આખરી હુકમ કરવામાં આવે છે. હાલમાં જ્યારે લગભગ માર્ચ કે એપ્રિલ મહિનામાં અમને આ લિસ્ટ સોંપવામાં આવ્યું છે તો એ તમામને અમે નોટિસ બજાવી દીધી છે. બધા જ જેટલા લાયસન્સધારકો છે એમને નોટિસ જેવી રીતે મળે છે એ લોકો આવે છે.

# ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાવ્યાનો ખાર રાખી સરપંચ પર ટોળા દ્વારા હુમલો



રાજકોટ : મોરબી રોડ પરના ખોડીયાર પાર્ક શેરી નં.૧માં રહેતા અને છેલ્લા પાંચ વર્ષથી જાલસીકા-વસુંધરા ગામ જુથ પંચાયતના સરપંચ તરીકે ફરજ બજાવતા ધીરૂભાઇ કરશનભાઇ ડાંગર (ઉ.વ.૬૫)એ કેટલાક શખ્સોની ગેરકાયદે પ્રવૃતિઓ અટકાવી રજૂઆતો કરતા તેમની ઉપર પૂર્વયોજીત કાવતરૂ રચી ટોળાંએ હુમલો કર્યો હતો. જેમાં તેમના બંને પગ ભાંગી ગયા હતા.

એરપોર્ટ પોલીસે તેમની ફરિયાદના આધારે આરોપીઓ પ્રવીણ જેહાભાઇ સરૈયા, અનિલ રેવાભાઇ સરૈયા, વિપુલ જેહાભાઇ સરૈયા, શૈલેષ રેવાભાઇ સરૈયા, વિક્રમ રેવાભાઇ સરૈયા, જગદીશ સામતભાઇ સરૈયા અને અજાણ્યા છથી સાત શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

મૂળ વાંકાનેરના જાલસીકા ગામના ધીરૂભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે, ૩થી ૪ વર્ષ પહેલા વસુંધરા ગામમાં ગેરકાયદે ખનન અને ભરડીયા અંગે કલેક્ટર સહિતના તંત્રોને ફરિયાદ કરી હતી. જેના પગલે મામલતદારે પત્થરની ખાણો પર રેડ કરી હતી.

આ ઉપરાંત રેવાભાઇના પુત્ર હરેશની પત્નીએ ગ્રામ પંચાયતના ખોટા લેટરપેડ બનાવી તેમાં તેમની અને અન્યોની સહીઓ કરી સહકારી મંડળી ચાલુ કરી હતી. જે અંગે જિલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં રજૂઆત કરી હતી. થોડા સમય પહેલા રેવાભાઇના પુત્ર નવઘણે એસટી ઉમેદવાર તરીકે નોકરી મેળવી હતી. જે પ્રકરણની તપાસ હાલ ચાલું છે.

તે વખતે રેવાભાઇના પુત્ર સુરેશ અને તેના સમાજના આગેવાનોએ તેમને મળી પોતાના ગેરકાયદે ધંધામાં આડા નહી આવવા અન્યથા ગમે ત્યારે મારી નાંખીશું તેવી ધમકી આપી હતી. રેવાભાઇએ ગેરકાયદે દબાણ કરી હોટલ બનાવી લીધી હતી. જ્યાં આવારા તત્વો અને ખનીજ ચોરો અધિકારીઓની વોચ રાખતા હતા. જેથી આ અંગે પણ કલેક્ટર સહિતના તંત્રોને રજૂઆતો કરી હતી. જેના પગલે મામલતદારે દબાણ ખસેડવા હુકમ કર્યો હતો.

આ જ કારણથી આરોપીઓએ તેની રેકી શરૂ કરી દીધી હતી. ગઇ તા.૯ના રોજ ઘરેથી નિકળ્યા બાદ જુદા-જુદા કામ પતાવી એક્ટિવા લઇ જતા હતા ત્યારે એરપોર્ટ ત્રણ રસ્તા તરફથી ધસી આવેલી ઇકો કાર તેમના વાહન સાથે અથડાવાતા એક્ટિવામાંથી નીચે પડી ગયા હતા. તે સાથે જ બીજી ગાડી પણ આવી પહોંચી હતી. જેમાંથી ઉતરેલા આરોપીઓએ તેમની ઉપર ધોકા-પાઇપ વડે હુમલો કર્યો હતો.

આરોપીઓ એમ પણ બોલતા હતા કે, અમારા કુટુંબીજનો વિરુદ્ધ અરજીઓ કરી ખોટા ધંધા કરવા દેતા નથી. આરોપીઓ હુમલો કરતા હતા તે વખતે એરપોર્ટ ત્રણ રસ્તા પરથી આવતા બાઇકની લાઇટ દેખાતા આરોપીઓ ભાગવા લાગ્યા હતા. જતા-જતા કહ્યું કે, આજે બાઇક આવ્યું એટલે બચી ગયો છો, હવે મોકો મળે ત્યારે તને જાનથી મારી નાખવો છે.

# ૧૫ લાખની લોન લેવાના ચક્કરમાં ૧૩ લાખ ગુમાવ્યા

## ફેસબુક પર જાહેરાત જોઈને ક્લિક કરતા વેપારી ફસાયો, સાયબર ગઠીયાએ વિવિધ ચાર્જના નામે પૈસા પડાવ્યા



રાજકોટ:રાજકોટના યાજ્ઞિક રોડ પર આવેલ જાગનાથ પ્લોટમાં રહેતા અને વાંકાનેર ખાતે કાપડનો વેપાર કરતા રિષભ સંઘવીને ૧૫ લાખની લોન લેવાના ચક્કરમાં ૧૩ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. ફરિયાદીએ ફેસબુક પર લોનની જાહેરાત જોઈ તેમાં ક્લિક કરતા સાયબર ગઠિયાઓએ રિલાયન્સ અને ધાની ફાયનાન્સના નામે પ્રોસેસિંગ ફી, ્જી્, ્ફ્જી અને અલગ-અલગ ચાર્જીસ પેટે ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. જોકે, બાદમાં તેની સાથે છેતરપિંડી થયાની જાણ થતા તાત્કાલિક ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

યાજ્ઞિક રોડ પર જાગનાથ પ્લોટમાં રહેતા અને વાંકાનેર મેઈન બજારમાં કાપડનો વેપાર કરતા રિષભભાઈ સંઘવીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૧.૦૮.૨૦૨૬ના રોજ તેઓ પોતાના ફેસબુક એકાઉન્ટમાં રીલ્સ જોઈ રહ્યા હતા. તે સમયે તેમની સામે 'રિલાયન્સ ફાઈનાન્સ' અને 'ધાની ફાયનાન્સ' નામથી સરળ હપ્તેથી લોન આપવાની જાહેરાત આવી હતી. વેપારીને બિઝનેસ માટે પૈસાની જરૂરિયાત હોય તેમણે 'એપ્લાય લોન' બટન પર ક્લિક કર્યું હતું. તેના બીજા જ દિવસે એટલે કે તા.૨૨ ઓગસ્ટના રોજ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો અને સામેની વ્યક્તિએ પોતાની ઓળખ રિલાયન્સ ફાઇનાન્સના પ્રતિનિધિ 'સંતોષ નાયર' તરીકે આપી હતી.ફરિયાદીએ ૧૫ લાખની લોનની જરૂરિયાત હોવાનું કહેતા ઠગે પ્રોસેસિંગ ફી પેટે ૮,૫૦૦ QR કોડ મારફતે ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ એગ્રીમેન્ટ અને સ્ટેમ્પ ડ્યુટીના ૧૨,૫૦૦, ઈન્સ્યોરન્સ ચાર્જના ૧૮,૯૦૦, GSTના ૨૮,૫૦૦ અને રિઝર્વ બેંકના કોમર્શિયલ ટેક્સ ચાર્જ પેટે ૪૨,૫૦૦ ચૂકવવાનું કહી રૂપિયા પડાવ્યા હતા. આટલેથી ન અટકતા બીજા દિવસે તા.૨૩ ઓગસ્ટના રોજ TDS ચાર્જના ૫૨,૫૦૦ તથા ફ્રીઝ ચાર્જના ૬૫,૦૦૦ પણ રિયા દાસ નામના UPI ઊંઈ કોડમાં ભરાવ્યા હતા.

આ પછી તા.૨૪ ઓગસ્ટના રોજ અન્ય મોબાઈલ નંબર પરથી 'અભિષેક મંડલ' નામના શખ્સે ફોન કરી પોતાની ઓળખ ધાની ફાયનાન્સના કર્મચારી તરીકે આપી હતી. તેણે પણ ૧૫ લાખની લોન મંજૂર થઈ હોવાનું કહી પ્રોસેસિંગ, લીગલ અને TDS ચાર્જ પેટે ૨૧,૨૪૦ ઓનલાઈન મેળવી લીધા હતા. ત્યારબાદ ૨૫ ઓગસ્ટના રોજ એક સ્ટેટમાંથી બીજા સ્ટેટમાં ફંડ ટ્રાન્સફર ચાર્જના ૫૬,૫૦૦ ફરિયાદીના મિત્ર સાવન પટેલના SBI એકાઉન્ટમાંથી તેમજ ૫૫,૨૫૦ ફરિયાદીની પત્ની પૂજાબેનના એક્સિસ બેંકના એકાઉન્ટમાંથી મેળવ્યા હતા.ત્યારબાદ EMI, હોલ્ડ રિલીઝ ચાર્જ, ડિજિટલ સિગ્નેચર અને ઓટો-પે ચાર્જના બહાને ફેડરલ બેંક, પીએનબી, બેંક ઓફ મહારાષ્ટ્ર અને પંજાબ એન્ડ સિંધ બેંકના એકાઉન્ટમાં કુલ ૯,૩૩,૪૦૪ રિલાયન્સ ફાયનાન્સના નામે અને ૩,૬૭,૬૦૮ ધાની ફાયનાન્સના નામે ટ્રાન્સફર કરાવી લીધા હતા. આમ તા.૨૧ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ દરમિયાન આરોપીઓએ ફરિયાદી પાસેથી અલગ-અલગ બહાને કુલ ૧૩,૦૧,૦૧૨ ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં આરોપીઓએ લોન કેન્સિલેશન અને રિફંડેબલ ચાર્જના નામે વધુ પૈસાની માગણી કરતા ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. જેથી, તેમણે તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોગસ પેઢી બનાવીને બેંક એકાઉન્ટ ખોલ્યું, બે શખસની ધરપકડ

## ૫૦% કમિશનની લાલચ ભારે પડી, મ્યુલ એકાઉન્ટમાં ૧.૭૩ કરોડના ટ્રાન્ઝેકશનની તપાસ શરૂ

રાજકોટ:રાજકોટમાં રહેતા બે મિત્રોને ૫૦% કમિશનની લાલચમાં બોગસ પેઢી બનાવવી ભારે પડી છે. કારણ કે રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા બોગસ પેઢીના આધારે તેનું બેન્ક એકાઉન્ટ ખોલી અને ભાડે આપી દેનાર રાજકોટના બે શખ્સની ધરપકડ કરી. બોગસ પેઢી ખોલવા સલાહ આપનાર અને તેનું એકાઉન્ટ ઓપરેટ કરનાર શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસમાં આ મ્યુલ એકાઉન્ટમાં કુલ રૂ.૧.૭૩ કરોડના ટ્રાન્ઝેક્શન થયાનું સામે આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ICICI બેંકમાં આવેલ 'મેસર્સ હનુમંત ઓર્ગેનિક ટ્રેડિંગ પ્રા.લી.' નામની પેઢીના ખાતામાં શંકાસ્પદ રીતે સાયબર ફ્રોડના રૂ.૧.૭૩ કરોડ જમા થયા હતા. આ બાબતે સાયબર ક્રાઇમ હેડ કોન્સ્ટેબલ હર્ષરાજસિંહ જાડેજાએ તપાસ હાથ ધરી બેંક ખાતાના બે ધારકો દીપક જેરામ ગઢીયા અને નિતિન રાજેશ ચક્રવર્તીની પૂછપરછ કરવામાં આવતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. પોલીસ પુછપરછમાં આરોપીઓએ કબૂલાત આપી હતી કે દોઢ મહિના પહેલાં તેમના મિત્ર કિશન રામાણીએ શૈલેષ અમરશી લુણાગરીયા સાથે તેમની મુલાકાત કરાવી હતી.મુલાકાત દરમિયાન શૈલેષે તેમને કમિશનની લાલચ આપીને જણાવ્યું હતું કે, ખોટી પેઢી બનાવી તેનું ખાતું ખોલાવવાનું છે. ખાતામાં જમા થનાર પૈસાના ટ્રાન્ઝેક્શન પર મળનારા કમિશનના ૫૦% શૈલેષ રાખશે અને બાકીના ૫૦% તે બંનેને આપશે. પૈસાની જરૂરિયાત હોવાથી દીપક અને નિતિને ભક્તિનગર સ્ટેશન પ્લોટનું સરનામું દર્શાવીને બોગસ પેઢી ઊભી કરી હતી. આ પછી એકાઉન્ટ ખુલ્યા બાદ પાસબૂક, એટીએમ કાર્ડ, નેટ બેંકિંગ અને પાસવર્ડ શૈલેષને સોંપી દીધા હતા. ત્યારબાદ ઓગસ્ટમાં શૈલેષે અમદાવાદની એક હોટલમાં અન્ય પાર્ટી સાથે પણ તેમની મુલાકાત કરાવી હતી.

જોકે, કમિશનની લાલચે ખોટું એકાઉન્ટ ખોલાવનારા દીપક અને નિતિનને આજદિન સુધી શૈલેષે કમિશનની કોઈ રકમ આપી ન હોવાનું સામે આવ્યું છે. જેથી હાલ સાયબર ક્રાઇમ પોલીસે આરોપી શૈલેષની શોધોખોળ હાથ ધરી છે. અને આ મ્યુલ એકાઉન્ટ દ્વારા ખરેખર કુલ કેટલી રકમનું કૌભાંડ આચરવામાં આવ્યું છે અને અન્ય કેટલા લોકો સામેલ છે તે દિશામાં પણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોચી બજારમાં તસ્કરો ત્રાટકયા : ઘરમાં ઘૂસી રૂ.૫૪ હજારની મત્તાની ચોરી

રાજકોટ:મોચી બજાર ખાડા પાસે રાત્રીના તસ્કર ત્રાટક્યો હતો. ઘરમાં ઘૂસી મોબાઈલ ફોન અને રૂ.૧૭ હજાર રોકડ સહિત રૂ.૫૪ હજારની મત્તાની ચોરી કરી ગયો હતો. જે અંગે યુવતીએ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે કોમલબેન દીનેશભાઈ જરીયા (રહે. મોચી બજારનો ખાડો પોસ્ટ ઓફીસની બાજુમાં) દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે માતા પારૂલબેન સાથે રહે છે. અને ઈમીટેશનની મજુરી કામ કરે છે. પિતાનું ૧૫ વર્ષ પહેલા અવસાન થયુ છે. તેમના માતાએ દરરોજની જેમ તેમના ઓશીકાની બાજુમા તેમનો મોબાઈલ રાખ્યો હતો.

યુવતીએ નવો મોબાઈલ ખરીદવા માટે ભેગા કરેલા રૂ.૧૭૦૦૦ મારા માતાના મોબાઈલની બાજુમાં રાખી માતાને કહ્યું હતું કે, આ પૈસા સવારે તમે કબાટમાં મુકી દેજો. રાત્રીના સાડા ત્રણેક વાગ્યાની આસપાસ યુવતી વોશરૂમ જવા માટે ઘરમાંથી બહાર નીકળતા તેની માતાએ ગભરાયેલા અવાજમાં કહ્યું હતું કે, કોમલ જલ્દી બહાર આવ કોઈ અજાણ્યો વ્યક્તી સફેદ ટી-શર્ટવાળો આપણાં ઘરમાંથી નીકળી બહાર ગયો છે.જેથી યુવતીએ ઘરમાં જઈને કબાટ અને મોબાઈલની તપાસ કરવા લાગતા તેને માતાએ કહ્યું હતું કે, મેં ઓશીકાની બાજુમાં રાખેલ મારો મોબાઈલ અને તે રાખેલ પૈસા દેખાતા નથી. તુરંત જ યુવતી ઘરમાંથી બહાર આવી તે અજાણ્યા વ્યક્તી પાછળ જોવા ગયેલ પરંતુ તે કયાંય જોવા મળ્યો ન હતો. આમ રાત્રીના કોઈ અજાણ્યા શખસે ઘરમાં ઘૂસી રૂ.૩૭૦૦૦ ની કિંમતનો મોબાઈલ અને ઓશીકાની બાજુમાં રાખેલ રૂ. ૧૭૦૦૦ ચોરી કરી જતા આ અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાયબર ઠગે જસદણના કારખાનેદારને લીંક મોકલી ફોન હેક કરી લીધો

## સોશિયલ મીડિયા પર ક્રેડિટ કાર્ડની જાહેરાત જોઈ વિગતો ભરી અને ૧.૯૦ લાખ ગાયબ

જસદણ:જસદણમાં ક્રેડિટ કાર્ડ મેળવવા અને તેની લિમિટ વધારવાના નામે સાયબર માફિયાઓએ એક યુવા કારખાનેદારને નિશાન બનાવી રૂ. ૧.૯૦ લાખથી વધુની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. ભોગ બનનાર વેપારીએ સાયબર હેલ્પલાઈન સહિત પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ઘટના અંગે જસદણના ભગવાનપરા વિસ્તારમાં રહેતા અને જીઆઈડીસી સામે શ્રીજી ઈન્ડસ્ટ્રીઝ નામે થ્રેસર બનાવવાનું કારખાનું ધરાવતા જગદીશભાઈ અરજણભાઈ રાદડીયા (ઉં.વ. ૪૧) એ ફરિયાદ નોંધાવી હતી. ફેસબુક પર આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડિટ કાર્ડ એપ્લાય કરવાની એક જાહેરાત જોઈ તેમણે પોતાની વિગતો ભરી હતી.ત્યારબાદ ગઠિયાઓએ ફોન કરી પ્રોસેસ પૂર્ણ કરવાના બહાને બેંકના લોગો વાળી લિંક મોકલી હતી. આ લિંક ઓપન કરતાં જ વીડિયો કોલ શરૂ થઈ ગયો હતો અને થોડી વારમાં ફરિયાદીનો મોબાઈલ હેક થઈ જતાં વોટ્સએપ તથા મેસેજ બંધ થઈ ગયા હતા. અને બાદમાં ગઠિયાઓએ ફરિયાદીના ખાતામાંથી રૂ. ૯૪,૩૩૬ ઉપાડી લીધા હતા.

બાદમાં પૈસા પરત અપાવવાનું કહી ગઠિયાઓએ ફરી તેમને વિશ્વાસમાં લીધા હતા. ક્રેડિટ કાર્ડની લીમીટ વધારવાના બહાને ફરી ઠગે વેપારીને સાણસામાં લીધા બીજા દિવસે અન્ય ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના બહાને ફરી આવી જ રીતે લિંક મોકલી વધુ રૂ. ૯૬,૧૯૯ સેરવી લીધા હતા.

આમ, બે તબક્કામાં કુલ રૂ. ૧,૯૦,૫૩૫ ઉપડી ગયા બાદ પણ નાણાં પરત ન મળતાં પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં જગદીશભાઈએ તુરંત ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કરી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મોબાઈલ નંબર ૯૨૮૮૪૨૩૧૭૮, ૯૩૬૫૨૮૩૫૭૪, ૯૫૨૩૧૦૫૩૦૬ ધારક શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.